કુમાર

સંસ્થાપક · સ્વ. રવિશંકર મ. રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

વર્ષ સત્તાવનમું · અંક આઠમો · માહે ઑગસ્ટ · ઇસ્વી સન ઓગણીસસો ઍંશી

સળંગ ૬૮૦મો અંક


આદ્યતંત્રી
સ્વ. બચુભાઈ રાવત
તંત્રી · બિહારીલાલ ટાંક



વર્ષાનાં **નીર** · ચિત્રકાર : કનુ દેસાઈ



મત્સ્ય-લીલા • કલાકાર શાંતિ શાહનું મોઝેઈક. પાણીમાં સરતી માછલીઓની ચપળ ગતિ, પળેપળે પલટાતા તેમના દેહવળાંક અને તેમના દેહના આકાર અને વર્ણનું વૈવિધ્ય મોઝેઈક જેવા મર્યાદિત મોકળાશવાળા માધ્યમમાં ઉતારવું આસાન નથી. પણ અહીં કલાકારે તેમાં સફળતા મેળવી છે. (બ્લૉક • કલાકારના સૌજન્યથી)



કુમાર

ઑગસ્ટ ૧૯૮૦ · અંક ૬૮૦

આદ્યતંત્રી : બચુભાઈ રાવત — તંત્રી : બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે સ્હેજ નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત (મૅનેજર) - મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

અંજલિ-પત્રો

ગુજરાતની સંસ્કારિતાના એક વિધાયક ગયા!

'...ભાઈ બચુભાઈના એકાએક અવસાનના સમાચારથી શોક-સંવેગ રોકી શકાતો નથી. પાકી ઉમરે અને પુરુષાર્થ સિદ્ધ કરી તેઓ ગયા છે, એટલે નિયતિને કોઈ ફરિયાદ તો થઈ શકે નહિ. પણ સ્નેહ ઉમરને ગણતરીમાં લે, તો સ્નેહ નહિ. બચુભાઈની સેવાઓ ગુજરાતી સંસ્કારના, કેળવણીના અને સાહિત્યના ઇતિહાસમાં એક અમર ઘટના છે. દૃષ્ટિ, દક્ષતા, કૌશલ, મૂલ્યપરીક્ષા, ધ્યેયનિષ્ઠા વગેરે ગુણો જીવનના અંતિમ શ્વાસ સુધી તેમણે દાખવ્યા. 'વીર' શબ્દનું હીર આજે ઓછું થયું છે, નહિ તો કહું કે ગુજરાતની કિંવા દેશની સંસ્કૃતિ સેવાના એ વીર હતા. 'કુમાર' પાસે એમણે વિદ્યાપીઠનું કામ કરાવ્યું. ગુજરાત ભાઈ બચુભાઈ રાવતને કદાપિ ભૂલશે નહિ. અમારી મૈત્રી ૧૯૧૮થી શરૂ થઈ ને અમે પરસ્પર બન્ધુભાવ કેળવ્યો હતો. આશ્વાસન એ વાતનું છે કે બચુભાઈએ પોતાનું જીવન સાર્થક કરી બતાવ્યું.

(સૂરત) —વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

શનિવારની સાંજે બજારમાં ટહેલતો હતો ત્યાં એક દુકાનમાં 'જન્મભૂમિ' પડેલું જોયું. અમસ્તું જ નજર ફેરવવા હાથમાં લીધું તો પહેલા પાને મુ. બચુભાઈની તસ્વીર અને એમના અવસાનના સમાચાર!

આખરે અંત આવીને જ રહ્યો, એમ ને?

સ્વ. બચુભાઈ વિષે ઘણું લખી શકે એવા ઘણા માણસો હશે અને મને આશા છે કે હવે શ્રી વિનોદ ભટ્ટ પણ બચુભાઈ વિષેનો લેખ 'કુમાર'માં પ્રગટ કરી શકશે! અને એમ અનેક રીતે એમને અંજલિઓ અપાશે.

પણ નવા વાર્તાકારોની પેઢીઓ હવે બચુભાઈના ઘડતરથી વંચિત રહી જશે તેનો અફસોસ મોટો છે! મુ. બચુભાઈની લેખકને ઘડવાની રીત પોતાની આગવી કહી શકાય એવી હતી. અનોખી તો હતી જ! એ જેણે માણી હશે તે એમને કદી નહિ ભૂલી શકે.

મારી વાત કરું તો, હું જો થોડાઘણો ઘડાયેલો હોઉં તો, તેનો સંપૂર્ણ યશ બચુભાઈને જ આપવો રહ્યો! એમણે મારી લેખન-પ્રવૃત્તિની માવજત કરવામાં કશી કમી રાખી નથી. આમંત્રણો પણ મોકલ્યાં છે અને

> સ્વ. શ્રી બચુભાઈ રાવતની સંસ્કાર-સેવાને બિરદાવવા સાથે એમના અવસાન અંગે ચાહકો તથા વાચકો તરફની સહાનુભૂતિ ને આશ્વાસનના સંખ્યાબંધ પત્રો અમને મળ્યા છે. એ સૌને વ્યક્તિગત ઉત્તર લખવાનું બની શક્યું ન હોવાથી જાહેર આભાર માનીએ છીએ.

મંગાવેલી વાર્તા પાછી પણ મોકલી છે! ઠપકો પણ આપ્યો છે અને પીઠ પણ થાબડી છે!

અન્ય સામયિકોમાં પ્રગટ થએલી મારી વાર્તાઓ પણ એમણે વાંચીને તેને વિષે મને પોતાનો અભિપ્રાય લખ્યો છે! અરે, છાપામાં પ્રગટ થતી મારી નવલકથાઓના હપ્તા પણ એમણે વાંચીને તેને વિષે લખ્યું છે! 'કુમાર'માં પ્રગટ થએલી મારી વાર્તાઓ પાછી અન્યત્ર છપાએલી જોઈને તેનાં કટિંગ્સ મને મોકલ્યાં છે, ને તપાસ કરવા જણાવ્યું છે! જેટલી વાર્તાઓ એમણે પાછી મોકલી હશે તેટલાં જ પીળાં કાર્ડ વાર્તા મોકલવા માટેનાં પણ લખ્યાં હશે! તેથી જ, હજી ય એમ થાય છે કે, ક્યાંક ઉપર પણ બચુભાઈને વાર્તા મોકલી શકાતી હોય તો? પછી ભલે ને તે પાછી આવે!

(સાન્ટાક્રુઝ–પૂર્વ) —અશ્વિન દેસાઈ

'કુમાર'ના જુલાઈના અંકમાં ઉતાવળે તૈયાર કરવું પડ્યું હશે તેથી શ્રી બચુભાઈ વિષેનું લખાણ અપૂરતું અને ઉપરછલ્લું લાગે છે. હવે પછી તેમના વિષે અને શક્ય હોય તો તેમનું પોતાનું લખાણ પણ 'કુમાર'માં આપશો તો 'કુમાર'ના વાચકોને આનંદ થશે.* કોઈ લખાણ એમના પોતાના જ હસ્તાક્ષરમાં આપો તો વધુ સારું. એ નિઃશંક વાત છે કે 'કુમાર' અને બચુભાઈ એકબીજાના પર્યાય બની ગયા હતા. એમના વિનાનું 'કુમાર' કેવી રીતે કલ્પી શકાય? હવે જેમના હાથમાં ધુરા આવી છે તેઓએ ખૂબ જ જહેમત ઉઠાવવી પડશે.

ગુજરાતમાં સાહિત્ય, ચિત્ર, ફોટોગ્રાફી વગેરે ક્ષેત્રોમાં લોકોની સૌન્દર્યદૃષ્ટિ સૂઝ અને અભિરુચિ કેળવવાનું પાંચ-છ દાયકા સુધી અવિરત કાર્ય કરીને તેઓ ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાના મશાલચી બન્યા...બચુભાઈએ 'કુમાર'માં જે વૈવિધ્ય આપ્યું એ તેમની વિશાળ સમજ ને જ્ઞાનની ખાતરી આપે છે. ઋગ્વેદમાં ઉલ્લેખેલ વિચારના, જ્ઞાનના બધી બાજુથી આવતા પવનોને તેઓએ ઝીલ્યા હતા, એ જ્ઞાનને પચાવી જાણ્યું હતું. ગુજરાત એમના જવાથી સાંસ્કૃતિક ક્ષેત્રે નિર્ધન બન્યું છે.

(રાજકોટ) —નરેશ મ. માંકડ

* એ વિચાર છે જ.

તમારું મકાન તૂટતું જોઇને

ભગવતીકુમાર શર્મા

· શિખરિણી સૉનેટ ·

તમારું વીત્યું જ્યાં ગુલઝડી સમું શૈશવ હતું;
હશે સાહેલી શું 'ઘર ઘર' રમ્યાં જ્યાં થનગની,
હથેળીમાં મેંદી રચી રિઝવવા રાંદલ તમે
હશે ગાયાં ગીતો; રૂસણું જનનીથી લીધું હશે;
તરુણાઈ કેરું પ્રથમ ઝરણું ફૂટ્યું સહસા
હશે જ્યાં એ આખું સદન, નીરખો, ખંડિયર હ્યાં!

ધુળાડો, ઈંટાડાં, કડકડી પડે સ્તમ્ભ-ઢગલા,
છજું, પાણિયારું, લઘુક ગરવો પૂજન-ખૂણો,
ઝરૂખા, દીવાલો, કડડભૂસ મેડી, ફરશ યે,
તમે જ્યાં ઊભીને નીરખી જ હશે વાટ કદી તે
હવે બારી જેવું કંઈ નવ રહ્યું; ધ્વસ્ત સઘળું!

તમે સમ્બન્ધોના નવલ ઘરમાં પાય ધરવા
ત્યજ્યું'તું ત્યારે યે સદન બટક્યું'તું હ્રદયમઃી;
નથી કે'વાતું કો ઘર ફક્ત માટી-ઈંટ-ચૂને!

જાય છે / 'મોમિન'

· ગઝલ ·

સત્ય પૂછો તો નમે છે એ જ ફાવી જાય છે,
મારી નિષ્ફળતા મને રસ્તો બતાવી જાય છે.

એક વ્યક્તિને કોઈ સારું કહે-નરસું કહે,
કૈં 'હું' વિકસીને ઈશ્વરને વટાવી જાય છે.

ધ્રુવ થાવું છે છતાં સ્થાયી જીવન ગમતું નથી,
હું ખરું ત્યારે ચમક મારામાં આવી જાય છે.

ઘર બનાવીને ગગન પર જોવી છે મારે ધરા,
કલ્પના પણ કોકદિ કેવી બનાવી જાય છે.

અન્યને સાગર બની આપો તો કૈં ખૂટશે નહિ,
કોના જળથી સૌ સરિતા છલકી છલકી જાય છે.

છે પથિક એવો કે મૃગજળની નથા એને પડી,
કે તરસ સહરાને એની ગટગટાવી જાય છે.

ડાળ પકડી એમ લાગે વૃક્ષ મેં ઊંચકી લીધું,
સીમને લૈ ચાંચમાં પંખી ઉપાડી જાય છે.

જોઉં છું ખોલી હું 'મોમિન' કોઈ પણ હોતું નથી,
દ્વાર ત્યારે કોણ મારું ખટખટાવી જાય છે.

મઝધારે/રાજેન્દ્ર શાહ

· ગાન ·

પાછલા પ્હોરનો પવન ગયો પડી.
મઝધારે સઢ સાવ રે શિથિલ
નાવ રહી ગઈ ખડી.

અચલ તારલ સંગ હું માઝમ રાતે,
અબોલ વેણુ વળગું સરલ વાતે.
દૂરનું એનું કોમલ કિરણ ઉરને રહ્યું અડી.

જલનો યે તે પ્રાણ ન જાણે શ્વસે!
ભીતરને ઊંડાણ જઈને વસે.

સુકાન મેલી વિરમું કૂવા કને;
હળવી હવા જવ જગાડે મને.
લ્હેરની એડી લાગતાં ફરી મેલશે વેગે હડી.

❡ તમારું મકાન તૂટતું જોઇને : ત્રિખંડાત્મક આ સૉનેટનો પ્રથમ ખંડ કાવ્યનાયિકાના શૈશવ-યૌવનનાં મધુર સ્મરણોની કથા છે, જેમાં ગ્રામપરિસર ખીલી રહ્યો છે. બીજો ખંડ નાયિકાના સ્થૂળ ઘરની ઘટક-સામગ્રીના ઉલ્લેખોથી, ઘરનો ચિતાર આપે છે, અને નાયિકાએ એ ઘર-માં ઊભા રહી વાટ નીરખી હશે તેના અતીતોલ્લેખથી આજની સ્થિતિ-માં 'ધ્વસ્ત સઘળું' છે તેમ જણાવી કારુણ્યને દઢાવાયું છે. ત્રીજા ખંડમાં અન્ય સાથે ઘર માંડતી નાયિકાના ઉલ્લેખ દ્વારા નાયકે પોતાની વિકલ ચિત્તાવસ્થાનો નકશો દોરી દીધો છે. આખરે ઘર એટલે શું? માટી, ઈંટ, ચૂનો? આમ, મધુર સંબંધ એ જ ગૃહ છે, એ તૂટે છે એટલે જાણે આખું ઘર—જીવન—બટકી જાય છે એ વેદના અહીં વ્યક્ત થઈ છે.

❡ જાય છે : વિવિધ શેરોમાં વિવિધ વિચાર-ભાવ-ભાવનાને રજૂ કરતી આ ગઝલ અભિવ્યક્તિના નાવીન્ય કરતાં એની ચોટને સાધવા તરફ વધુ ઉદ્યત છે તે કળાયા વગર રહેશે નહિ. સહરાને ગટગટાવી જતી તરસ, ચાંચમાં સીમને લઈ ઊડી જતું પંખી વગેરે દૃશ્ય ભાવ કલ્પનો આસ્વાદ્ય બન્યાં છે તે માણી શકાશે.

❡ મઝધારે : વર્તમાનની વિષમ પરિસ્થિતિમાં જીવનનૌકા સ્થગિત થઈ ગયાની વાતથી આરંભાતું આ ગીત અંતિમ પંક્તિએ પહોંચતાં આશાવાદ વ્યક્ત કરે છે : 'ફરી મેલશે વેગે હડી'. આમ તો દરિયાઈ સૃષ્ટિના વાતાવરણને ઉપસાવતી આ રચનામાં સંસારના મહેરામણનો સંદર્ભ પકડતાં વાર લાગશે નહિ. 'પાછલો પ્હોર' એ જીવનના ઢળતા તબક્કાનો સંકેત પણ લેખી શકાય. કારણ કે ત્યાર પછીની કાવ્યનાયકની ક્રિયાઓ એ સંકેતની પ્રતીતિજનક બની રહે છે. દૂરના કોમલ કિરણનું ઉરને અડવું, જલના પ્રાણનું ભીતર જઈ વસવું, નાયકનું સુકાન મૂકી કૂવાથંભ પાસે પહોંચી જવું : આ બધું અંતર-અભિમુખતાનો ધ્વનિ વહાવી રહે છે. અને જે જળ પવનના અભાવે સ્થિર થઈ ગયું છે તે જ પાછું લહેરી ઊઠશે અને નૌકા આગળ સરશે...વિષમ વર્તમાનમાં વ્યગ્ર કે વ્યાકુળ થયા વગર અનાગતમાં આસ્થા રાખતી સ્થૈર્યાનુભૂતિનો રણકો અહીં સહેજે કળી શકાશે. —ધી. પ

પ્રાર્થના

બહાદુરશાહ પંડિત

એક વાર દક્ષિણ ભારતના પ્રવાસ દરમિયાન ગાંધીજી એક જગ્યાએ ચરખા-સ્પર્ધા જોવા ગયા. ત્યાંથી પાછા ફર્યા ત્યારે એ એટલા બધા થાકી ગયા હતા કે પથારીમાં પડતાં જ ઘસઘસાટ ઊંઘી ગયા. રાતે બે વાગ્યે એકાએક જાગી જતાં એમને યાદ આવ્યું કે સૂતાં પહેલાં પ્રાર્થના કરવાનો એમનો નિયમ તૂટ્યો છે. પછી તો બાકી રહેલી રાતે એમને ઊંઘ જ ના આવી. એમના મનને એટલો બધો આઘાત લાગ્યો કે શરીર થરથર ધ્રૂજવા લાગ્યું. આખો દેહ પરસેવાથી રેબઝેબ થઈ ગયો. સવારે બધાએ પૂછ્યું ત્યારે આખી વાત કહેતાં એ બોલ્યા : 'જેની કૃપાથી હું જીવું છું એ ભગવાનને ભૂલી ગયો. એનાથી મોટી બીજી કઈ ભૂલ હોઈ શકે?'

ગાંધીજીના આ પશ્ચાત્તાપ પરથી જીવનમાં પ્રાર્થના કેટલી બધી મહત્ત્વની છે એ સહેલાઈથી સમજી શકાય છે. પોતાના સર્જનહાર અને સંરક્ષકનું કૃતજ્ઞતાથી સ્મરણ કરવું એનું નામ પ્રાર્થના એમ ગાંધીજી માનતા લાગે છે. લેસિંગ નામના એક અંગ્રેજ લેખકે પણ પ્રાર્થનાની આવી જ વ્યાખ્યા કરી છે, એ કહે છે : 'સ્વર્ગ પ્રત્યે વ્યક્ત કરેલો આભારનો એકમાત્ર વિચાર પણ સંપૂર્ણ પ્રાર્થના છે.'

પ્રાર્થના એટલે અંતરાત્માની પ્રામાણિક ઇચ્છાનો પોકાર. સાચી પ્રાર્થના એટલે અદૃશ્ય ઈશ્વર સાથે અંતરાત્માએ કરેલું સંવનન. ઉત્તમ પ્રાર્થના એ જ ગણાય જેમાં મનુષ્યનું ચિત્ત વિશ્વની વ્યાપકતા સાથે એકતાનતા અનુભવે.

અંગ્રેજ કવિ વિલિયમ કાઉપરે પ્રાર્થનાની અસર બતાવતું એક સરસ મુક્તક લખ્યું છે :

Prayer makes the christian's
armour bright
And Satan trembles when
he sees,
The weakest saint upon
his knees.

પ્રાર્થના ક્રિશ્ચિયનના બખ્તરને ચળકતું બનાવે છે. અને નબળામાં નબળા સંતને પણ (પ્રાર્થના કરવા) ઘૂંટણિયે પડેલો જોઈ સેતાન ધ્રૂજવા લાગે છે.

આપણા દેશમાં તો પ્રાર્થનાએ સર્જેલા ચમત્કારોના પ્રસંગો શોધવા પડે એમ નથી. નરસિંહ મહેતાની પ્રાર્થના સાંભળી ભગવાને એમનાં બધાં સાંસારિક કાર્યો કરી આપ્યાની કથાઓ ગુજરાતી આખ્યાનકારોએ મલાવી-મલાવીને ગાઈ છે.

પણ પ્રાર્થના સાથેની એક મુખ્ય શરત શ્રદ્ધા છે. શ્રદ્ધા વિનાની પ્રાર્થના એ પાયા વિનાની ઈમારત જેવી હવાઈ વાત છે. પેલા એક જાણીતા ટુચકામાં પાદરીએ લોકોને આ શ્રદ્ધાની વાત સરસ રીતે સમજાવી છે. ચોમાસુ બેસી ગયા છતાં વરસાદ પડ્યો નહિ એથી લોકો અકળાઈ ગયા હતા. લોકોની અકળામણ જોઈ ગામના પાદરીએ જાહેરાત કરી કે વરસાદ માટે ભગવાનને પ્રાર્થના કરવા આજે સાંજે ૭ વાગ્યે સભા રાખવામાં આવી છે. સાંજે ગામના લોકો એકઠા થયા. સમય થતાં પાદરી હાથમાં છત્રી લઈ ત્યાં આવી પહોંચ્યા. એમણે લોકોને કહ્યું : 'તમે વરસાદ માટે પ્રાર્થના કરવા આવ્યા છો અને સાથે છત્રી લાવ્યા નથી? એટલે કે તમને તમારી પ્રાર્થનામાં શ્રદ્ધા નથી, એમ જ એનો અર્થ થાય ને?'

પ્રાર્થના એ સંકટ-સમયની સાંકળ નથી. 'સુખમાં સાંભરે સોની અને દુઃખમાં સાંભરે રામ' એ કહેવત મુજબ વિપત્તિ આવતાં ઘૂંટણીએ પડી પ્રાર્થના કરવી અને સંપત્તિ આવતાં છાગું ઘાલીને ફરવું એ સંતનું લક્ષણ નથી. સંકટ સમયે પ્રાર્થના કરવી એમાં કંઈ ખોટું નથી, પરંતુ સુખના સમયે મદમાં છકી જઈ ઈશ્વરને ભૂલી જવો એ ગુનો છે.

ખરેખર તો પ્રાર્થના કરવાની શક્તિ એ માનવજાતને મળેલી મોટી બક્ષિસ છે. માનવ સિવાયના કોઈ પ્રાણીમાં પ્રાર્થના કરવાની શક્તિ નથી, અંગ્રેજ રાજકવિ ટેનિસને એમના એક કાવ્યમાં આ હકીકતને સરસ રીતે સમજાવી છે :

For what are men better
than sheep and goats
That nourish a blind life
within the brain
If, knowing God, they lift
not hands of prayer
Both for themselves and
those who call them friend.

ઈશ્વરને ઓળખવા છતાં માણસો જો પોતાના માટે અને પોતાના મિત્રો માટે પ્રાર્થના ના કરતા હોય તો મૂઢ જીવન જીવતાં ઘેટાં-બકરાં કરતાં એ લોકો કઈ રીતે બહેતર ગણાય?

પ્રાર્થના એટલે બે હાથ જોડી ઈશ્વરને કરેલી આજીજી માત્ર નહિ. પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ. પણ પ્રભુ એટલે પ્રભુએ સર્જેલું આ વિશ્વ. એ વિશ્વને જે ચાહી શકે એ પ્રભુની સાચી પ્રાર્થના કરી શકે. કવિ કોલરિજ કહે છે :

He prayeth best who loveth best
All things both great and small.

નાની મોટી તમામ ચીજોને જે સર્વોત્કૃષ્ટ રીતે ચાહે છે એની જ પ્રાર્થના સર્વોત્તમ હોય છે. ગાંધીજીએ પણ દરિદ્રનારાયણની મૂર્તિ કંડારી જનસેવાને પ્રભુસેવા ગણવાનો આદર્શ આપ્યો છે.

પ્રાર્થનાની બીજી અગત્યની શરત નમ્રતા છે. વિનમ્ર બન્યા સિવાય પ્રાર્થના થઈ શકે જ નહિ. પ્રાર્થના એટલે સર્વસમર્પણનો ભાવ. અહંના સિંહાસન પર આરૂઢ થઈને કોઈ કદી સાચી પ્રાર્થના કરી શકે નહિ. પ્રાર્થનામાં આત્મા ને પરમાત્માનું ક્ષણિક ઐક્ય સધાય છે. આમ, પ્રાર્થના પ્રભુ પાસે પહોંચવાનો એક પવિત્ર પ્રયાસ છે. આ પ્રયાસ જેટલો સંનિષ્ઠ એટલી સિદ્ધિ સરળ બને છે.

સંતો કહે છે કે આર્ત હૃદયની પ્રાર્થના ઈશ્વરે ના સાંભળી હોય એવું કદી બન્યું નથી. એનાં દૃષ્ટાંતો અનેક મળી આવે. ખરેખર તો દરેક માણસને જીવનમાં એક વાર તો પ્રાર્થનાના ચમત્કારની પ્રતીતિ થાય છે જ.

એક ૮૦ વર્ષનો વૃદ્ધ મોટર-અકસ્માતમાં મૃત્યુ પામ્યો. નિયમ મુજબ એના શબનું પોસ્ટ-મોર્ટમ કરવામાં આવ્યું તો ડૉક્ટર એ જોઈને આશ્ચર્ય પામી ગયા. શબ લેવા આવેલી વૃદ્ધની પત્નીને ડૉક્ટરે કહ્યું, 'આ કાકા શી રીતે જીવતા હતા એ જ મને તો સમજાતું નથી. એમનાં ફેફસાં ક્ષયથી ખવાઈ ગએલાં છે, જઠરમાં ચાંદાં પડ્યાં છે, હૃદય અને કીડની લગભગ ખલાસ થઈ ગયાં છે. આવો માણસ એંસી વર્ષ જીવ્યો શી રીતે?'

'માત્ર પ્રાર્થનાને આધારે.' વૃદ્ધાએ કહ્યું, 'રોજ રાતે એ પ્રાર્થના કરતા હતા કે, 'હે પ્રભુ આજે જીવતો રાખવા બદલ તારો આભાર. કાલે હું વધારે સ્વસ્થ થઈશ એની મને ખાત્રી છે.''

આમ, પ્રાર્થના એ પૃથ્વી પરનું અમૃત છે. જીવન જીવવા માટેની જડીબુટ્ટી છે. માણસ જ્યારે ઘોર નિરાશામાં ડૂબેલો હોય ત્યારે પ્રાર્થના એને પ્રકાશ પૂરો પાડે છે. એને ચિંતા ને દુઃખમાંથી મુક્ત કરે છે.

અંતે પ્રાર્થના એ સ્વર્ગની સીડી છે, મોક્ષ અને મુક્તિનું દ્વાર છે, આનંદનો રાજમાર્ગ છે, એ રાજમાર્ગ જેને સાચી રીતે સાંપડે છે એના માટે મંઝિલ દૂર નથી. નરસિંહ મહેતાના શબ્દોમાં કહીએ તો પ્રાર્થનાના એ 'રસનો સ્વાદ શંકર જાણે કે જાણે વ્રજની ગોપી.' □



આજના યુગોસ્લાવિયાના ઘડવૈયા અને યુદ્ધોત્તર યુરોપના દુર્દાન્ત મુત્સદ્દી

માર્શલ ટિટો

લેખક · પ્રો. જયંત પંડ્યા

જે જમાનામાં યુગોસ્લાવિયા ઑસ્ટ્રિયા-હંગેરીની પાંખ હેઠળ હતું તે જમાનામાં ક્રોટિયા પ્રાંતના કુમરોવિચ નામના નાનકડા ગામમાં તારીખ ૨૫મી મે, ૧૮૯૨ના રોજ એક ગરીબ ખેડૂત કુટુંબમાં ટિટોનો જન્મ થયો હતો. પિતાનું નામ ફ્રાન્ઝો બ્રોઝ અને માતાનું નામ મારિજા. કુટુંબમાં છૂટે હાથે ઊતરેલાં, ડઝન કરતાં ય વધારે બાળકોમાં આ આગન્તુક સાતમું બાળક હતું. એનું નામ જોસિફ બ્રોઝ રાખવામાં આવ્યું. આવા ભર્યાભર્યા કુટુંબમાં અને સાંકડા સંજોગોમાં શિક્ષણનો વૈભવ કદાચ સંભવિત નહિ હોય એટલે આ કુંવર ખપજોગું ભણ્યા અને પછી કામે લાગ્યા. શરૂશરૂમાં કિશોર જોસિફે ચર્ચના ખેપિયાનું કામ માથે લીધું પણ પછી ઝગરેબમાં જઈને તાળા કૂંચીના ફેરિયાનો વ્યવસાય આરંભ્યો. એક જુદા સંદર્ભમાં, જીવનના અંતકાળ સુધી એક સુધારેલી આવૃત્તિ રૂપે, દેશ અને દુનિયાની તાળા કૂંચીઓ સમારવાનું કામ એમણે જારી રાખ્યુ હતું.

ટિટોની જીવનધારાને જોઈએ તો તે એક ઉત્તેજક નવલકથા જેવી રોમાંચક લાગે છે. ફેરી કરતાંકરતાં એ સૈનિક બની ગયા એટલું જ નહિ, પણ પ્રથમ વિશ્વયુદ્ધમાં ક્રોટિયન રેજિમેન્ટના સરદાર તરીકે તેમણે ભાગ લીધો. આ યુદ્ધ એમને રશિયન સરહદ સુધી લઈ ગયું. ત્યાં તેમને કેદ પકડવામાં આવ્યા. યુદ્ધકેદી તરીકે, અન્ય સાથીઓના હિતોની રખવાળી અને વકાલત કરવા રશિયન ભાષા શીખ્યા. સોવિયેત રશિયામાં યુદ્ધ પછીના જે ક્રાંતિ થઈ એના આદ્ય સર્જક લેનિનની વિચારધારાથી પ્રભાવિત થઈને કૉન્સન્ટ્રેશન કૅમ્પમાંથી ભાગી છૂટી જોસિફ બ્રોઝ લાલ સૈન્યમાં જોડાયા.

ઈ. ૧૯૨૦માં યુગોસ્લાવિયા પાછા ફરેલા ટિટોનો ચહેરો-મહોરો અને મનોજગત બદલાઈ ચૂક્યાં હતાં. સોવિયેત રશિયામાંથી ક્રાંતિની ચિનગારી લઈને તેઓ આવ્યા હતા. યુગોસ્લાવિયામાં એ ચિનગારી મશાલમાં ફેરવાઈને એમના હાથોમાં ઝળહળી ઊઠી. યુગોસ્લાવિયાના સામાજિક પરિવર્તન માટે રાષ્ટ્રની એકતા અને પક્ષનું સંગઠન જરૂરી છે એવું અનુભવ્યા પછી એ બે પ્રવૃત્તિ પાછળ પોતાની શક્તિ તેમણે કેન્દ્રિત કરી. યુગોસ્લાવિયા અને ટિટો બન્ને માટેનો એ સંક્રાન્તિ કાળ હતો. પરિવર્તનના વિરોધી લોકો અને છીએ તે જ ઠીક છીએ એમ માનનારા લોકોને ટિટોની સંગઠન-પ્રવૃત્તિ અને પ્રાસંગિક અમજીવી આંદોલનો આંખમાં કણાની જેમ ખૂચતાં. આ કારણે વારંવાર તેમની ધરપકડ થતી, પરંતુ અંદરનો ધખારો એવો તીવ્ર હતો કે મુક્તિ મળે કે તરત જ બેવડા જોમથી એવી જ કામગીરીમાં એ ફરીફરી પ્રવૃત્ત થતા. કાર્યકરોને તાલીમ આપવી, યુવકોનાં સંગઠન રચવાં, શ્રમજીવીઓનાં ખુલ્લાં કે ભોંયભીતર આંદોલનો ચલાવવાં એ ટિટોનું એક મિશન બની ગયું. આ પ્રવૃત્તિઓને કારણે જગતની સામ્યવાદી હિલચાલના એ એક અગ્રણી પણ ગણાયા.

ઈ. ૧૯૩૪માં યુગોસ્લાવિયાના સામ્યવાદી પક્ષની મધ્યસ્થ સમિતિના એ સભ્ય બન્યા. ૧૯૩૫માં મોસ્કો ગયા અને ૧૯૩૬માં પાછા ફર્યા પછી પક્ષના સંગઠન-મંત્રી, અને ૧૯૩૭માં તેના નેતા બન્યા. સામ્યવાદી પક્ષનું નેતૃત્વ સ્વીકાર્યા પછી તેમણે મધ્યસ્થ સમિતિની પુનર્રચના કરી અને યુગોસ્લાવ સામ્યવાદી પક્ષમાં એક સ્વતંત્ર વ્યક્તિતાનું સિંચન કર્યું. આ બધો વખત સામ્યવાદી પક્ષ યુગોસ્લાવિયામાં ગેરકાયદે ગણાતો. ટિટોની સરદારી હેઠળ આ પક્ષે સામંતશાહી અને ફાસીવાદ વિરોધી આંદોલન આરંભ્યું. અત્યાર સુધી જોસિફ બ્રોઝ રહેલા આ આગેવાને પોતાની નામાવલિમાં ટિટોનું ઉમેરણ પણ આ જ ગાળામાં કર્યું અને ૧૯૩૭ પછી તો તે ટિટો નામથી જ ઓળખાવા લાગ્યા.

એપ્રિલ ૬, ૧૯૪૧ના રોજ ધરી રાજ્યોએ યુગોસ્લાવિયા ઉપર આક્રમણ કર્યું. એ આક્રમણના ગણતરીના દિવસોમાં એના રાજતંત્ર અને લશ્કરે શરણાગતિ સ્વીકારી. આ સ્થિતિમાં પડેલા આહ્વાને ટિટોની દેશભક્તિને જાગ્રત કરી ને એમાંથી એક વિરાટ સેનાપતિ માર્શલ ટિટોનો ઉદય થયો. એમના ગેરિલા સૈન્યે જર્મન સેનાની ઊંઘ ઉડાડી મૂકી એટલું જ નહિ, પણ સમગ્ર યુગોસ્લાવિયા ઉપર એ સેના પૂરો કાબૂ કદી મેળવી શકી નહિ. ગેરિલા ફોજના સરદાર તરીકે ટિટોએ જે ધીરજ, કુશળતા અને શક્તિનો પરિચય આપ્યો તે કારણે ટિટો વ્યક્તિ મટીને વિભૂતિ બની ગયા. એમના નામની આસપાસ દંતકથાઓ રચાઈ. બીજા વિશ્વ-યુદ્ધના આ ખૂનખાર દિવસોમાં યુરોપ આખામાં યુગોસ્લાવિયા જ એક એવો દેશ હતો જેણે પોતાની અગિયાર ટકા વસતિને રણમાં રોળીને નાઝીઓને ભોંય ભારે કરી આપી. યુદ્ધ અને મુક્તિ-સંગ્રામ એમ બને મોરચે સફળતા પ્રાપ્ત કરીને યુગોસ્લાવિયાએ મુક્ત વિસ્તારોમાં ક્રાંતિકારી સરકારની રચના કરી. ટિટોનાં આ સાહસ ને શૂરવીરતાએ ચર્ચિલ જેવા પીઢ-મુત્સદ્દી રાજપુરુષની પ્રશંસા મેળવી આપી તે કરતાં ય વિશેષ તો એક કુશળ સેનાપતિ અને વિચક્ષણ રાજપુરુષની હરોળમાં ટિટોને સ્થાન અપાવ્યું.

યુદ્ધ પછીનાં વર્ષોમાં માર્શલ ટિટોએ યુગોસ્લાવિયાની નવરચના આરંભી. સામંતશાહીના રહ્યાસહ્યા અવશેષો દૂર કરીને સમાજવાદી રાષ્ટ્રના નિર્માણનો યજ્ઞ આરંભ્યો. આ પ્રક્રિયામાં સોવિયેત રશિયાના સરનશીન સ્તાલિન સાથે એમને ચડભડ થઈ ગઈ. સ્તાલિન સાથેની મુલાકાતનું વર્ણન કરતાં ખુદ ટિટોએ લખ્યું છે : 'સ્તાલિન સાથેની મારી પ્રથમ મુલાકાત વેળા સ્તાલિન, ફોટો જોઈને કલ્પ્યા હતા તેના

કરતાં વધારે ઠીંગણા લાગ્યા. તે ખૂબ તરવરાટવાળા છે એમ લાગ્યું, પરંતુ તે કંઈક થાકેલા જણાતા હતા. તેમની વાતનો કોઈ પ્રતિકાર કરે કે તેમનાથી જુદો મત વ્યક્ત કરે તે તેમને ગમતું નહિ. પોતાની નિકટના માણસોના સંબંધમાં તેઓ કંઈક તોછડા અને આળા હતા. પોલિટબ્યૂરોના સભ્યોમાં પૂછવા જેવું કંઈ લાગે તો માત્ર મોલોટોવનો અભિપ્રાય તે પૂછતા, પરંતુ તેમની આખી વાત સાંભળવા જેટલી ધીરજ કે તમા ન રાખતા. આ પ્રકારના વર્તનથી હું ટેવાયેલો ન હોવાને પરિણામે ક્યારેક મૂંઝવણભરી પરિસ્થિતિ નિર્માઈ જતી. માનસિક તણાવની લાગણી, અમારી વચ્ચે, પ્રથમ મુલાકાતમાં જ ઊપસી આવી.

સ્તાલિનને એમની કચેરીમાં બે-ત્રણ વાર અને બે-એક વાર સાંજે વળી પ્રસંગે એમને ઘેર મળવાના પ્રસંગો મને સાંપડ્યા હતા. એક વાર આવી મુલાકાતને પ્રસંગે સ્તાલિને મને કહ્યું : 'વૉલ્ટર, સર્બિયાના બૂર્ઝવા તત્ત્વો ખૂબ શક્તિશાળી છે, તમે તેમનાથી સાવધ રહેજો.' મેં શાંતિથી જવાબ વાળ્યો : 'કૉમરેડ સ્તાલિન, તમારા મંતવ્ય સાથે સંમત થવું મુશ્કેલ છે; સર્બિયાના બૂર્ઝવા ખૂબ નબળા છે.' સ્તાલિન ચૂપ રહ્યા પણ ચહેરાની હલચલ છાની રહી ન શકી. ટેબલની આસપાસ બેઠેલા મોલોટોવ, માલેન્કોવ, બેરિયા વગેરે મોં વકાસીને જોઈ રહ્યા.

તે પછી સ્તાલિને યુગોસ્લાવિયાના કેટલાક રાજકારણીઓની પૃચ્છા કરવા માંડી. એમણે એક નામ કહ્યું અને તેને વિશે મારો અભિપ્રાય પૂછ્યો. મેં કહ્યું કે 'એ તો બદમાશ અને ગદ્દાર છે. એણે જર્મનોની સાથે મળી જઈને કામ કર્યું છે.' સ્તાલિને બીજા માણસ વિશે પૂછ્યું. મેં ફરી એનો એ જ જવાબ આપ્યો એટલે હસીને સ્તાલિન કહે, 'વૉલ્ટર, તમારી નજરમાં તો બધા જ બદમાશો છે!' મેં કહ્યું, 'બરાબર, કૉમરેડ સ્તાલિન, જે કોઈ પોતાના દેશનો દ્રોહ કરે એ બદમાશ જ હોય.'

અમારી વાતચીત આવા તંગ વાતાવરણમાં ચાલી. થોડી વાર પછી સ્તાલિને રાજા પીટરને ફરી ગાદીએ બેસાડવાની જરૂરિયાત મને સમજાવવા માંડી. મારું માથું ફરી ગયું હતું છતાં ગમ ખાઈને મેં કહ્યું : 'એ અશક્ય છે. લોકો એ સાંખશે નહિ અને બળવો પોકારશે. જે રાજા મધ્ય-સંગ્રામમાંથી ભાગી છૂટ્યો તેને લોકો કેમ કરીને સ્વીકારે? અને વળી કારાજ્યૉર્જવિચ વંશ આતંક અને ભ્રષ્ટાચારને કારણે ઘૃણાપાત્ર બની ગયો છે.' આટલું સાંભળ્યા પછી પણ સ્તાલિને કહ્યું : 'તમારે એને કાયમી સંઘરવાનો નથી. થોડો વખત એને સ્વીકારી લો; પછી લાગ આવે ત્યારે એના પીઠમાં છરી ક્યાં નથી ભોંકાતી!'

આ વાતચીત ચાલતી હતી તે દરમિયાન થોડો વખત બહાર ગએલા મોલોટોવ પાછા આવ્યા અને બ્રિટિશ સેના યુગોસ્લાવિયામાં ઊતરી છે એવો તાર મને બતાવ્યો. મેં એકદમ ઊભા થઈને કહ્યું : 'અશક્ય.' સ્તાલિને ગુસ્સામાં પ્રતિકાર કર્યો : 'અશક્ય શી રીતે? એ સાચી વાત છે.' મેં ફરી ભારપૂર્વક કહ્યું : 'એ અશક્ય છે. ન્યૂઝ એજન્સીની કંઈક ગફલત હશે. જનરલ ઍલેક્ઝૅન્ડરને ત્રણ આર્ટિલરી ટુકડી મોકલવા અમે કહ્યું હતું. એ ટુકડીઓને આવેલી જોઈને સમાચાર સંસ્થાએ એને આક્રમણ માનવાની ભૂલ કરી હોય.' સ્તાલિન સમસમી રહ્યા અને પછી એક સીધો સવાલ મને પૂછ્યો : 'વૉલ્ટર ધારો કે બ્રિટન યુગોસ્લાવિયા ઉપર ત્રાટકે તો તમે શું કરો?' 'અમે એનો મક્કમતાથી મુકાબલો કરીશું.' સ્તાલિનને ગમે એવો આ જવાબ નહિ હોય કેમ કે સ્તાલિન પોતે જ એવી વેતરણમાં હતા. તે દિવસથી સ્તાલિન મારા ઉપર નારાજ હતા.'

સોવિયેત યુનિયન અને યુગોસ્લાવિયા વચ્ચે મતભેદ કે ઝઘડો હોય તો તે આ જ—રશિયન મહાધિપતિની ઇચ્છા પ્રમાણે ચાલવાનો ટિટોનો ઇન્કાર. ટિટોએ યુગોસ્લાવિયાના સામ્યવાદી પક્ષને પણ સ્વતંત્ર અને સ્વાયત્ત રાખ્યો હતો. સોવિયેત રશિયા સાથેના સંબંધો ભક્તિના નહિ પરંતુ મૈત્રી અને સમાનતાના હોઈ શકે એના આગ્રહને કારણે ટિટો રશિયાની નજરમાંથી ઊતરી ગયા અને 'રીવિઝનિસ્ટ'નો સરપાવ પામ્યા. ૧૯૪૮માં રશિયા સાથેના એમના સંબંધો પૂર્ણવિરામમાં સરી પડ્યા.

ઈ. ૧૯૪૮ પછીનાં વર્ષો ટિટો અને યુગોસ્લાવિયા માટે ખૂબ મહત્ત્વનાં વર્ષો હતાં. ૧૯૪૫ પછી સ્તાલિને આર્થિક સહાય આપવી બંધ કરી હતી, તે વેળા યુરોપના બીજા કોઈ દેશોની પણ હૂંફ ન હતી. યુદ્ધે જેની કમર ભાંગી નાખી હતી એવા દેશને ફરી ટટ્ટાર બેઠો કરીને જગતના દેશોની પરિષદમાં માનભેર બેસાડવાનો હતો અને બે મહાસત્તાની સ્પર્ધાનો ભોગ બન્યા વિના સલામત અંતરે રહીને પોતાનો આગવો વિકાસ સાધવાનો હતો. આ તમામ કસોટીઓમાંથી ટિટો ગૌરવથી રસાઈને બહાર આવ્યા હતા.

યુગોસ્લાવિયાના સંદર્ભમાં એમણે મૌલિક અભિગમ સ્વીકાર્યો હતો. એ અભિગમ ચાર આધારસ્તંભો ઉપર રચાયો હતો: એક યુગોસ્લાવિયાની એકતા, બે સમાજવાદી રાજપદ્ધતિ, ત્રણ યુગોસ્લાવિયાની સ્વતંત્રતા અને ચાર, સત્તાજૂથો પરત્વે અપ્રતિબદ્ધતા. ભૌગોલિક રીતે જોઈએ તો યુગોસ્લાવિયા એ ઇટાલી ઑસ્ટ્રિયા, હંગેરી, રૂમાનિયા, બલ્ગેરિયા, ઑલ્બેનિયા અને ગ્રીસથી વીંટળાયેલો દેશ છે. સર્બિયા, બોસ્નિયા, હર્ઝેગોવિના, ક્રોએશિયા, મેસેડોનિયા મોન્ટેનેગ્રો અને સ્લોવાનિયા જેવાં છ પ્રજાસત્તાકોનો બનેલો છે. તેની પ્રજા ચાર ધર્મો પાળે છે, ત્રણ ભાષાઓ બોલે છે, લેટિન અને સિરીલિક એમ બે લિપિઓમાં લખે છે. આ બધાને સાથે રાખીને એક રાષ્ટ્ર નીપજાવવાનું ભગીરથ કામ ટિટોએ કરી બતાવ્યું છે, તેમની આ સિદ્ધિ જર્મનીના બિસ્માર્કને પણ આંટી જાય તેવી છે. કદાચ તેથી જ લોકો તેમને યુગોસ્લાવિયાના પ્રથમ નાગરિક કહેતા અને કોઈક નિરાશાવાદી એમને છેલ્લા નાગરિક ગણતા.

રાજનીતિશાસ્ત્રના માનદંડ પ્રમાણે ટિટો એ સરમુખત્યાર હતા. પરંતુ એમની સરમુખત્યારી ફ્રાન્કો, મુસોલિની કે ઈદી અમીન જેવી હતી એમ કહી શકાશે ખરું? ૧૯૫૦ થી ૧૯૭૦નાં વર્ષો દરમિયાન, યોગ્ય શાખા-પ્રશાખાઓ સાથે સ્વયં-સંચાલિત સમાજવાદી સમાજ વિકસાવવા માટે શ્રમિક સમિતિઓ, પ્રજાસત્તાક સભાઓ, ધારાગૃહો, સમાન હિતનાં મંડળો ઇત્યાદિમાં સત્તા વહેંચી આપીને એક અભિનવ શાસનપ્રથાનું તેમણે નિર્માણ કર્યું. તેની સાથે સાથે કુશળ વહીવટકર્તા અને પ્રતિભાવંત સલાહકારોની શ્રેણી તૈયાર કરી. બહુપક્ષ પ્રથા એમણે વિકસવા ન દીધી, કેમ કે યુગોસ્લાવિયા જેવા બહુરંગી દેશ માટે એ વિઘાતક છે એમ પ્રામાણિકપણે એ માનતા હતા. એમની કલ્પનાનો દેશ ઘડવા માટે સરમુખત્યારો વીંઝે છે તેમ એમણે પણ ચાબખો વીંઝ્યો હશે તેનો બચાવ કરવાનો ન હોય, પરંતુ એમણે વિવેક અવશ્ય જાળવ્યો લાગે છે. એક વેળાના પોતાના નિકટના સાથી મિલોવન જિલાસે 'ન્યૂ ક્લાસ' નામનું પુસ્તક લખી સમાજવાદ વિશે પુનર્વિચારણા કરી. એ પ્રતિપાદન સાથે ટિટો સંમત ન હતા. બંને વચ્ચે મતભેદો વધ્યા એટલે મિલોવન જિલાસને એમણે કેદમાં પૂર્યા. એમણે ધાર્યું હોત તો શારીરિક નિકાલની અન્યત્ર અજમાવવામાં આવતી, વિરોધીઓને નાબૂદ કરવાની રીત અજમાવી શક્યા હોત, પરંતુ ટિટોએ એમ ન કર્યું. મિલોવન જિલાસ આજે પણ હયાત છે અને મુક્ત છે. મિલોવને ટિટો વિષે જે લખ્યું છે તે પણ જોવા જેવું છે: "કેટલાક લોકો સમય અને પરિસ્થિતિ પ્રમાણે પોતાના વ્યક્તિત્વને ઘાટ આપી શકે એવો સમર્થ હોય છે. ટિટો આવા એક જન્મજાત ક્રાંતિવાદી હતા. એમના જેવા માણસ કોઈ પણ રાજકીય આંદોલનમાં નોંધપાત્ર પ્રદાન કરી શકે. પરંતુ સામ્યવાદ દ્વારા એમણે ટોચ પર જવાનું પસંદ કર્યું ને એક દેશના સર્વસત્તાધીશ થઈ ગયા...સત્તા મેળવવા એમણે આદર્શોને બલિ બનાવ્યા નથી. તેઓ આદર્શવાદી હતા એટલા માટે નહિ, પણ એ જાણતા હતા કે આદર્શો જ સત્તાની નિસરણી તરીકે ચાલી શકે... (અ. પૃ. ૨૬૦)

મુંબઈની ફિલ્મી દુનિયા સાથે સંકળાએલી સત્યજિત રાયની રહસ્યકથા

જેટ બહાદુર

(ગતાંકથી ચાલુ)

અનુવાદક · સુકન્યા ઝવેરી

વીતી ગએલી વાર્તા · પોતાની વાર્તા પરથી ઊતરતી હિંદી ફિલ્મના મુહૂર્ત પ્રસંગે લાલમોહનબાબુ સાથે તેમના મિત્ર ફેલુદા ને તપેશને લઇને મુંબઈ આવ્યા છે. કલકત્તાથી કોઈ એક અજાણ્યા મિ. સાન્યાલે તેમને એક સંપેતરું આપેલું તે અંગે ફેલુદાને કુતૂહલ થાય છે. 'શિવાજી કૅસલ'માં એ સંપેતરું લઈ એક જણ સત્તરમા માળે ગયાનું ફેલુદા જાણી લે છે. પછી ખબર પડે છે કે એ જ મકાનમાં અને એ જ લિફ્ટમાં એક ખૂન થયું છે – લગભગ એ જ સમયે જ્યારે આ લોકો ત્યાં ગએલા. સ્વાભાવિક રીતે જ એ ખૂન અને આ ત્રણેનું મુંબાઇમાં થએલું આગમન એકબીજા સાથે સંકળાઈ જાય છે. થએલી તપાસો પરથી લાલમોહનબાબુ પોતાના પર ખૂનનો આરોપ આવવાની કલ્પનાથી ગભરાય છે. રહસ્ય વધુ ને વધુ ઘેરું થવા લાગે છે. અને ફિલ્મના મુહૂર્તની તૈયારીઓ, નવા પરિચયો, ખાણીપીણી વગેરે સ્વાભાવિક પ્રવૃત્તિઓની સાથેસાથે રહસ્ય પણ કોઈ એક લક્ષ્ય તરફ આગળ વધતું જાય છે.

જે મોટરગાડી અમે કાલે વાપરી હતી તેમાં જ અમે ચારેય જણ મહાલક્ષ્મી-પરના 'ફૅમસ સ્ટૂડિયો'માં પહોંચ્યા. ગાડીમાંથી ઊતરતી વખતે પુલકબાબુએ કહ્યું: 'આવતી કાલના ટ્રેનના શૂટિંગ માટે રેલવે કંપની સાથેની વાટાઘાટો પતતી નહોતી એટલે કાલે રાતના પ્લેનમાં અમારા પ્રૉડ્યુસર મિ. ગોરે કલકત્તાથી ચાલ્યા આવ્યા છે. ચાલો તમને એમની સાથે પરિચય કરાવી આપું.'

'કાલે શૂટિંગ તો થશે ને?' લાલમોહનબાબુને હજી યે શંકા હતી.

'અરે, શર્ટિંગનો ફાધર થશે, લાલુદા. ગભરાઇએ મત'.

પતરાંના છાપરાવાળા એક વિશાળ મકાનમાં અમે પ્રવેશ્યા. અહીં ફિલ્મોનું શૂટિંગ થતું. આજે અહીં કુંગફુંની ટ્રેનિંગ ચાલતી હતી. એક જબરદસ્ત ગાદી ઉપર વિક્ટર પેરુમલની સૂચના પ્રમાણે કેટલાક લોકો કૂદતા હતા, પગ પછાડતા કે ઉછાળતા હતા. ત્યાંથી થોડે દૂર નેતરની એક ખુરશીમાં પિસ્તાળીસેક વર્ષના એક સજ્જન બેઠા હતા.

'આવો, પરિચય કરાવું.' કહી પુલકબાબુ અમને એમની પાસે દોરી ગયા, 'આ અમારી ફિલ્મના પ્રૉડ્યુસર મિ. ગોરે,' પછી અમારા ભણી નિર્દેશ કરીને, 'આ મિ. ગાંગુલી, આપણી ફિલ્મના સ્ટોરી-રાઈટર, આ મિ. મિત્તર અને આ...તારું નામ શું, ભાઈ?'

'તપેશરંજન મિત્ર.'

મિ. ગોરેના બંને ગાલ ઍપલ (સફરજન) જેવા લાગતા હતા. માથામાં વચ્ચોવચ્ચ ચમકતી ટાલ, આંખો સાધારણ માંજરી; ફાંદ કદાચ હમણાંહમણાં જ વધી હશે, કારણ શોખથી કોઈ માણસ આટલું ટાઈટ બુશશર્ટ ન પહેરે.

પુલકબાબુ તો ઓળખાણ કરાવી ગુમ થઈ ગયા. એમને હજી આવતી કાલના શૂટિંગ માટે ઘણી તૈયારીઓ કરવાની હતી. જતી વેળા કહેતા ગએલા કે, 'દોઢેક વાગ્યે આપણે ફરી મળીશું. તમારે સૌએ મારી સાથે લંચ લેવાનું છે.'

મિ. ગોરેએ પણ અમને સારો આવકાર આપ્યો. ખુરશીઓ મંગાવીને અમને બેસાડ્યા. લાલમોહનબાબુને પોતાની બાજુમાં જ બેસાડીને કહ્યું : 'તમે આવી શક્યા એટલે હું બહુ ખુશ થયો'.

'અરે! આપ તો બહુ અચ્છુ બંગાળી બોલો છો!' મિ. ગોરેને બંગાળીમાં બોલતાં સાંભળી લાલમોહનબાબુએ નવાઈ પામતાં એમની તારીફ કરી. જો કે આ માણસ પાસેથી પોતાને દસ હજાર રૂપિયા મળવાના છે એ પણ આ તારીફ કરતી વખતે લાલમોહનબાબુના ખયાલમાં હશે જ એવું યે મને લાગ્યું.

'મારા ફાધરનો કેનિંગ સ્ટ્રીટમાં બિઝનેસ હતો. ત્રણ વર્ષ સુધી હું ડૉન બૉસ્કોમાં સ્ટુડન્ટ હતો. ધેન, ફાધરનું ડેથ થયું અને હું અંકલ પાસે ચાલ્યો આવ્યો. ફ્રૉમ ધેન આઈ એમ હીઅર. લેકિન ફિલ્મ લાઈનમેં ધીસ ઈઝ માય ફર્સ્ટ વેન્ચર.'

મિ. ગોરે બંગાળી જાણતા હોઈ લાલમોહનબાબુએ રંગમાં આવી જઈ ઉત્સાહથી એમની જોડે ઘણીઘણી વાતો કરી. એમાં સાન્યાલની મુલાકાતથી માંડીને આજની પોલીસ પૂછતાછ સુધીની બધી વાત પણ એ સજ્જનને કહી નાખી. એ સાંભળી સહાનુભૂતિ દેખાડતા મિ. ગોરે બોલ્યા : 'આજકાલ કોઇનો યે ભરોસો ન કરી શકાય, મિ. ગાંગુલી તમે તો એમિનન્ટ રાઈટર, તમારા હાથે દાણચોરીનો માલ પસાર થાય એવું તો વિચારતાં યે શરમ આવે.'

'આપ પણ શિવાજી કૅસલમાં જ રહો છો એવું સાંભળ્યું છે.' ફેલુદાએ પણ હવે એ બેની વાતમાં ઝુકાવ્યું.

'હા. બે મહિનાથી જ ત્યાં રહું છું. કાલનો બનાવ તો ખરેખર હૉરિબલ કહેવાય. ઈવનિંગ ફ્લાઈટમાં હું આવ્યો. ઘેર પહોંચ્યો ત્યારે રાતના અગિયાર થયા હતા. ઍટ ધેટ ટાઈમ ઑલ્સો ધેર વૉઝ એ બિગ ક્રાઉડ ઈન ધ સ્ટ્રીટ. હાઈ રાઈઝ બિલ્ડિંગમેં ખૂનખરાબા હોને સે બહોત લફડા હોતા હૈ.'

'અને હાં, શિવાજી કૅસલમાં સેવન્ટીન્થ ફ્લૉર પર કોણ રહે છે આપ જાણો છો?' ફેલુદાએ એકાએક સવાલ કર્યો.

'સેવન્ટીન્થ?...સેવન્ટીન્થ પર...' સજ્જનને કંઈ યાદ આવ્યું નહિ. 'મારા ઓળખીતામાં ત્યાં એક છે એઈટ્થમાં, એન. સી. મહેતા; બીજા એક ડૉક્ટર વજીફદાર સેકન્ડ પર, અને મારો ફ્લૅટ છે બારમા ફ્લોર પર.'

ફેલુદાએ પછી આગળ કંઈ પૂછ્યું નહિ, અને મિ. ગોરે પણ ઊંચુંનીચું કરતા હતા, કહે : 'પ્રોડક્શન એટલે બહોત ધમાલ, કુછ ન કુછ કામ નિકલતા હી રહે. વળી, કાલના શૂટિંગનું કામ તો મહાભારત છે.' મિ. ગોરેને કહેલું કે આ માટે ભાડે કરેલી ટ્રેન માથેરાનથી ખંડાલા ને લોનાવલા વચ્ચેના લેવલ ક્રૉસિંગ પર આવશે. રેલવે કંપની સાથે પૈસાની લેવડદેવડનો હિસાબ સમજી માથેરાનથી પોતે એ જ ગાડીમાં આવશે. ટ્રેન સાથેના જૂના જમાનાના ફર્સ્ટ ક્લાસના એક ડબ્બામાં એ હશે.

'તમે લોકો મારી સાથે જ લંચ લેશો તો હું ખૂબ ખુશ થઈશ.' એમણે કહેલું, અને એ પણ પૂછી લીધું : 'તમે વેજિટેરીઅન છો?' ને લાલમોહનબાબુએ તુરત ઉત્તર આપેલો, 'નો, નો. નન, નન.'

'ધેન વ્હૉટ વિલ યુ હેવ? ચિકન ઑર મટન?'

'ચિકન હેડ ચસ્ટર-ડે. મટન જ ભલે થઈ જાય, ટુ-મૉરો.' લાલમોહનબાબુએ પસંદગી જણાવી દીધી. 'તમારો શો વિચાર છે, ફેલુબાબુ?'

'ઠીક છે. ચાલશે.' ફેલુદાએ ટૂંકમાં જ પોતાની સંમતિ દર્શાવી દીધી.

અલબત્ત, ફેલુદા મિ. ગોરેની બધી જ વાતો બરાબર સાંભળતા હતા, પણ મેં જોયું કે એમની નજર વારંવાર પેલા કુંગ-ફુના રીહર્સલ તરફ દોડી જતી હતી. એની નજરમાં તારીફનો ભાવ પણ હતો. વિક્ટર પેરુમલનું ધૈર્ય અને ખંત જોઇને તો હું પણ પ્રભાવિત થઈ ગયો હતો. સ્પષ્ટ લાગતું હતું કે જ્યાં સુધી પેલા લોકોને બિલકુલ પરફેક્ટ નહિ આવડે ત્યાં સુધી વિક્ટર એમને છોડશે નહિ. તાલીમ લેનારાઓમાંથી એકબે તો રીતસર તૈયાર થઈ ગયા લાગતા હતા.

મને લાગ્યું કે કુંગ-ફુની તાલીમમાં ફેલુદા રસ લઈ રહ્યા છે એ વિક્ટર પેરુમલ પણ જાણી ગયા હતા. અને ફેલુદાની નજરમાં દેખાતો પ્રશંસાનો ભાવ કદાચ એને વધુ ઉત્સાહિત કરતો હતો. અંતે મિ. ગોરેના ગયા પછી એમણે ઈશારત કરીને ફેલુદાને પોતાની પાસે બોલાવ્યા. હાથમાં રહેલી સિગારેટ ફેંકી દઈ ફેલુદા તેમની પાસે પહોંચી ગયા.

'આઇએ મિસ્ટર મિત્તર, આપ ભી ટ્રાય કીજીએ. ઈટ્સ નૉટ સો ડિફિકલ્ટ.' ફેલુદાને આવકારતાં વિક્ટરે કહ્યું.

બધા તાલીમાર્થીઓ ગાદી પરથી ખસીને દૂર ચાલ્યા ગયા. પેરુમલે એક નાનકડા કૂદકા સાથે અદ્ભુત રીતે પોતાનો જમણો પગ માથા સુધી ઊંચો કરી સામેની દિશામાં લંબાવીને ફેલાવ્યો. એ વખતે સામે જો કોઈ હોત તો ચોક્કસ એ પગના મારથી લાંબા જ થઈ પડત.

ફેલુદાએ ગાદી પર ઊભા રહી પાંચ છ વાર નાનાનાના કૂદકા મારી પોતાના શરીરને તૈયાર કરી લીધું. પછી ફેલુદાથી ચારેક હાથ દૂર ઊભા રહી પેરુમલે કહ્યું : 'આઇએ, અબ મેરી ઓર પેર લગાઇએ.'

પેરુમલને ક્યાં ખબર હતી કે 'એન્ટર ધ ડ્રૅગન' જોયા પછી થોડા મહિના સુધી લગાતાર રોજ સવારે ફેલુદાએ અમારા દીવાનખાનામાં કુંગ-ફુની ઢબે હાથપગ વીંઝવાની પ્રૅક્ટિસ કરી હતી. જો કે એની પાછળ ગમ્મત સિવાય બીજો કોઈ ઉદ્દેશ નહોતો એ ખરું, પણ એમાંથી ફેલુદાને કુંગ-ફુની રીતે પગ વીંઝવાની સારી ફાવટ આવી ગઈ હતી.

'વન, ટુ, થ્રી' કહેતાંની સાથે જ ફેલુદાએ વિદ્યુતવેગે પોતાનો જમણો પગ વીંઝ્યો અને એ સાથે જ પેરુમલનું શરીર પાછળ ગબડીને ગાદી પર પછડાયું. જો કે મને ખબર હતી કે ફેલુદાનો પગ એમના શરીરને અડ્યો પણ નહોતો.

આ રીતે પછી પાંચેક મિનિટ સુધી વિક્ટર પેરુમલ અને પ્રદોષ મિત્તરનું કુંગ-ફુનું ડેમોન્સ્ટ્રેશન ચાલ્યું. મેં એ પણ જોયું કે દોઢેક મહિનાથી કૂદીકૂદીને જેમની જીભ બહાર નીકળી પડતી હતી એ, પેરુમલના શાગિર્દો આ બંનેનો ખેલ ફાટી આંખે જોઈ રહ્યા હતા. મને ખાતરી છે. તેમની નજરમાં જે ભાવ હતો તે અદેખાઇનો નહિ પણ પ્રશંસાનો જ હતો.

પાંચેક મિનિટ પછી બંનેએ હાથ મિલાવી એકબીજાને શાબાશી આપી બાકીના બધા લોકોએ તાળીઓ પાડી એમને વધાવ્યા.

લગભગ બે વાગ્યે પુલકબાબુ અને સંવાદ-લેખક ત્રિભુવન ગુપ્તેની સાથે અમે વરલીના 'કૉપર ચીમની'માં લંચ લેવા ગયા. અંદર ભારે ભીડ હતી, પણ પુલકબાબુએ અગાઉથી ટેબલ રિઝર્વ કરાવી રાખ્યું હતું.

'આપણી ફિલ્મનું નામ શું રાખ્યું છે, પુલક?' લાલમોહનબાબુએ પૂછ્યું. ફિલ્મના નામ અંગે તો મને યે કુતૂહલ હતું. 'બૉમ્બે કા ડાકુ' જેવું નામ તો હવે હિંદી ફિલ્મોમાં જુનવાણી ગણાય એમ મારું માનવું હતું.

'અરે હા! એ નામે તો અમને બહુ તંગ કરી દીધા હતા, લાલુદા!' પુલકબાબુએ જવાબ આપતાં કહ્યું, 'જે નામ વિચારીએ તે કાં તો વપરાઈ ગયું હોય યા બીજી કોઈ પાર્ટીએ રજિસ્ટર કરાવી લીધું હોય. આ ગુપ્તેજીને જ પૂછોને, કેટલીયે રાતની ઊંઘ હરામ કરી એ નામ માટે. અંતે ત્રણ દિવસ પહેલાં જે થયું તે હાઈ વૉલ્ટેજ સ્પાર્ક જ સમજોને.'

'હાઈ વૉલ્ટેજ સ્પાર્ક!?' લો વૉલ્ટેજ અવાજમાં લાલમોહનબાબુએ આશ્ચર્ય પામતાં પૂછ્યું, 'તે શું ફિલ્મનું નામ છે?'

'અરે, ક્યા લાલા! લાલુદા!' એકદમ હસી પડતાં પુલકબાબુ બોલ્યા. 'શું ભેજું ચલાવ્યું તમે? અરે, એ નામની તે ફિલ્મ ચાલે? હું તો ઇન્સ્પિરેશનની વાત કરતો હતો. ફિલ્મનું નામ તો છે 'જેટ બહાદુર'.

'શું!!' લાલમોહનબાબુ મોં પહોળું કરી આશ્ચર્યથી બોલી ઊઠ્યા.

'હા, જેટ બહાદુર. આ તમે બૉમ્બેમાં હશો ત્યાં સુધીમાં તો રસ્તાઓ પર ઠેરઠેર તેના હૉર્ડિંગ્સ લાગી યે જશે, લાલુદા. તમારી વાર્તાનું આનાથી વધુ જોરદાર નામ તો ખુદ તમને પણ નહિ સૂઝે. ઍક્શન, સ્પીડ, થ્રિલ—આ બધું જેટ શબ્દમાં આવી જાય છે, પ્લસ બહાદુર. અરે આ નામના અને કાસ્ટિંગના જોર પર જ ઑલ સર્કિટ્સ સોલ્ડ. બોલો લાલુદા, ઔર ક્યા ચાહિયે?'

લાલમોહનબાબુના હાસ્યનો વૉલ્ટેજ વધવાને બદલે ઘટી ગયો લાગ્યો. બિચારા, વિચારતા હશે કે શું ફિલ્મના નામ અને કાસ્ટિંગ પર જ આ બધો વેપલો? વાર્તાનું કંઈ મૂલ્ય જ નહિ? પણ પુલકબાબુએ એમની વિચારમાળા તોડી.

'અરે હા, તમે લોકોએ મારી એકે ય ફિલ્મ જોઈ છે કે નહિ?' એમણે પૂછ્યું. 'લોટસમાં 'તીરંદાજ' ચાલે છે. મારી લેટેસ્ટ ફિલ્મ છે. જ્યુબિલી કરી ચૂકી છે. આજે ઈવનિંગ શોમાં જોઈ આવો. હું મૅનેજરને કહી દઈશ, તમારા માટે ડ્રેસ સર્કલની ત્રણ ટિકિટો રાખી મૂકશે.'

અમે પુલકબાબુની એકેય ફિલ્મ જોઈ નહોતી. લાલમોહનબાબુને સ્વાભાવિક રીતે જ કુતૂહલ હતું તેથી તેમણે હા પાડી દીધી. આમે યે બૉમ્બેમાં ઓળખાણ પિછાણ ન હોય તો સાંજનો સમય પસાર કરવો મુશ્કેલ. વળી, મોટરગાડી અમારી પાસે જ રહેવાની હતી, બપોરે અમે નવરા હતા એટલે ડ્રાઈવરને માત્ર લોટસ સિનેમા પર લઈ જવાનું કહેવા સિવાય અમારે કંઈ કરવાપણું નહોતું.

અમે જમતા હતા ત્યાં એક માણસે આવીને પુલકબાબુના કાનમાં કંઈક કહ્યું. પુલકબાબુ અહીં હમેશાં આવતા હશે એ તો અમે અંદર પ્રવેશ્યા ત્યારે પુલકબાબુને આવકારતા વેઈટરના મોં પર જે સ્મિત જોએલું તે પરથી જ હું સમજી ગયેલો. હિટ ડિરેક્ટરોને આ શહેરમાં લોકો બહુ માન આપતા હોય એવું લાગ્યું.

સાંભળીને પુલકબાબુ બોલ્યા : 'તમારો ફોન છે, લાલુદા.'

સારું થયું લાલમોહનબાબુએ પુલાવ ભરેલો ચમચો મોંમાં મૂક્યો નહોતો, નહિ તો અચૂક અંતરસ જાત. પોતાના પર ફોન આવ્યાનું સાંભળી તે એટલા ચમકી ગયા હતા. પણ અત્યારે તો ચમચામાં ભરેલો પુલાવ માત્ર ટેબલ-ક્લૉથ પર જ વેરાયો.

'મિસ્ટર ગોરે બોલાવે છે.' પુલકબાબુએ ફોડ પાડતાં કહ્યું : 'કદાચ કંઈ ગુડ ન્યૂઝ પણ હોય.'

બેએક મિનિટમાં જ ફોન પર વાત પતાવી લાલમોહનબાબુ પાછા આવી ગયા. હાથમાં ફરી કાંટા-ચમચા લેતાં બોલ્યા : 'ચાર વાગ્યે આપણને પોતાને ઘેર બોલાવ્યા છે. થોડી ધનપ્રાપ્તિ થશે એમ લાગે છે.' અને પછી મરકમરક થતા ચહેરે તેઓ ભોજનરસ માણવા લાગ્યા. મતલબ કે આજ સાંજ સુધીમાં લાલમોહનબાબુના ખિસ્સામાં દસ હજાર રૂપિયા આવી જશે. આ સમજી જઈ તુરત ફેલુદાએ એમને કહ્યું : 'હવે પરમ દિવસનું લંચ તમારા માથે, અને એ યે આ કૉપર-ટૉપરમાં નહિ, એકદમ ગૉલ્ડન ચીમનીમાં જોઇશે.'

રૂમાલ રોટી, પુલાવ, નરગીસી કોફ્તા અને કુલ્ફી વગેરે ખાઇને અમે જ્યારે કૉપર ચીમનીમાંથી બહાર આવ્યા ત્યારે લગભગ પોણા ત્રણ થયા હતા. પુલકબાબુ અને મિ. ગુપ્તે સીધા સ્ટૂડિયો પર ગયા. 'જેટ બહાદુર'નો કેટલોક સંવાદ લખવાનો બાકી હતો. 'પ્રત્યેક સંવાદ એકદમ ધારદાર બનાવવો પડે ને, એટલે જ આમ વાર લાગે.' પુલકબાબુએ ખુલાસો કરતાં કહ્યું. પણ ગુપ્તેજી તો મોંમાં ભેરવેલી ચિરૂટ હલાવવા સાથે જરા મરકીને ચૂપ જ રહ્યા. સંવાદો લખતા આ સજ્જન સ્વયં બહુ ઓછો સંવાદ કરતા હોય તેવું લાગ્યું.

પાન ખરીદીને અમે ગાડીમાં બેઠા. ડ્રાઈવરે પૂછ્યું : 'શાલિમાર?'

'બૉમ્બે આવીને ગેટ વે ઑવ ઇન્ડિયા ન જોઇએ તો કંઈ ચાલે? ચલિયે, હમેં તાજમહાલ હોટેલ કે પાસ લે ચલિયે.'

'બહુત અચ્છા.' કહી ડ્રાઈવરે ગાડી ચાલુ કરી. એ સમજી ગયો હતો કે કેવળ આ શહેર જોવા સિવાય અમારે કોઈ કામ નહોતું. આથી

ખાસ્સું લાંબું ચક્કર લઈ વિક્ટોરિયા ટર્મિનસ, ફ્લૉરા ફાઉન્ટન, ટેલી કૉમ્યુનિટી સેન્ટર, પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ વગેરે બતાવી ગેટ-વે ઑવ ઇન્ડિયા સામે ગાડી ખડી કરી દીધી.

નજર સામે જ અરબી સમુદ્ર પથરાયો હતો. ગણીને જોયું તો નાની મોટી અગિયાર સ્ટીમરો ઊભી હતી. અહીંનો રસ્તો પણ ખાસ્સો પહોળો હોઈ બહુ મોકળાશ અનુભવાતી હતી. એક તરફ ઘોડેસવાર છત્રપતિ શિવાજીની પ્રતિમા અને બીજી તરફ દુનિયાભરમાં ખ્યાત તાજમહાલ હોટેલ. આ હોટલને અંદર જઈને પણ જોવી જ જોઈએ. જો કે એને બહારથી જોઈને યે મારી આંખો ચકળવકળ થઈ જતી હતી.

તાજમહાલની શીતલ લૉબીમાં દાખલ થતાં જ મારી તો આંખો ફાટી રહી. જાણે કોઈ બીજા જ દેશમાં આવી ગયા હોઇએ એમ લાગ્યું. આટલી બધી જાતના ને આટલા બધા લોકોને એક સાથે તો મેં ક્યારેય જોયા નહોતા. ગોરા યુરોપીઅનો કરતાં ય અહીં આરબો વધુ દેખાતા હતા. ફેલુદાને તેનું કારણ પૂછ્યું. કહે, 'આજકાલ બૈરૂત જવાનું બંધ થઈ ગયુ હોઈ આ બધા આરબો બૉમ્બેમાં રજા માણવા આવે છે. એમને ત્યાં ખનિજ તેલની છોળ છે એટલે, એમની પાસે પૈસાની પણ રેલમછેલ છે.'

થોડીક વાર આડાઅવળા આંટાફેરા કરી હોટેલના જુદાજુદા ભાગ જોઈ અમે ફરી ગાડીમાં બેસી ગયા. અને જ્યારે શિવાજી કૅસલની લિફ્ટનું બટન દબાવ્યું ત્યારે ક્યાંકથી ચાર વાગ્યાના ડંકા સંભળાતા હતા.

અમારે બારમા માળે જવાનું હતું. લિફ્ટમાંથી બહાર નીકળી જોયું તો ત્રણ તરફ ત્રણ ફ્લૅટનાં બારણાં દેખાતાં હતાં. એમાંના વચલા પર લખ્યું હતું, 'જી. ગોરે'. કૉલબેલનું બટન દબાવતાં જ યુનિફૉર્મ પહેરેલા બેરાએ બારણું ખોલ્યું.

'અંદર આઇયે, સા'બ.' લાગ્યું કે મિ. ગોરેએ અમારા આવવાની વાત કરી રાખી હશે.

'આવી ગયા! આવો, હું તમારી જ રાહ જોતો હતો.' અંદર પ્રવેશ કરતાં જ મિ. ગોરેનો અવાજ સંભળાયો, અને સાંકડા પૅસેજ-માંથી એમને ખુદને હસતે મોંએ આવતા દીઠા. અમને પૂછ્યું, 'હાઉ વૉઝ ધ લંચ?'

'વેરી વેરી ગુડ.' જટાયુએ ઉત્તર આપ્યો. અમને બેસવાનું કહી મિ. ગોરે બહાર ગયા. તેમનો ડ્રૉઇંગરૂમ જોઈ હું આશ્ચર્યથી ચકિત જ થઈ ગયો. કલકત્તાના અમારા ઘરનો પૂરો એક મજલો આ ખંડમાં સમાઈ જાય એટલો એ મોટો હતો. પશ્ચિમ તરફની હારબંધ કાચની બારી-માંથી સમુદ્ર દેખાતો હતો. ખંડની સજાવટની એકેએક ચીજ બેત્રણ હજારની હશે જ! તે ઉપરાંત, આખી ભોંયને આવરી લેતો વૉલ ટુ વૉલ કાર્પેટ, દીવાલ પરનાં પેઇન્ટિંગ્સ, સિલિંગ પરથી લટકતું શૅન્ડલીઅર (ઝુમ્મર) આ બધું પણ અહીંની સમૃદ્ધિની શાખ પૂરતું હતું. એક તરફની આખી ભીંત રોકતી બુકશેલ્ફમાં નવાંનકોર દેખાતાં મોંઘાંમોંઘાં પુસ્તકોની સોનેરી નામાક્ષરોવાળી સ્પાઇનો ચળકતી હતી.

ફેલુદાની સાથે હું એક જાડી ગાદીવાળા સોફા પર બેઠો. અમારી જમણી બાજુ ગાદીવાળી એક મોટી ખુરશીમાં લાલમોહનબાબુ ગોઠવાયા. હજી તો બેઠા ત્યાં જ એક જબ્બર કૂતરો આવી ચડ્યો અને ઓરડાની વચ્ચે ઊભો રહી અમારી તરફ તાકી રહ્યો. લાલમોહનબાબુના ચહેરા પરની સુરખી ઊડી ગઈ. ફેલુદાએ કૂતરા તરફ હાથ લંબાવી ચપટી વગાડી એટલે કૂતરો એની તરફ આગળ વધ્યો. ફેલુદાએ ધીમા અવાજે મને કૂતરાની જાત કહી: 'ગ્રેટ ડેન.'

'ડયુક, ડયુક' બારણા પાસેથી મિ. ગોરેનો અવાજ સંભળાયો. તરત કૂતરો ફેલુદાને છોડી એમની તરફ દોડી ગયો. મેં જોયું કે મિ. ગોરેના હાથમાં એક કવર હતું. અંદર આવીને તેઓ લાલમોહનબાબુની બાજુની બીજી ખુરશી પર બેસતાં બોલ્યા: 'તમારું કામ બરાબર તૈયાર રાખવાનું મેં નક્કી કરેલું, પણ વચ્ચે બેત્રણ ટ્રંકકૉલ આવી ગયા.' આમ કહી એમણે પેલું કવર લાલમોહનબાબુ સામે ધર્યું. હાથને મનના જોરે કંપતા રોકીને લાલમોહનબાબુએ તે કવર લીધું, ખોલ્યું અને અંદરથી સોસો રૂપિયાની કોરીકટ નોટોની એક થોકડી બહાર કાઢી.

'ગણી લો. ધેર શુડ બી વન હંડ્રેડ નોટ્સ ધેર.' મિ. ગોરેએ કહ્યું.

અને અતિ પ્રયત્ને હાથને સ્થિર રાખી લાલમોહનબાબુએ નોટો ગણવાનું પૂરું કર્યું તેટલી વારમાં તો ચાંદીના ટી-સેટમાં અમારા માટે ચા આવી ગઈ. અલબત્ત, સાથે બિસ્કિટની ડિશ પણ હતી જ.

'તમારો વધુ પરિચય તો અભિતક મળ્યો જ નહિ.' મિ. ગોરેએ ફેલુદા ભણી જોઈ પૂછ્યું.

'મિસ્ટર ગાંગુલીનો ફ્રેન્ડ – એ જ મારો પરિચય.' ફેલુદાએ ટૂંકમાં જ પણ વિવેકથી જવાબ આપ્યો.

'નો સર! ધેટ ઈઝ નૉટ ઈનફ. યુ આર નોટ એન ઑર્ડિનરી પર્સન. તમારી આંખો, તમારો અવાજ, તમારી હાઇટ, વૉક, બૉડી, નથિંગ ઈઝ ઑર્ડિનરી. તમે ભલે હમકો ન બતાઓ, લેકિન હમ તુમ્હે સિર્ફ મિ. ગાંગુલી કા દોસ્ત હી માનને કો તૈયાર નહિ.'

ફેલુદાએ જરા હસીને ચાનો લાંબો ઘૂંટડો લઈ એકદમ વાત બદલી નાખતાં બોલ્યા, 'આપની પાસે તો ઘણાં બધાં પુસ્તકો છે.'

'હા, બટ આઈ ડૉન્ટ રીડ ધેમ. વો સબ કિતાબ ઑન્લી ફૉર શો. તારાપોરવાલાની દુકાને કાયમી ઑર્ડર આપી રાખ્યો છે, એની ગુડ બુક ધેટ કમ્સ આઉટ, એક કૉપી હમકો ભેજ દો.'

'એક બંગાળી પુસ્તક પણ તેમાં દેખાય છે ને શું?'

ફેલુદાની નજર પણ કમાલ છે! એ હારબંધ વિવિધ ચોપડીઓની વચ્ચે આટલે દૂરથી એણે એક બંગાળી ચોપડી પકડી પાડી.

મિ. ગોરે હસી ઊઠ્યા, 'બંગાલી હી ક્યા? મિ. મિટર, એમાં હિંદી, મરાઠી ગુજરાતી બધી જ છે. મારો એક માણસ આ ભાષાઓ જાણે છે. મિ. ગાંગુલીની કિતાબની પણ મેં આઉટલાઈન વાંચી છે. યુ સી, મિ. મિટર, ફિલ્મ બનાને કે લીએ તો...'

એકાએક ફોનની ઘંટડી રણકી ઊઠી. બારણા પાસે ટિપૉય પર એક સફેદ ટેલિફોન હતો. મિ. ગોરેએ ઊભા થઈ તે ઉપાડ્યો. 'હલો...હા, હા...હોલ્ડ ઑન પ્લીઝ...', ને પછી કહે. 'તમારો ફોન છે. મિ. ગાંગુલી.'

લાલમોહનબાબુને વારેવારે ચમકવું પડતું હતું. મને થયું એમના હાર્ટ-બાર્ટને કંઈ નુકસાન ન થાય તો સારું.

'પુલકબાબુ છે કે...?' ઊભા થતાં એમણે પૂછ્યું.

'નો, સર!' મિ. ગોરે બોલ્યા, 'આઈ ડૉન્ટ નો ધીસ પર્સન.'

'હલો...' ફેલુદા આડી નજરે લાલમોહનબાબુ તરફ જોઈ રહ્યા હતા.

'હલો...હલો...' 'લાલમોહનબાબુ અકળાતા હતા. અમારી તરફ જોઈ કહે. 'કોઈ કંઈ બોલતું નથી.'

'લાઈન કટ ગઈ હોગી.' મિ. ગોરે બોલ્યા.

'ના, ના બીજા બધા અવાજ તો સંભળાય છે.' લાલમોહનબાબુએ માથું ધુણાવતાં કહ્યું. તુરત જ ફેલુદાએ ઊભા થઈ એમના હાથમાંથી ફોન લઈ લીધો.

'હલો...હલો...' પણ અંતે ફેલુદાએ ફોન મૂકી દેતાં કહ્યું, 'સામેથી ફોન મૂકી દીધો છે.'

'નવાઈ કહેવાય! કોણ હશે?'

'એની ચિંતા ન કરો, મિ. ગાંગુલી. મિ. ગોરેએ કહ્યું, બૉમ્બેમાં તો આવું હરરોજ બન્યા જ કરે છે.'

ફેલુદાને ફરી બેસતા ન જોઇ અમે પણ ઊભા થયા. લાલમોહનબાબુના ખિસ્સામાં આટલી મોટી રકમ પડી હતી એટલે આ રહસ્યજનક ફોનની

ઘટનાએ એમને બહુ વિચલિત કર્યા નહિ. પળમાં તો એ સ્વસ્થ બની જઈ બોલ્યા, 'અમે આજે પુલકબાબુની ફિલ્મ જોવા જવાના છીએ.'

બારણા સુધી અમને વળાવવા આવેલા મિ. ગોરેએ કહ્યું, 'ડૉન્ટ ફરગેટ એબાઉટ હેવ ટુ-મોરો, તમારી પાસે ટ્રાન્સપોર્ટ તો છે ને?'

અમે એમને પુલકબાબુએ આપી રાખેલી ગાડીની વાત કરી.

બહાર આવી લિફ્ટનું બટન દબાવતાં ફેલુદાએ કહ્યું, 'જોયું ને લાલમોહનબાબુ, મની-મતલબ પૈસા કોને કહેવાય?'

'જોયું, મોશાય. અને એમાંના થોડાક અત્યારે મારા ખિસ્સામાં પડયા છે.'

'નહિ નહિ તો બે લાખ રૂપિયા જેટલી રકમ તો એમને માટે કંઈ વિસાતમાં નહિ હોય. રૂપિયા આપીને તમારી પાસેથી પહોંચ પણ ન માગી. એનો અર્થ એ કે તમારું ખિસ્સું કાળું થઈ ગયું; અંધકારમાં વમાડે આ પહેલું પગલું લાલમોહનબાબુ.'

અવાજ સાથે ઉપરના માળેથી લિફ્ટ આવીને ઊભી રહી.

'એ તમે ગમે તે કહો, ફેલુબાબુ; પણ ખિસ્સામાં પૈસા આવી જાય તો એ કાળા હોય કે પછી...' ફેલુદા લિફ્ટનું બારણું ખોલવા ગયા એટલે લાલમોહનબાબુએ વાક્ય અધૂરું જ છોડી દીધું. પરંતુ આ બાજુ જેવું લિફ્ટનું બારણું ખૂલ્યું કે એક ઉગ્ર વાસ ચોપાસ ફેલાઈ ગઈ. એ જ ગુલબહાર સેન્ટની વાસ. અમે ત્રણેય તેનાથી હવે પરિચિત હતા, લાલમોહનબાબુ તો ખાસ. ધડકતી છાતીએ હું ફેલુદાની પાછળ લિફ્ટમાં દાખલ થયો. 'ગુલબહાર સેન્ટ મિ. સાન્યાલ ઉપરાંત બીજા પણ ઘણા લોકો ચોક્કસ વાપરતા હશે.' મારાથી બોલ્યા સિવાય ન રહેવાયું.

ફેલુદાએ કશો જવાબ ન આપતાં નીચે જવાને બદલે સત્તર નંબરનું બટન દબાવ્યું. અમે બીજા પાંચ માળ ઉપર ગયા.

નીચેના મજલાની જેમ અહીં પણ ત્રણ ફ્લૅટ હતા. ડાબી બાજુના બારણા પર લખ્યું હતું—એચ. હેકરથ. ફેલુદાએ કહ્યું કે એ જર્મન નામ હતું. જમણી બાજુનો ફ્લૅટ હતો એન. સી. મનસુખાનીનો. તળ સિંધી નામ. વચ્ચેના ફ્લૅટના બારણે કોઈ નામ નહોતું.

'ખાલી લાગે છે.' લાલમોહનબાબુ બોલ્યા.

'ન પણ હોય.' ફેલુદાએ કહ્યું : 'બધા જ કંઈ બારણે પોતાનું નામ લગાડે એવું નથી. ઈન ફૅક્ટ, મને ખાતરી છે કે આ ફ્લૅટમાં પણ કોઈ રહે છે.' અમે બંને ફેલુદા ભણી જોઈ રહ્યા. વળી તેમણે ઉમેર્યું, 'આ કૉલબેલનું બટન વપરાતું ન હોય તો તેના પર ધૂળ જામી જવી જોઈએ. પણ અહીં નથી જામી. તમે જ જુઓ, બાજુના બંને ફ્લૅટના બટન સાથે તેને સરખાવી જુઓ. ત્રણેયનો વપરાશ થતો હોવાનું સ્પષ્ટ જણાય છે.' અમે જોયું. ફેલુદાની વાત તદ્દન ખરી લાગી. વચલા ફ્લૅટનાં બટન પર લેશમાત્ર ધૂળ નહોતી.

'હવે શું કરશો, ફેલુબાબુ? તમે આ બટન દબાવવાના છો?' કંપતા સ્વરે લાલમોહનબાબુએ પૂછ્યું.

ફેલુદાએ જો કે બટન તો ન દબાવ્યું, પણ એણે જે કર્યું તે તો એથી યે વધુ તાજ્જુબીભર્યું હતું. જમીન પર ઊંધા પડીને એણે લાંબા થઈને બંધ બારણાં નીચે પડતી ફાટમાં નાક ધરીને ત્રણ વાર જોરથી શ્વાસ લઈ ઊભા થતાં બોલ્યો : 'કડક કૉફીની વાસ આવે છે.'

અને તે પછી યે લિફ્ટનો ઉપયોગ ન કરતાં એમણે દાદર પરથી ઊતરવા માંડયું. પ્રત્યેક માળ પર અર્ધી-પોણી મિનિટ સુધી ફરીફરીને એણે શું જોયું એ તો એ જ જાણે. છેક નીચે પહોંચ્યા ત્યારે પાંચ વાગીને ઉપર દસ મિનિટ થઈ હતી.

બરાબર સમજાઈ ગયું હતું કે મૅાસ્ટ આવીને અમે એક પેચદાર રહસ્ય સાથે સંકળાઈ ગયા હતા. (ચાલુ)

અનુસંધાન] માર્શલ ટિટો [પૃષ્ઠ ૨૫૬થી

રાજ્યની સંસ્થાઓ અને બાહ્ય ઉપકરણોને ઘાટઘૂટ આપવામાં એમને અખૂટ રસ હતો અને તેની પ્રત્યેક વિગતો તે ઝીણવટથી તપાસતા. ટિટો મોટા ચિંતક નહિ પણ એક સમર્થ સંગઠનને વ્યવહારુ રાજપુરુષ હતા'.

એમની આ વ્યવહારદક્ષતા અને ઉપયોગી આદર્શવાદિતા એમના જીવનમાં ઠીકઠીક જોવા મળે છે. પોતાના ઉત્તરાધિકારનો પ્રશ્ન એમણે સરમુખત્યારની રીતે ઉકેલવાને બદલે વૈધાનિક રીતે ઉકેલવાનું ગોઠવ્યું અને દેશની ધુરા વહેવા માટે સામૂહિક નેતૃત્વનો ખયાલ ઉપસાવ્યો. પક્ષ અને રાજતંત્ર બન્ને માટે જુદાજુદા માણસો યોજીને વારાફેરા પણ નક્કી કર્યા. સરમુખત્યારોને ખાતે જમા હોય છે એવી નૃશંસલીલા ટિટોની ખાતાવહીમાં ચઢેલી નથી. સ્વહિતાય એમણે ધનદોલત જમા કર્યાં હોય, સગાંવહાલાંને ન્યાલ કર્યાં હોય એવા દાખલા પણ હજુ સુધી નોંધાયા નથી. એમને બે પુત્રો છે એ ખોળી કાઢવા બિલાડી મૂકવી પડે! જે રાજ્યપ્રથામાં ટિટો સર્વેસર્વા હતા. ત્યાં તેમણે દાખવેલો સંયમ પણ નોંધનીય છે. યુગોસ્લાવિયા કરતાં પણ પોતાની ઊંચાઈ ને વજન ટિટો વધારી શક્યા તેમાં તેમના ઉપર્યુક્ત અભિગમનો ફાળો નાનો નહિ હોય.

એક વ્યક્તિ તરીકે જિંદગી અને તેના આનંદપ્રમોદોને ટિટો ભરપેટ ચાહતા. સરસ ખોરાક, ઉત્તમ સુરા, ઊંચી સિગારેટ, બ્રિયોની ટાપુની મનોહર વનશ્રી અને રૂપકડી વિલા, બેલગ્રેડનો વૈભવ અને તેનો શ્વેત-મહેલ, સફેદ કેડિલેક કે રોલ્સ રોઈસ, બાહ્ય જીવનનાં અલંકરણોનો આવો ઠાઠમાઠ એમને અંતરથી ગમતો. આવું ઉલ્લાસમય જીવન છુટાઈ જવાનું છે એ કલ્પના પણ ટિટોને વસમી લાગતી. મોતનો ઉલ્લેખ પણ તેમને ગમતો નહિ. જીવનની મમતા ય એવી કે કોઈ સ્મશાનયાત્રામાં ભાગ લેવા એ તૈયાર ન થતા. નેહરુ અને નાસર જેવા ખૂબ નિકટના સાથીઓની સ્મશાનયાત્રાઓ તેમણે ટાળી હતી. પોતે જેને ચાહતા હતા એ જીવનને જકડી રાખવા એમણે આમરણ પ્રયાસ કર્યો, પરંતુ લ્યૂબલ્યાનાની ઇસ્પિતાલમાં દીવો આખરે હોલવાઈ ગયો. ૪ મે, ૧૯૮૦ના રોજ વિધાતાએ એમનો ભાંગ્યોતૂટ્યો દેહ ઉપાડી લીધો.

સામ્યવાદી જગતમાં લેનિન, માઓ, હો ચી મિન્હ જેવાં નામો સાથે, યુરોપના અને અમેરિકાના દેશોમાં રૂઝવેલ્ટ, ચર્ચિલ, દ'ગોલ તથા અગ્રથિત રાષ્ટ્રોમાં નેહરુ, નાસર, સુકર્ણ, અંકુમા ઇત્યાદિ નામો સાથે ટિટોના નામની ગણના થતી. યુરોપના એક દેશ તરીકે ફ્રાન્સ અને સ્કેન્ડિનેવિયન દેશો સાથે તેમણે મૈત્રીસભર સંબંધો સ્થાપ્યા હતા ને જર્મની સાથેના ઝઘડાની પતાવટ કરીને તેમણે આદર મેળવ્યો હતો. ત્રીજા જગતના અને અન્ય અગ્રથિત દેશોની બિનજોડાણની નીતિનો સતત પુરસ્કાર કરીને એ આંદોલનના એ પ્રણેતા બન્યા હતા. વય અને સ્વાસ્થ્યના અવરોધો છતાં હવાનામાં મળેલી અગ્રથિત દેશોની-તેમને માટે છેલ્લી નીવડેલી-પરિષદમાં રશિયાના પ્રભુત્વને દાખલ કરવાની ફિડેલ કાસ્ટ્રોની પેરવીનો મુકાબલો કરીને ટિટોએ પરિષદને ઉગારી લીધી હતી.

ટિટોનું અંતિમ પ્રસ્થાન માનવજાતની શિખર પરિષદ સમું ભવ્ય અને દબદબાભર્યું હતું. ૧૨૩ દેશોમાંથી-ચાર રાજાઓ, બત્રીસ પ્રમુખો અને રાજ્યના વડાઓ, બાવીસ વડા પ્રધાનો, સામ્યવાદી પક્ષોના સો જેટલા મંત્રીઓ અને પ્રતિનિધિઓ એમની સ્મશાનયાત્રામાં હાજરી આપવા આવ્યા હતા. બેલગ્રેડની શેરીઓ આદર અને શોકના વહેણથી ઊભરાઈ હતી. ટિટોના મૃતદેહને તેમની ઇચ્છા અનુસાર રાજધાની પાસેના ઉપનગર દેદિંજમાં પોઢાડવામાં આવ્યો અને અવશેષ ઉપર ધરતીની ધૂળ પાથરવામાં આવી.

ટિટોએ મૂકેલી રાજ્યપ્રથા અને તેનું સામૂહિક નેતૃત્વ આજે હયાત છે. પેલા સાત પાડોશીઓ, છ પ્રજાસત્તાક રાજ્યો, પાંચ પ્રજાઓ, ચાર ધર્મો, ત્રણ ભાષાઓ અને બે લિપિઓ બધું જ હયાત છે, પરંતુ એ બધાંને સાંકળી રાખે એવા એક પ્રમુખ ક્યાં છે? □

વિપ્લવી ઇતિહાસની સમાંતર યાત્રા

માર્ચ ૧૯૩૧ની અવિસ્મૃત ફાંસીના અર્ધ-શતાબ્દી વર્ષે સશસ્ત્ર ક્રાંતિકારોના ઇતિહાસનું પુનર્મૂલ્યાંકન

લેખક · વિષ્ણુ પંડયા

કોઈ દમ કા મેહમાં હૂં અય અહલે મહફિલ
ચિરાગે સહર હૂં બુઝા ચાહતા હૂં
મેરી હવામેં રહેગી ખયાલોં કી બિજલી
યહ મુસ્તે ખાક હૈ ફાની, રહે યા ન રહે!

માર્ચ, ૧૯૩૧માં લાહોર જેલમાંથી લખેલા એક પત્રમાં, ભગતસિંહે પોતાના ભાઇને આમ આશ્વાસન આપ્યું હતું. અને થોડાક જ દિવસો બાદ, ૨૭ માર્ચ, ૧૯૩૧ના રોજ તો એ પોતાના જવાંમર્દ સાથી-રાજગુરુ અને સુખદેવની સાથે ફાંસીના તખ્ત પર ચઢી ગયા. શેષ રહ્યું એક રક્તિમ સૂત્ર : ઇન્કિલાબ ઝિન્દાબાદ!

એ અવિસ્મૃત ફાંસીની અર્ધશતાબ્દીના વર્ષે ફરી એના એ પ્રશ્નો મનમાં ઊભરાય છે. શા માટે ફાંસીના ઝૂલાને શ્રાવણના ઝૂલા માનીને હુતાત્મા બની જતા હતા આ તરવરિયા યુવકો? કઈ શક્તિ કાચી વયના કિશોરોને ય, માબાપથી દૂર, વિસ્ફોટના સહાસવંતા જોખમી સંસાર તરફ આકર્ષતી હતી? ચૂપચાપ મૃત્યુના અંધાર તરફ ધકેલાતા આ પંક્તિબદ્ધ શહીદોની સાથે ગીતાનાં જ્ઞાન અને ઉપનિષદનાં સ્તોત્ર પણ હતાં. એમના મનમાં રહેલી એષણાઓ પણ ધ્યેયનાં કેવાં ઊંચાં શિખરે બિરાજિત હતી. 'બિસ્મિલ'ની ગીત પંક્તિમાં—

વક્ત આને પર બતા દેંગે તુઝે એ આસમાં
હમ અભી સે ક્યા બતાયેં ક્યા હમારે દિલમેં હૈ?

દુ:ખદ આશ્ચર્ય એ છે કે આજે, પચાસ વર્ષે ય આપણે ત્યાં ભારતના સશસ્ત્ર ક્રાંતિકારોનાં શસ્ત્ર અને શાસ્ત્ર વિષે પર્યાપ્ત ચિત્ર રજૂ કરી શકે એવા ઇતિહાસ-ગ્રંથો દુર્લભ છે. છેલ્લાં સો-બસો વર્ષના ઇતિહાસનાં એવાં ઘણાં તથ્યો છે જે કાં તો વિસ્મૃત કરી દેવાયાં છે, યા તો તેની અવગણના થઈ છે. ક્યાંક તોડીમરોડીને વિકૃત પણ કરાયાં છે.

જેમ સાહિત્યમાં, તેમ ઇતિહાસમાં પણ ઘણા કાલખંડો વિષે પુન:લેખન અને પુનર્મૂલ્યાંકન થતું રહેવું જોઇએ. એમ કરવાથી પૂર્વગ્રહનાં દૂષિતો ઓછાં થાય છે, અતિશયોક્તિ પણ ઘસાય છે. ગઅર્ટેએ લખેલું :

'માત્ર નવાં તથ્યોનું ઉમેરણ થાય છે તેથી જ એના એ ઇતિહાસનું વારંવાર લેખન થતું રહેવું જોઇએ એવું નથી. આવાં પુનર્લેખનથી દષ્ટિપથ પર નવાં દર્શન પણ પ્રકટે છે; જેમનો અતીતમાં માનભેર નિર્દેશ થયો હોય તેવાં પાત્રોને નવેસરથી ન્યાય પણ મળે છે અને તત્કાલીન યુગના વિકાસમાં તેઓ ક્યાં ઊભા હતા તેનો ખયાલ મળી રહે છે.'

આ દષ્ટિએ પણ આપણા સ્વાતંત્ર્યકાળને નજદીક લાવનાર એ સંખ્યાબંધ અપરિચિતોને અતિપરિચિત બનાવતું ઇતિહાસલેખન થાય તો તેનું મૂલ્યાંકન પણ થઈ શકે. તેને બદલે કાં તો તેમાંથી કેટલાકને અતિશયોક્તિભરી રીતે એકાદ દિવસે યાદ કરીને ભૂલવી દેવામાં આવે છે અથવા તેની અવગણના પણ થાય છે. ૧૮૫૭ને સ્વાતંત્ર્ય સંગ્રામ કહેવો કે બળવો એ વિવાદ હજી ચાલે છે. છેક ૧૯૪૫ સુધી કોઇ ને કોઈ રીતે ચાલુ રહેલી ક્રાંતિકારોની પ્રવૃત્તિને 'માથાં ફરેલા, મુઠ્ઠીભર જુવાનિયાઓનાં દુ:સાહસ'માં ખપાવી દેવામાં આવે છે. તેને લીધે એ પ્રવૃત્તિથી જનમત-જાગૃતિ અને પછીના તબક્કે સત્તાપરિવર્તન એવી વૈચારિક પ્રતિબદ્ધતા હતી તેનું વ્યવસ્થિત રીતે મૂલ્યાંકન ભાગ્યે જ થવા પામ્યું છે.

વાસ્તવમાં, લગભગ સિત્તેર વર્ષના લાંબા ફલક પર પથરાએલી આપણી એ ક્રાંતિપ્રવૃત્તિનાં ઘણાં મહત્ત્વનાં પાસાં હતાં; તેમાંનું એક અન્યાયના પ્રતિકારનું પણ હતું; તેમાંથી જ જન્મી હતી. ધધકતી જ્વાળાઓ. ૧૮૫૭ની નિષ્ફળતાને રાણી વિક્ટોરિયાના ઢંઢેરાથી જ માપી શકાય તેમ નથી, તેના પ્રત્યુત્તર રૂપે ભોપાળની બેગમોએ બહાર પાડેલો ઢંઢેરો ય એટલો જ ઐતિહાસિક છે. તત્કાલીન અંગ્રેજ ઇતિહાસકારોએ નોંધ્યું છે તેમ જો તે કેવળ 'સિપાહીઓનો બળવો' હોત તો ફિરંગીઓ સામેના યુદ્ધમાં ત્રણ લાખ લોકો શા માટે મોતને ભેટયા હોત? અને, બહાદુરશાહ ઝફર, નાનાસાહેબ કે લક્ષ્મીબાઈ માટે તેના સૈનિકોએ સંયુક્ત લડાઈ શા માટે ખેલી હોત?

એક બીજી વાત પણ લક્ષમાં રાખવા જેવી છે કે માત્ર સંકુચિત સ્વાર્થપૂર્તિ માટે કોઈ યુદ્ધ ખેલાયું હોય તો પછીની પેઢી તેમાંથી પ્રેરણા લેવાની મૂર્ખામી કરતી નથી. ૧૮૫૭ વિષે એમ કહી શકાય તેમ છે ખરું? 'ઇંડિયા હાઉસ'ના ક્રાંતિકારો, 'ગદર' ચળવળના સૂત્રધારો, અનુશીલન સમિતિના સભ્યો, કંઈક અંશે ડાબેરી વિચારધારા તરફ વળેલા ભગતસિંહ ને તેના સાથીઓ અને છેક ૧૯૪૫ની નેતાજી સુભાષ બોઝની આઝાદ હિંદ ફોજ, નૌસેનાનો બળવો—એ બધાંએ તો કોઈ ને કોઈ રીતે પોતાનું પ્રેરણાસ્થાન ૧૮૫૭ને રાખ્યું હતું. આ મુદ્દો વિસારીને આપણા ઇતિહાસકારો આગળ ચાલ્યા છે તેથી ૧૮૫૭ને સિપાહીઓનો બળવો કહેવા દોરવાયા છે.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની સુખ્યાત નવલકથા 'આનંદમઠ' વિષે એક રોચક તથ્ય હવે પ્રકાશમાં આવ્યું છે. આ નવલકથામાંનું 'વન્દે માતરમ્' જેવું દિવ્ય ભવ્ય ગીત લેખકે કઈ પ્રેરણામાંથી રચ્યું હશે? લેખકે સ્વીકાર કર્યો છે કે ૧૮૫૭માં ભાગ લેનારા કેટલાક ક્રાંતિકારી સાધુઓની તેમને ઓળખાણ થઈ હતી. આ સાધુઓ ૧૮૫૭માં પ્રચલિત એક સૂત્ર 'વંદે માતરમ્' પણ વારંવાર બોલતા હતા તેમાંથી આ કાવ્યનો મર્મ પ્રસ્ફુટિત થયો.

વન્દેમાતરમ્‌નું આ મિતાક્ષરી ભાવસૂત્ર પણ ક્રાંતિપ્રવૃત્તિને સમજવા પર્યાપ્ત સામગ્રી બની રહે તેવું છે. તા. ૧ જુલાઈ, ૧૯૦૯ લંડનમાં કર્નલ વાયલીની હત્યાને એ દૃષ્ટિએ પણ તપાસતાં કેટલીક અકથ્ય સામગ્રી પ્રાપ્ત થાય છે. મદનલાલ ધીંગરાનો પરિવાર પંજાબનું શ્રીમંત ઘરાનું ગણાતો. લાહોરથી ઇંગ્લૅંડ નીકળવાના આગલા દિવસે જ તેના વિવાહ થયા હતા. લંડનમાં ધીંગરાની કારકિર્દી વિષે માબાપ, ભાઈ વગેરેને ચિંતા હતી, કેમ કે પૂછ્યા વિના જ તેણે ઘર છોડેલું! કર્નલ વાયલીનો ધીંગરા-પરિવાર સાથે ગાઢ નાતો હતો; અને તે જ કુટુંબનો સભ્ય મદનલાલ લંડનમાં શ્યામજી કૃષ્ણ વર્માની સંગત કરે એ તેઓને માટે અસહનીય હતું. કર્નલ વાયલી પહેલાં ભારતમાં હતા, પણ પછી ઇંગ્લૅંડમાં સ્થાયી થતાં મદનલાલના ભાઈ કુન્દનલાલે વાયલીને પત્ર લખીને 'મદનલાલને સાચવવા' જણાવેલું. પિતાએ એક પત્રમાં શ્યામજીની 'ખરાબ સંગત'નો રોષ ઠાલવેલો. કર્નલ વાયલીએ પણ ધીંગરાને ૧૯૦૯ની ૧૩મી એપ્રિલે એક પત્ર લખીને કહેલું કે હું લંડન આવું છું, ત્યારે મને જરૂર મળજે. મદનલાલ મળ્યો તો ખરો, પણ ભરી રિવૉલ્વરની સાથે! આમ કેમ બન્યું તેનો ઉત્તમ પ્રત્યુત્તર આપણને કોર્ટમાં ધીંગરાએ કરેલા નિવેદનના આ ભાગમાંથી મળી શકે.

'હું સ્વીકારું છું કે મેં મારા દેશવાસીઓને મળી રહેલી કાળાપાણીની



શ્યામજી કૃષ્ણ વર્મા



મદનલાલ ધીંગરા



રામપ્રસાદ બિસ્મિલ



ભગતસિંહ



ભગવતીચરણ

સજાઓ અને અમાનુષી ફાંસીના પ્રતિકાર રૂપે એક અંગ્રેજની હત્યા કરી છે. મેં આમાં મારા વિવેક સિવાય બીજા કોઈની સલાહ લીધી નથી; ન કોઈની સાથે મળીને ષડ્‌યંત્ર રચ્યુ છે. મેં તો મારું કર્તવ્ય પૂરું કરવા પ્રયત્ન કર્યો છે. એક જાતિ, જેને વિદેશી સંગીનો તળે દબાવીને રાખવામાં આવી છે, સમજવું જોઇશે કે, તે બરાબર યુદ્ધ ખેલી રહી છે. એક નિઃશસ્ત્ર પ્રજાને માટે ખુલ્લું યુદ્ધ તો શક્ય નથી. હું એક હિન્દુ તરીકે સમજું છું કે મારી માતૃભૂમિ પરનો જુલમ એ મારા ઈશ્વરનું અપમાન છે. મારી માતૃભૂમિનું હિત શ્રી રામનું હિત છે, તેની સેવા શ્રી કૃષ્ણની સેવા છે. તે માટે મારા દેશવાસી એ માની યજ્ઞવેદી પર પોતાનું રક્ત અર્પિત કરે. ભારતવાસી અત્યારે એટલું જ કરી શકે કે તે મરવાનું શીખે. અને તેનો એકમાત્ર ઉપાય છે—સ્વયં આત્માહુતિ આપે. મને મારા મૃત્યુ પર ગર્વ છે. ઈશ્વર પાસે મારી એક જ પ્રાર્થના છે કે હું ફરી વાર આ માના ખોળે જન્મ પામું, ફરી આ પવિત્ર ઉદ્દેશ માટે પ્રાણાર્પણ કરું, ત્યાં સુધી કે તે સ્વાધીન અને વિજયી બનીને માનવજાતિનું કલ્યાણ અને ઈશ્વરીય મહિમા વિસ્તારે. વન્દેમાતરમ્!'

વાયલીની હત્યા પાછળના કારણને 'માનવજાતિના કલ્યાણ' સુધી વિસ્તારવાની કલ્પના ક્રાંતિકારી પ્રવૃત્તિના સીમાડાને તોડી નાખે છે. ધીંગરા જેવા યુવકો માટે વાતાવરણ તૈયાર કરનાર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના 'ઇંડિયન સોશિયોલોજિસ્ટ' પત્રના મુદ્રાલેખ તરીકે રખાએલું હર્બર્ટ સ્પેન્સરનું આ વિધાન પણ માનવસ્વાતંત્ર્યના સિદ્ધાંતની પૂર્તિ કરે છે :

Every man is free to do what he wants provided the infringes not the equal freedom of any man.

Resistance to aggression is not simply justifiable but imperative. Non-Resistance hurts both -altruism and egoism.

ધીંગરાની શહાદતનાં બીજા કેટલાંક કારણો હતાં તે પણ આનુષંગિક જ હતાં. વાયલીએ ભારતમાં રાજ્યસત્તાના પ્રતિનિધિ તરીકે હિન્દી લોકોનાં અપમાનો કરેલાં. ઉદયપુરમાં તેનો કડવો અનુભવ ત્યાંના રાજવીના તત્કાલીન દીવાન શ્યામજી કૃષ્ણ વર્માને પણ થએલો. પરંતુ આ બધાંમાં મુખ્ય હતું. ભારતની સ્વતંત્રતા માટેનો અવાજ દબાએલો નથી એ પ્રમાણિત કરવાની ભાવના. તેમાં ચોક્કસપણે ભાવનાનો રંગ ઘૂંટાએલો હતો. ૧૮૫૭ને પચાસ વર્ષ પૂરાં થતાં ઇંડિયા હાઉસે ઊજવેલી સશસ્ત્ર ક્રાંતિની અર્ધશતાબ્દીનો તે શ્રોતા હતો. હત્યા પહેલાં તેણે એક ભારતીય રેસ્ટોરાંમાં જઈને ભાંગ પણ પીધી હતી! 'ભાંગ પીને કરેલા કૃત્ય'ને તત્કાલીન ઘણા ભારતીય નેતાઓએ વખોડેલું. પરંતુ ભાંગની પાછળ માનસિક, આધ્યાત્મિક અને રાજકીય કારણ પણ હતાં. ૧૮૫૭ની સાથે જોડાએલા મંગલ પાંડે અને સૈનિકો ભાંગને પવિત્ર પીણું ગણતા. શિવજીની પ્રસાદી તરીકે તે જાણીતું છે. વળી, ભાંગથી શારીરિક ઉત્પાત થતો નથી; એવી માન્યતાના આધારે તેણે એ પીણું લીધું હશે. હત્યા જેવી ઘટના દરમિયાન અને પછી પણ તેણે અદ્‌ભુત સ્થિરતા જાળવેલી. ડૉક્ટરી તપાસમાં ક્યાંય ઉદ્વેગ દેખાયો નહિ. ધીંગરા પરિવારે એક તાર કરીને જણાવેલું કે મદનલાલ માનસિક રીતે અસ્થિર હતો એ મુદ્દા પર તેનો બચાવ થઈ શકે. ધીંગરા કુટુંબ તેનાં કૃત્યને પણ વખોડી કાઢેલું પણ મદનલાલ પોતાના કૃત્ય વિષે સ્પષ્ટ હતા. માનસશાસ્ત્રીઓની તપાસમાં પણ ક્યાંય અસ્થિરતાનાં ચિહ્નો જણાયાં નહિ. મદનલાલે કોર્ટમાં કોઈ બચાવ ન કર્યો; ન વકીલ રોક્યો. કોર્ટની વિધિ બહુ સરળ રહી. બચાવ, વકીલ કે દલીલ કશું જ નહિ, અને એટલે જ માત્ર દોઢ કલાકમાં મુકદ્દમો પતી ગયો!

ધીંગરાનાં કૃત્યને સ્વદેશીઓએ વખોડયું ને વિદેશીઓએ વખાણ્યું એ પણ આપણા જ સમાજજીવનની કરુણતા! સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ, જે. એમ. પારિખ અને જી. એસ. ખાપર્ડેએ આ કૃત્યને લંડનમાં જાહેર સભામાં વખોડયું. આ સભાના પ્રમુખસ્થાને આગાખાન હતા. ધીંગરાના ભાઈઓએ કહ્યું કે આ બનાવ પાછળ કોઈક તત્ત્વોનો હાથ હતો. ડેક્કન સભા, પૂણેથી ગોપાલકૃષ્ણ ગોખલેએ આ શહાદતને નાપસંદ કરી. ગાંધીજીએ 'મહેમાન વાયલીના ખૂન'ને કાયરતા કહીને જણાવ્યું કે ધીંગરાનું નિવેદન પણ 'બીજાઓએ તૈયાર કર્યું હતું.' મદનમોહન માલવિયને લાગ્યું કે 'એક હિન્દુ તરીકે તેણે આમ કરવું જોઈતું નહોતું.' પણ પોતાના દેશવાસી વાયલીની હત્યા વિષે વિન્સ્ટન ચર્ચિલ કેવું મંતવ્ય ધરાવતા હતા તેનું બયાન ડબ્લ્યુ. એસ. બ્લન્ટે આપ્યું છે :

Again we set up till letter. Among the many memorable things Churchill said was this : Talking of Dhingra he said that there had been much discussion in the cabinet abuot him. Ilyod George had expressed to him his highest admiration on Dhingra's attitude as a patriot; in which he (Churchill) shared. He will be remembered 2000 years hence, as we remember Regulus and Caractaeus and Pluctarch's heroes, and Churchill quoted with admiration Dhingra's last words as the finest ever made in the name of Patriotism.'

ધીંગરાના કૃત્યને વિન્સ્ટન ચર્ચિલે આપેલી આ આદરાંજલિ હજી સુધી આપણે ત્યાં અજ્ઞાત જ રહેલી છે, પણ ૧૯૧૯માં પ્રકાશિત My Diaries (1900–1914) Vol. IIમાં ઉપરોક્ત લેખકે એ પ્રકરણની વિગતે ચર્ચા કરી છે.

એક આવો જ નોંધનીય દસ્તાવેજ સરદાર ભગતસિંહ અને તેમના સાથીઓએ કરેલા બૉંબ-ધડાકા વિષેના દેશવ્યાપી પ્રતિભાવો દરમિયાન પ્રાપ્ત થાય છે. ઍસૅમ્બલી-બૉંબ કેસની દિલ્હીની કોર્ટમાં સુનાવણી થઈ

ત્યારે ૬ જૂન, ૧૯૨૯, ભગતસિંહ અને સાથીઓએ 'અમે બૉંબ શા માટે ફેંક્યો?' શીર્ષક હેઠળ એક નિવેદન આપ્યું હતું. તેમાં આમ કહ્યું હતું:

'માણસ માત્ર પ્રત્યેના પ્રેમમાં અમે બીજાથી ઓછા નથી એટલે કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષનો પ્રશ્ન જ નથી ઊભો થતો. માનવજીવન અત્યંત પવિત્ર છે. કેટલાક અમને જઘન્ય આક્રમણકારી અને ઉન્મત્ત ઠેરવ્યા છે. પણ અમે નમ્રતાપૂર્વક કહેવા માગીએ છીએ કે ઇતિહાસ, વર્તમાન પરિસ્થિતિ અને માનવીય આકાંક્ષાઓનું ગંભીરતાથી અધ્યયન કર્યું છે અને તેથી જ પાખંડ પ્રત્યે અમને ઘૃણા છે.

અમારું ધ્યેય એ સંસ્થા (સંસદ)ની વિરુદ્ધમાં વ્યવહારુ પ્રતિરોધનું હતું, જેણે પોતાના આરંભકાળથી માત્ર નિરર્થકતા જ નહિ, પણ નુકસાન પહોંચાડતી દૂરગામી શક્તિનું નગ્ન પ્રદર્શન કર્યું છે. તેનું અસ્તિત્વ સંસાર સમક્ષ ભારતીય દીનતા અને નિઃસહાયપણાનું પ્રદર્શન કરવા માટે છે ને તેથી તે બિનજવાબદાર, સ્વેચ્છાચારી શાસનની દમનખોર સત્તાનું પ્રતીક બની ગએલ છે.

કોઈ પણ વ્યક્તિ જેના હૈયે મૂગા અને પરાધીન શ્રમિકોની દુર્દશા પ્રત્યે સહાનુભૂતિ હોય તે આ દૃશ્યને શાંતિથી નિહાળી ન શકે. પરિણામે અમે ગવર્નર જનરલની કાર્યકારી પરિષદના ભૂતપૂર્વ વિધિ સદસ્ય સ્વ. શ્રી આર. એસ. દાસે તેમના પુત્રને લખેલા પત્રમાંથી પ્રેરણા મેળવી. તેમણે લખ્યું છે કે ઇંગ્લૅન્ડને દુઃસ્વપ્નમાંથી જગાડવા માટે બૉંબ અનિવાર્ય છે. અમારી હૃદયવિદારક વ્યથાની અભિવ્યક્તિનો કોઈ માર્ગ રહ્યો નહોતો ત્યારે અમે આ બૉંબ ફેંક્યો, અને તે એટલા માટે કે બહેરાઓને અમારો અવાજ સંભળાવીએ, સમયની ચેતવણી તેઓ સુધી પહોંચાડીએ, જે ઉપેક્ષા કરી રહ્યા છે. બીજા લોકો પણ અમારી જેવું વિચારે છે, પણ ભારતીય સમાજ ઉપરથી શાંત સમુદ્ર જેવો છે, જેના ભીતરમાં ભયંકર તોફાન છે.'

ભગતસિંહ અને સાથીઓના એ મુકદ્દમામાં દરેક વખતે તેમણે પોતાનાં કૃત્યો વિષે ચિંતન જ સ્પષ્ટ કર્યું છે, 'મૉડર્ન રિવ્યૂ'ના સંપાદકે જ્યારે 'ઇન્કિલાબ ઝિન્દાબાદ' એ હિંસક સૂત્ર છે એવો લેખ લખ્યો ત્યારે ભગતસિંહે જેલમાંથી તેનો પ્રત્યુત્તર લખીને મોકલ્યો હતો.

ઈ. ૧૯૧૭થી ૧૯૩૬ ભારતની રાજકીય પ્રવૃત્તિઓની વિગતોને સરકારી દસ્તાવેજોના આધારે વ્યક્ત કરતું એક પુસ્તક Terrorism in India—1917-1936 પણ આ દૃષ્ટિએ ઘણાં રોચક તથ્યો સુધી આપણને દોરી જાય છે.

તેમાંનો એક પ્રત્યુત્તર ભગવતીચરણ વ્હોરાએ તૈયાર કરેલો તે જાણવા લાયક છે. ભગવતીચરણના વડવાઓ ગુજરાતના નાગર હતા એનો બહુ ઓછાને ખ્યાલ હશે. ભગતસિંહ અને ક્રાંતિકારોની ટુકડીને વૈચારિક દર્શન પૂરું પાડનાર ભગવતીચરણ હતા. પાર્લમેન્ટમાં જ્યારે બૉંબ ફેંકાયો ત્યારે જાન્યુઆરી ૧૯૩૦માં આ સંસ્થાનું ઘોષણાપત્ર ભગવતીચરણે તૈયાર કર્યું તેનું શીર્ષક છે 'બૉંબનું તત્ત્વજ્ઞાન.' કાનપુર નજીકના એક મુદ્રણાલયમાં ચંદ્રશેખર આઝાદે તે છાપ્યું અને પત્રિકાઓ ૨૫ જાન્યુઆરી ૧૯૩૦ના રોજ દિલ્હી લઈ જવામાં આવી. આ પત્રિકાઓ દિલ્હીમાં મોટા પ્રમાણમાં લોકોના હાથમાં પહોંચાડવામાં આવી. રાજશાસનના ગુપ્તચર તંત્ર માટે એ મોટો પડકાર હતો.

વાસ્તવમાં આ 'બૉમ્બનું તત્ત્વજ્ઞાન' એ ગાંધીજીએ 'યંગ ઇંડિયા'માં લખેલા લેખના જવાબ રૂપે લખાયું હતું. ભગતસિંહના દસ્તાવેજ (જે તેમનાં બહેન વીરેન્દ્ર સિંધુએ પ્રકાશિત કર્યા છે)ના પુસ્તકમાં આ લેખ ભગતસિંહે તૈયાર કર્યો તેવું જણાવાયું છે. હકીકતે આ લેખ ભગવતીચરણનો છે. ૨૮ મે, ૧૯૩૦ના રોજ રાવી તટે બૉંબ બનાવવાના પ્રયોગમાં વિસ્ફોટ થતાં ઘાયલ થઈ મૃત્યુ પામનાર ભગવતીનો એ છેલ્લો દસ્તાવેજ. તેનો ખયાલ અવિસ્મૃત ફાંસીની અર્ધશતાબ્દી સમયે શબ્દશઃ મેળવવા જેવો છે. કદાચ, તેમાંનાં ઘણાં વિધાનો કેટલાકને અતિરેકભર્યાં લાગે તો પણ. આ છે એ લેખ-'બૉંબનું તત્ત્વજ્ઞાન'.

'હમણાંની જ ઘટનાઓ! ખાસ કરીને ૨૩ ડિસેંબર, ૧૯૨૯, વાઇસરૉયની સ્પેશ્યલ ટ્રેન ઉડાવવાનો પ્રયત્ન કરાયો હતો; તેની ટીકા કરતો ઠરાવ કૉંગ્રેસે પસાર કર્યો અને ગાંધીજીએ 'યંગ ઇંડિયા'માં લખ્યું. તેનાથી એક વાત સ્પષ્ટ થઈ જાય છે કે ગાંધીજી સાથે કૉંગ્રેસે સાંઠગાંઠ કરીને ભારતીય ક્રાંતિકારીઓની સામે ઘોર આંદોલનનો આરંભ કર્યો છે. પ્રજાની વચ્ચે ભાષણો અને અખબારોનાં માધ્યમથી ક્રાંતિકારો વિરુદ્ધ પ્રચાર છેડાયો છે; એ જાણીજોઇને થાય છે કે અજ્ઞાનને લીધે, પણ ક્રાંતિકારી પોતાના સિદ્ધાંતો અને કાર્યોની એવી ટીકાઓનું સ્વાગત કરે છે, કેમ કે તેઓ એ વાતને સ્વર્ણ અવસર માને છે કે એમ કરવાથી એ લોકોને ય, ક્રાંતિકારોના મૂળભૂત સિદ્ધાંતો અને ઉચ્ચ આદર્શો—જે તેઓની પ્રેરણા અને શક્તિ છે—સમજવાનો અવસર પ્રાપ્ત થાય છે. આ લેખ પણ એવી જ આશાથી લખાયો છે.

પહેલાં આપણે હિંસા અને અહિંસાના પ્રશ્નનો વિચાર કરીએ. અમારા મતે આ શબ્દોનો પ્રયોગ જ ખોટી રીતે કરાય છે અને તેનાથી બંને પક્ષોને અન્યાય થાય છે, કેમ કે એ શબ્દોથી બંને પક્ષોના સિદ્ધાંતો સ્પષ્ટ નથી થતા. હિંસાનો અર્થ છે અન્યાય માટે કરવામાં આવતો બળનો પ્રયોગ. ક્રાંતિકારોનો એ ઉદ્દેશ નથી. અહિંસાનો સામાન્ય અર્થ છે આત્મિક શક્તિનો સિદ્ધાંત. તેનો ઉપયોગ વ્યક્તિગત અને રાષ્ટ્રીય અધિકારો મેળવવા માટે કરવામાં આવે છે. પોતાને જ કષ્ટ આપીને એવી આશા રખાય છે કે આવી રીતે એ પોતાના વિરોધીનું હૃદય પરિવર્તન શક્ય બનાવી શકશે.

એક ક્રાંતિકારી જ્યારે કેટલીક વાતોને પોતાનો અધિકાર માને છે ત્યારે એ તેની માગ કરે છે, પોતાની માગણીની તરફેણમાં તર્ક આપે છે, સમસ્ત આત્મિક શક્તિથી તે પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવે છે, તેને માટે અત્યધિક કષ્ટ સહન કરે છે, મોટામાં મોટો ત્યાગ કરવા તત્પર રહે છે અને તેને માટે પોતાના સમગ્ર શારીરિક બળનો પ્રયોગ પણ કરે છે. આ પ્રયત્નોને તમે ગમે તે નામ આપો, પણ 'હિંસા' ન કહી શકો, કેમ કે એમ કરવાથી શબ્દકોશમાં આપેલા અર્થને અન્યાય થશે. સત્યાગ્રહનો અર્થ છે સત્યને માટે આગ્રહ. તેની સ્વીકૃતિ માટે માત્ર આત્માની શક્તિના જ ઉપાયનો આગ્રહ શા માટે? તેની સાથે બળપ્રયોગ પણ કેમ નહિ? સ્વતંત્રતા-પ્રાપ્તિ માટે ક્રાંતિકારી પોતાની શારીરિક અને નૈતિક શક્તિ-બંનેના પ્રયોગમાં વિશ્વાસ રાખે છે, પણ નૈતિક શક્તિનો પ્રયોગ કરનારા શારીરિક બળને નિષિદ્ધ માને છે. એટલે સવાલ એ નથી કે તમે હિંસા ઇચ્છો છો કે અહિંસા, પણ સવાલ એ છે કે તમારા ઉદ્દેશની પ્રાપ્તિ માટે શારીરિક બળ સહિતની નૈતિક શક્તિનો ઉપયોગ કરવા માગો છો કે માત્ર નૈતિક શક્તિનો?

ક્રાંતિકારીઓને વિશ્વાસ છે કે દેશને ક્રાંતિથી જ સ્વતંત્રતા મળશે. તેઓ જે ક્રાંતિ માટે પ્રયત્નશીલ છે અને જે ક્રાંતિનું સ્વરૂપ તેમની પાસે સ્પષ્ટ છે, તેનો અર્થ માત્ર એ નથી કે વિદેશી શાસકો અને તેના દલાલો સામે જ ક્રાંતિકારોનો સશસ્ત્ર સંઘર્ષ થાય. અમે એ સશસ્ત્ર સંઘર્ષ એટલા માટે પણ ઇચ્છીએ છીએ કે નવીન સામાજિક વ્યવસ્થાનાં દ્વાર ખૂલી જાય. ક્રાંતિ મૂડીવાદ, વર્ગવાદ અને થોડાક લોકોના વિશેષાધિકારવાળી પ્રણાલિકાનો અંત લાવશે, એ રાષ્ટ્રને પોતાના પગ પર ઊભું કરશે, નવીન રાષ્ટ્ર અને નવસમાજ સર્જશે.

આજની તરુણ પેઢીને જે માનસિક ગુલામી અને ધાર્મિક રૂઢિવાદી બંધનો જકડી ચૂક્યાં છે તેમાંથી છુટકારો મેળવવા તરુણ સમાજમાં બેચેની છે. ક્રાંતિકારી તેમાં પ્રગતિશીલતાનાં બીજ ફૂટતાં જોઈ રહ્યો છે. નવયુવક જેમજેમ મનોવિજ્ઞાનને આત્મસાત્ કરતો જશે, તેમતેમ

રાષ્ટ્રની ગુલામીનું ચિત્ર તેની સામે સ્પષ્ટ થઈ જશે, અને દેશમુક્તિની તેની ઇચ્છા પ્રબળ બનશે. જ્યારે યુવક ન્યાય, ક્રોધ અને ક્ષોભથી ઓતપ્રોત થઈને અન્યાય કરનારાઓની હત્યાઓનો આરંભ કરશે ત્યાં સુધી તે ક્રમ ચાલશે. એ રીતે દેશમાં આતંકવાદ જન્મશે. આતંકવાદ સંપૂર્ણ ક્રાંતિ નથી, પણ ક્રાંતિ પણ આતંકવાદ વિના સંપૂર્ણ નથી. ક્રાંતિનું તે આવશ્યક અને અવશ્યંભાવી અંગ છે. આતંકવાદ આતતાયીના મનમાં ભય પેદા કરીને, પીડિત જનતામાં બદલાની ભાવના જાગતી કરીને તેને શક્તિ પ્રદાન કરે છે. અસ્થિર ભાવનાવાળા લોકોમાં તેનાથી હિંમત અને આત્મવિશ્વાસ આવે છે. ક્રાંતિના ઉદ્દેશ્યનું વાસ્તવિક સ્વરૂપ તેનાથી સ્પષ્ટ થાય છે. કેમ કે, કોઈ પણ રાષ્ટ્રની સ્વતંત્રતાની ઉત્કટ મહત્ત્વાકાંક્ષાનું તે વિશ્વસનીય પ્રમાણ છે. જેમ બીજા દેશોમાં તેમ ભારતમાં પણ આતંકવાદ ક્રાંતિનું રૂપ ધારણ કરશે અને અંતે ક્રાંતિ દ્વારા જ દેશને સામાજિક, રાજકીય અને આર્થિક આઝાદી મળશે.

આ તથ્યની પ્રાપ્તિ માટે ભારતીય ક્રાંતિકાર આજે ભૂગર્ભમાં અને ખુલ્લી રીતે–બંને માર્ગે–ઝઝૂમી રહ્યો છે. એક સૈકાથી સંસારમાં ચાલતા પ્રજા અને શાસનકર્તા વચ્ચેના સંઘર્ષનો અનુભવ તેની લક્ષ્ય-પ્રાપ્તિ માટેની દીવાદાંડી છે. જે માર્ગો પર તે વિશ્વાસ રાખે છે તે ક્યારે ય નિષ્ફળ ગયા નથી.

દરમિયાન કૉંગ્રેસ શું કરી રહી હતી? તેણે પોતાનું ધ્યેય સ્વરાજ્યથી બદલીને 'સંપૂર્ણ સ્વતંત્રતા' જાહેર કર્યું. કોઈ પણ વ્યક્તિ તેનો અર્થ તારવશે કે કૉંગ્રેસે બ્રિટિશ શાસનની વિરુદ્ધ યુદ્ધઘોષણા કરવાને બદલે ક્રાંતિકારો સામેનો જંગ જાહેર કર્યો છે. ૨૩ ડિસેંબર, ૧૯૩૩ વાઈસરૉયની ગાડી ઉથલાવવાના પ્રયત્નની કૉંગ્રેસે ઠરાવ પસાર કરીને ટીકા કરી છે. આ ઠરાવનો મુસદ્દો ગાંધીજીએ તૈયાર કરેલો અને તે પસાર કરાવવા તેમણે પોતાની બધી શક્તિ કામે લગાવી. પરિણામ એ આવ્યું કે ૧૯૧૩ સભ્યોમાંથી આ ઠરાવ માત્ર ૩૧ વધુ મતોથી પસાર થઈ શક્યો. શું આ અતિ અલ્પ બહુમતમાં પણ રાજકીય ઈમાનદારી હતી ખરી? એ વિશે આપણે સરલાદેવી ચૌધરાણીનો મત સાંભળીએ. સરલાદેવી આજીવન કૉંગ્રેસી રહ્યાં છે. આ વિષય પર તેમણે કહ્યું કે મેં મહાત્મા ગાંધીના અનુયાયીઓની સાથે આ વિશે વાતચીત કરી તેનાથી ખયાલ આવ્યો કે તેઓ પોતાના સ્વતંત્ર વિચારો મહાત્માજી પ્રત્યેની વ્યક્તિગત નિષ્ઠાને કારણે વ્યક્ત કરી શકતા નહોતા. અને તેથી જ આ ઠરાવની વિરુદ્ધ તેઓ મત આપી શક્યા નહિ.

આ દુઃખદ પ્રસ્તાવની એક વાત તરફ આંખ બંધ કરવી બરાબર નથી. એ જાણીતી વાત છે કે કૉંગ્રેસ અહિંસામાં માને છે, અને છેલ્લા એક દાયકાથી તેના સમર્થનમાં પ્રચાર કરે છે. આમ છતાં, આ ઠરાવના ટેકામાં થએલાં ભાષણોમાં ગાળાગાળી જ થઈ! તેઓએ ક્રાંતિકારોને બુઝદિલ કહ્યા, તેમનાં કાર્યોને ઘૃણાજનક ગણાવ્યાં. એક વક્તાએ એવી ધમકી આપી કે તે સભ્યો ગાંધીજીની નેતાગીરી ઇચ્છતા હોય તો આ ઠરાવ સર્વાનુમતે પસાર કરે. આટલું બધું કરવા છતાં ઠરાવ બહુ ઓછા મતોથી પસાર થયો. આનો અર્થ નિઃશંક છે કે દેશની જનતા પર્યાપ્ત સંખ્યામાં ક્રાંતિકારોનું સમર્થન કરી રહી છે. આને માટે ગાંધીજી ધન્યવાદને પાત્ર છે કે તેમણે આ પ્રશ્ને વિવાદ ઊભો કર્યો અને તેથી દુનિયાએ જાણ્યું કે અહિંસાના ગઢ જેવી કૉંગ્રેસ સંપૂર્ણ નહિ તો યે એક સીમા સુધી તો ક્રાંતિકારોની સાથે જ છે.

ગાંધીજીએ આ બધા ઠરાવમાં મેળવેલી જીત હાર જેવી હતી એટલે હવે તેઓએ 'ધ કલ્ટ ઑફ ધ બૉમ્બ' લેખ લખીને ક્રાંતિકારો પર બીજો હુમલો કર્યો છે. આ લેખમાં ત્રણ વાત છે: તેમની શ્રદ્ધા, તેમના વિચાર અને તેમનો અભિપ્રાય. અમે તેમની શ્રદ્ધા વિષે કંઈ કહેવા માગતા નથી, કેમ કે શ્રદ્ધામાં કોઈ તર્ક હોતો નથી. માત્ર, ગાંધીજી જેને હિંસા કહે છે તે વિષે વિશ્લેષણ કરીએ.

ગાંધીજીના વિચાર પ્રમાણે મોટાભાગની ભારતીય પ્રજાને હિંસાની ભાવના સ્પર્શી નથી અને અહિંસા તેનું રાજકીય શસ્ત્ર બની ગઈ છે. હમણાંના તેમના ભારતીય પ્રવાસ પછી તેમણે આ નિષ્કર્ષ તારવ્યો છે. એમણે પોતાના પ્રવાસ પર આધારિત કોઈ નિષ્કર્ષ પર જવું ન જોઈએ. કેમ કે કૉંગ્રેસી નેતા પોતાનો પ્રવાસ ત્યાં સુધી જ મર્યાદિત રાખે છે જ્યાં સુધી રેલવે તેને આરામથી પહોંચાડે છે. ગાંધીજીએ તેનું ફલક મોટરગાડી સુધી વિસ્તાર્યું છે. આ પ્રવાસમાં તેમનો નિવાસ ધનિક લોકોને ત્યાં હતો. મોટાભાગનો તેમનો સમય, તેમના શિષ્યો દ્વારા યોજાતી ગોષ્ઠિઓમાં ને ક્વચિત પ્રશંસા-સભાઓમાં અશિક્ષિત જનતાને દર્શન આપવામાં વીત્યો હતો. તેઓ સમજે છે કે આમ પ્રજાને હું જાણું છું એ દાવો જ તેમની વિરુદ્ધ જાય છે. કોઈ વ્યક્તિ જનસાધારણની વિચારધારાને માત્ર મંચ પરથી દર્શન કે પ્રવચન આપવાથી સમજી શકતી નથી. બહુબહુ તો એટલો દાવો કરી શકે કે પોતાના વિચારો પ્રજા સમક્ષ મૂક્યા. શું ગાંધીજીએ આ વર્ષોમાં, સામાન્ય જનતાના સામાજિક જીવનમાં ક્યારેય પ્રવેશ કરવાનો પ્રયત્ન કર્યો? શું કોઈ સાંજરે ગામના ચોરે બેસીને કોઈ ખેડૂતનો મનોભાવ જાણવા પ્રયત્ન કર્યો? શું કોઈ કારખાનાના એકાદ મજૂર સાથે સાંજ વીતાવીને તેને જાણવા પ્રવૃત્ત થયા? અમે તે કર્યું છે. અમે ગાંધીજીને ખાતરી આપવા માગીએ છીએ કે સાધારણ ભારતીય, સામાન્ય માણસની જેમ જ અહિંસા અને પોતાના દુશ્મનને પ્રેમ કરવાની આધ્યાત્મિક ભાવનાને બહુ ઓછી સમજે છે. સંસારનો આ નિયમ છે—તમારો મિત્ર છે તો તેને તમે સ્નેહ કરો છો, તેને માટે પ્રાણ પણ આપી શકો. તમારો એક દુશ્મન છે તેની સાથે તમે સંબંધ રાખતા નથી. ક્રાંતિકારોનો આ સરળ, સીધોસાદો નિયમ છે. તેને સમજવામાં કોઈને મુશ્કેલી નથી પડી. એ દિવસ દૂર નથી જ્યારે લોકો ક્રાંતિકારી વિચારધારાને સક્રિય રૂપ આપવા હજારોની સંખ્યામાં એકત્રિત થતા જોવા મળશે.

ગાંધીજી અહિંસાના સામર્થ્યથી, અને જાતને દુઃખ પહોંચાડીને વિદેશી શાસકોનું હૃદય-પરિવર્તન લાવશે એમ કહે છે. પણ કેટલા શત્રુઓનું હૃદયપરિવર્તન થયું? કેટલા ઓડાયર, ડાયર, રીડિંગ અને ઇરવિન ભારતના મિત્ર બની ગયા?

વાઈસરૉયની ગાડી તળે બૉંબ બરાબર ફૂટ્યા હોત તો વાઈસરૉય કાં મૃત્યુ પામ્યા હોત યા ઘાયલ થયા હોત. એ સ્થિતિમાં વાઈસરૉય અને રાજકીય પક્ષો વચ્ચે મંત્રણા ન થાત, પ્રયત્ન નિષ્ફળ જાત અને તેનાથી રાષ્ટ્રનું ભલું થાત. કલકત્તા કૉંગ્રેસના પડકાર પછી સ્વશાસનની ભીખ માગવા વાઈસરૉય ભવનની આસપાસ ટોળે વળનારાઓના એ ઘૃણિત પ્રયાસો નિષ્ફળ થયા હોત. બૉંબ વિસ્ફોટથી ઓછામાં ઓછા એક ભારતશત્રુને યોગ્ય સજા મળી ગઈ હોત. મેરઠ, લાહોર અને ભુસાવલ કાંડના મુકદ્દમા ચલાવનારાઓને ભારતશત્રુઓ જ મિત્ર માની શકે. સાયમન કમિશનના સામૂહિક વિરોધથી આખા દેશમાં એક બળ પ્રસ્થાપિત થયું હતું તેને ઈર્વિને ગાંધી-નેહરુની બુદ્ધિમત્તાને લીધે વેરવિખેર કરી નાખ્યું. આજે કૉંગ્રેસમાં આંતરિક ઝઘડા છે. આપણા દુર્ભાગ્ય માટે વાઈસરૉય ને તેના ખુશામતખોરો સિવાય કોણ જવાબદાર છે.

ક્રાંતિકારો એટલું સમજે છે કે કૉંગ્રેસે જનજાગૃતિનું મહત્ત્વનું કાર્ય કર્યું છે. પણ જ્યાં સુધી કૉંગ્રેસમાં સેનગુપ્તા જેવા અદ્ભુત પ્રતિભાશાળીઓ છે, જેઓ વાઈસરૉયની ટ્રેન ઉડાડવામાં ગુપ્તચર વિભાગનો હાથ છે એવી વાત કરે છે અને અન્સારી જેવા લોકો જે રાજકારણ ઓછું જાણે છે, તેઓ તર્કહીન ને બાલિશ દલીલો કરીને કહે છે કે કોઈ રાષ્ટ્રે બૉંબથી સ્વતંત્રતા નથી મેળવી–ત્યાં સુધી દેશ કૉંગ્રેસ પાસે ભાગ્યે જ કોઈ આશા રાખી શકે. ક્રાંતિકારી એ દિવસની પ્રતીક્ષામાં (અનુ. પૃ. ૨૬૮).

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

પ્રકરણ ૪ [ચાલુ]

નર્મદની કાવ્યપ્રવૃત્તિ

લેખક
પ્રો. ડૉ. મધુસૂદન પારેખ



નર્મદ માટે ઈ. ૧૮૫૧થી ૧૮૫૪નો સમયગાળો નિષ્ફળ ગડમથલનો અને વરંગલીલામાં રાચવાનો હતો. ઈ. ૧૮૫૫માં કૉલેજમાં ફરી વાર જોડાયા પછી પણ તેનું ચંચળ ચિત્ત સ્થિર થયું નહિ. એ અરસામાં—સપ્ટેમ્બરની શરૂઆતમાં ધીરા ભગતનાં બે-ત્રણ પદ તેના વાંચવામાં આવ્યાં અને એ ઢાળમાં કંઈક રચવાનો તેને વિચાર આવ્યો. તરત જ તેણે 'પરબ્રહ્મ જગકર્તા રે સ્મરોની ભાઈ હરઘડી' અને 'જીવ તું મૂરખ સમજે રે કહું છું પેલા ફરી ફરી' એ બે પદ રચી કાઢયાં. કોઈ પણ રીતે વૃત્તિ સ્થિર કરવાનો તેનો આશય હતો. તેણે 'મારી હકીકત' (પૃ. ૪૩)માં નોંધ્યું છે કે: 'ભણવું, કમાવવું, માન મેળવવું, ભેરી કરવી એ સહુ આનંદને માટે છે ને મને જ્યારે પદો બનાવવાથી આનંદ થાય છે તારે હું તો એ જ કામ કરીશ ને શેર જુવાર તો મળી રહેશે.'

ચિત્તની શાંતિ એ નર્મદની કવિતાનું મુખ્ય પ્રયોજન હોય તો પણ તે એક માત્ર પ્રયોજન નથી. દલપતરામ સાથેની સ્પર્ધા માટે, યશની આકાંક્ષા માટે તેમ જ અર્થપ્રાપ્તિ માટે પણ તેણે કાવ્યરચનાઓ કરી છે. નર્મદે કાવ્યપ્રવૃત્તિનો આરંભ પ્રાચીન કવિતાના અનુકરણ રૂપે કર્યો; પણ તરત જ કવિ થવા માટે તે પિંગળ, અલંકાર તેમ જ અંગ્રેજી કાવ્યો અને કાવ્યવિવેચનોના અભ્યાસ દ્વારા સજ્જ બની ગયો. ઊછળતી ઊર્મિ તો તેના અંતરમાં હતી જ. કાવ્યરચનાની બાબતમાં દલપતરામે અપનાવેલી શબ્દ ને અર્થની ચમત્કૃતિઓ તેને આકર્ષી શકી નહિ. દલપતરામના પ્રાસાનુપ્રાસ કે શબ્દચાતુર્ય તેને રીઝવી શક્યાં નહિ. એને અંગ્રેજી કવિતા-સાહિત્યનો અભ્યાસ કરવાની કૉલેજકાળ દરમિયાન તક પણ મળી હતી. કાવ્યોનાં વિવિધ સ્વરૂપો અને નવાનવા વિષયોથી તે સુપરિચિત થયો હતો. કાવ્ય વિષેની તેની વિભાવના અંગ્રેજ વિવેચક હેઝલીટના પ્રભાવ-થી પરિપોષાઈ હતી. 'કવિ અને કવિતા' નામના નિબંધમાં તેણે એ વિભાવના સમજાવી છે: 'હાઝલિટ નામે વિદ્વાન કહે છે કે કોઈ પણ પદાર્થની અને બનાવની તેના તેજીપણાએ કરીને આપણા મનમાં જે સ્વાભાવિક છાપ પડે છે અને જેથી (વગર વિચારે આપોઆપ અથવા ઇચ્છાએ) તર્ક અને જોસ્સા ત્રપ જાગી ઊઠી કામે વળગે છે ને પછી સાત્ત્વિક ભાવે આત્માનાં સુખદુઃખ આપણને લાગે છે, અને એથી પછી અવાજ અથવા શબ્દનું નિયમસર જે નીકળવું થાય છે તે છાપનું નામ કવિતા.'

આમ નર્મદ કવિતામાં 'જોસ્સા'ને પ્રાધાન્ય આપે છે, રસની ચમત્કૃતિને તે પ્રથમ અને પરમ સ્થાન આપે છે. પણ રસની ચમત્કૃતિ સિદ્ધ કરવા માટે તેની પાસે નથી શક્તિ કે નથી સાધના. એની ઘણી બધી કવિતાઓ 'જોસ્સા'માં લખાયેલી છે. એ જોસ્સા માટે તે ગર્વ અનુભવતો પણ દેખાય છે; તેમ છતાં, માત્ર જોસ્સાથી કવિતા થઈ શકતી નથી એ વાત તેના સ્મરણમાંથી છટકી જાય છે. જોસ્સાને કલાત્મક રૂપ આપવાનો કીમિયો તેના હાથમાં આવતો જ નથી. ખરું જોતાં નર્મદ પ્રકૃતિથી જ એવો અધીર, ચંચળ છે કે જોસ્સાને કલાનું રૂપ આપવા માટેની ધીરજ તે રાખી શકે તેમ નથી. વિવેચક રામનારાયણ પાઠકે કહ્યું છે તેમ તેના દિલમાં જોસ્સો આવે તે સાથે જ વાણીમાં ઊતરવા માંડે એવું તેનું માનસ છે. નર્મદનો જોસ્સો કલારૂપ પામી નથી શકતો તેનું એક બીજું કારણ તેની ભાષાશક્તિની કચાશમાં પણ રહેલું છે. દલપતરામની જેમ પદ્યમાં નર્મદની કલમ આસાનીથી સરતી નથી. દલપતરામ ભાષાસંડોળની દૃષ્ટિએ નર્મદ કરતાં ઠીક સમૃદ્ધ ગણાય. નર્મદને પોતાની કવિતા વાચકો-થી સમજાય તે માટે વારંવાર ટીપ આપવી પડે છે. અલબત્ત, નર્મદની આ મુશ્કેલી અથવા મર્યાદા શરૂઆતનાં કાવ્યોમાં જ વિશેષ જણાય છે.

નર્મદ પ્રકૃતિથી જ આત્મલક્ષી કવિ હતો. એની પરલક્ષી કવિતામાં પણ એનો આત્મઅનુભવ વારંવાર પ્રકટ થતો દેખાય છે. અલબત્ત, એ અનુભવ ઊર્મિમંડિત બનીને કલાત્મક રૂપે પ્રગટ થતો જવલ્લે જ જોવા મળે છે. અંગત અનુભવને પ્રકટ કરતી આંતરજીવનના આલેખ સમી સુમધુર ને શિષ્ટ ઊર્મિકવિતા તો પ્રથમ વાર આપણને 'કલાપી'માં મળે છે.

પ્રકૃતિકાવ્યો

દલપતરામે અને નર્મદે, બંનેએ કવિતાનાં વિવિધ સ્વરૂપો ખેડીને અર્વાચીનતાનો આવિષ્કાર પ્રગટ કર્યો. બંને કવિઓએ વિપુલ સંખ્યામાં કવિતા રચના કરી છે. પણ એમનાં દળદાર કાવ્યપુસ્તકોમાંથી ચિત્તને પરિતોષ તેવી કલાત્મક રચના અલ્પ જ મળે છે. છતાં બંને કવિઓ અર્વાચીનતાનો અરુણોદય પોકારનારા વૈતાલિકો છે. બંનેએ નવા વિષયો ખેડીને કવિતાને સંપ્રદાયના વર્તુળમાંથી બહાર કાઢીને વ્યવહારાભિમુખ બનાવી. દલપતરામે 'બાપાની પીપર' નામની કવિતા ઈ. ૧૮૪૫માં રચી પ્રકૃતિ. કવિતાનો પ્રથમ વાર પરિચય કરાવ્યો. એમાં આત્મોર્મિનો ઉદ્‌ગાર પણ હતો. એ પછી દલપતરામે સંખ્યાબંધ પ્રકૃતિકાવ્યો રચ્યાં તેમાં કલાકોટિએ પહોંચનારાં જૂજ કાવ્યો જ હતાં. નર્મદે દલપતરામ સાથે સ્પર્ધા માટે થોડાંક પ્રકૃતિકાવ્યો ભલે રચ્યાં હોય, પણ નર્મદની પ્રકૃતિ-કાવ્યો રચવા પાછળની પ્રેરણા તેના અંતરની વેદનામાંથી પ્રગટી હતી. નર્મદ પ્રકૃતિથી જ દર્દી હતો, ઘાયલ હતો. ચિત્તના સંતાપો વિસરવા તે પ્રકૃતિનો વિસામો શોધતો. નર્મ ટેકરી વિશેની એક કવિતામાં તેણે આ વાત નોંધી છે:

મૈત્રી મારે કુદરત તણી, લેણાદેણી મારે ઘણી;
કુદરત મારી છે માશૂક, એથી પૂરું પામું સુખ,
બહુ ગભરાઉં દુનિયા થકી, એકાંતે જઈ બેસું નકી;
કુદરત કેરો કરું વિચાર, વિસરી જાઉં દુઃખને ચાર.

નર્મદનાં પ્રકૃતિકાવ્યોમાં 'વનવર્ણન' અને 'પ્રવાસવર્ણન' તેની કલા-શક્તિનાં સારાં ઉદાહરણ છે. 'ઋતુ-વર્ણન' પણ એમાંની અનેક મર્યાદા છતાં નર્મદની લાક્ષણિક કૃતિ બની રહે છે. 'બ્રહ્મગિરિ'માં વિવેચક રામ-નારાયણ પાઠકને ખરા પ્રકૃતિકાવ્યનું પ્રથમ દર્શન થતું લાગે છે. પણ નર્મદની લગભગ ઉત્તમ કહી શકાય તેવી રચના 'કબીરવડ' છે. એનો આરંભ આકર્ષક પંક્તિઓથી થાય છે:

ભૂરો ભાસ્યો ઝાંખો દૂરથી ધૂમસે પહાડ સરખો,
નદી વચ્ચે ઊભો, નિરભયપણે એક સરખો;
દીઠો હાર્યો જોદ્ધો, હરિતછું હદે ધ્યાન ધરતો,
સવારે એકાંતે, કબીરવડ એ શોક કરતો.

કબીરવડને જોતાં હારેલા જોદ્ધાની કલ્પના નર્મદ જેવા વીર સેનાનીને આવે એ સ્વાભાવિક છે: નર્મદ પણ સુધારાના સંગ્રામમાં ઝૂઝીને અંતે હારેલો જોદ્ધો જ બની રહેલો ને! કબીરવડની વિશાળ વડવાઈ જોઈને નર્મદને સમર્થ ઉત્પ્રેક્ષા સૂઝે છે:

જટાની શોભાથી અતિશ શરમાઈ શિવ ઊઠયા,
જટાને સંકેલી, વડ તજી ગિરિએ જઈ રહ્યા.

'ચોમાસામાં' એ કાવ્ય પણ પ્રાસાદિક છે: મેઘરાજાની પધરામણી ને સૃષ્ટિમાં પશુપંખી પર તેના પ્રતિભાવોનું વર્ણન ચિત્રાત્મક છે. જેમ કે–

શોભા વર્ણું શું હું શક પછી મેઘરાજ પધાર્યા
વૃક્ષાદિએ હરખથી નમી સ્વસ્તિ શબ્દો પુકાર્યા
× × ×
વાંસો ફૂટે તડ તડ કરી રાન થાએ કરાળ;
ઓથો વિના સરવર તટે બૂમ પાડે મરાળ.
× × ×
પીએ તોએ પધપધ કરે આકળા ચાતકા તે.
× × ×

'ૠતુવર્ણન' વિષે નર્મદે પોતે જ્હુ અહોભાવ સેવ્યો છે, ને આપણા આદિ વિવેચક નવલરામે પણ તે કૃતિને 'નાનું પણ પંડિત શૈલીનું મહા રસિક કાવ્ય' ગણાવીને એને ઊંચે પાટલે સ્થાપ્યું છે. પણ પાંડિત્ય પ્રગટ કરવાના અભરખામાં નર્મદ અહીં કૃત્રિમતામાં સરકયો છે. અનુકરણમાં સપડાયો છે અને સંસ્કૃત ગ્રંથોની રીતે મુજબ કામશાસ્ત્રના રંગો પૂરવા જતાં અવિવેકી અને અશિષ્ટ, અશ્લીલ બન્યો છે.

પ્રકૃતિકાવ્યોમાં નર્મદ એક તરફ પ્રકૃતિનું વર્ણન અને બીજી તરફ તરત તેનો અનુકૂળ કે પ્રતિકૂળ જોરસો વર્ણવવા પ્રયત્ન કરે છે; પણ અનેક વાર એ બંને વસ્તુ એક સાથે સાધવા જતાં તરંગમાં ખેંચાઈ જાય છે:

દાવાનળે તે સુકું બાળ્યું રાન, ત્રેહાવળે આ લીલું કુંજધામ;
બને ધુમાડે થઈ પૂરી અંધ, વાપે બળું ને કઉ દુષ્ટ ગંધ.

સુરુચિનો ખ્યાલ તો એને આવતો જ નથી.

બીજી એક રચનામાં મધેિડાનું વર્ણન કરે છે તે તો ઠીક, પણ જીવને એ પાછા ટિપ્પણમાં ગધેડા સાથે સરખાવે છે—અલંકાર આણવા માટે!

ભયંકર દિસે સુકાં ખેતરો તો, ગધેડા હઠીલો ભમે ભૂંકિ રોતો
બહુ મનની વૃત્તિઓ શુષ્ક થાયે, ભઠ્ઠ જીવે તો આમ ને તેમ ધાયે.

એની વિચારયોજનામાં કે અલંકારમાં અનૌચિત્ય કેટલું બારોબાર છે તેનું દૃષ્ટાંત નીચેની કડીમાં મળે છે:

ભેળાએ જો, અધકરણ તે, દૂધ પાણી દહીં હું,
દેવે નાખ્યું, મમનલુણ રે, તેથિ ફાટી ગઈ હું.

પંક્તિનું તાત્પર્ય તો જુઓ! પિયુરૂપી અધકરણ કહેતાં મેળવણ હોય તો હું જે દૂધ જેવી છું તે દહીં જેવી પુષ્ટ થાઉં, પણ દેવે પિયુના ગમનરૂપી અર્થાત્ વિયોગરૂપી લૂણ કહેતાં મીઠું નાખ્યું તેથી જેમ દૂધ ફાટી જાય તે રીતે હું ફાટી ગઈ છું! આ તુક્કો તો નર્મદને જ સૂઝે!

પ્રકૃતિકાવ્યોમાં 'કબીરવડ' જેવા કોઈ કાવ્ય સિવાય નર્મદની કલ્પનાશક્તિ ઝાઝી ઝળકતી નથી. એનામાં પ્રકૃતિ માટેનો ઉત્કટ પ્રેમ હોય તો પણ એનું વર્ણન કરવાની કલાશક્તિ તેનામાં નથી. વિવેચક વિશ્વનાથ ભટ્ટે યોગ્ય જ કહ્યું છે કે, 'ઘણાંખરાં કાવ્યોમાં એની સ્થિતિ પ્રકૃતિવર્ણનનો સભાન પ્રયત્ન કરનાર નિબંધકારના જેવી દેખાય છે— કવિની સર્જકશક્તિ કરતાં નિબંધકારની અવલોકનશક્તિનું જ એમાં એકંદરે વિશેષ દર્શન થાય છે.' ('નર્મદનું મંદિર-પદ્યવિભાગ', ઈ. ૧૯૩૪ પ્રસ્તાવના, પૃ. ૧૬.)

પ્રેમવિષયક કાવ્યો

'મારી હકીકત' તેમ જ નવલરામે લખેલા નર્મદના ચરિત્રને આધારે એટલું જાણી શકાય તેમ છે કે નર્મદને સ્ત્રીઓ પ્રત્યેનું કૌતુક ને આકર્ષણ અતિશય હતું, અને એ પ્રેમવ્યવહારમાં તે અસંયમી હતો. અનેક

નાણેલા નુસખા-૨

બોરસલીનાં બી અને હરસ

હરસ તો જેને થયા હોય તેને ખબર પડે. સાયકલ સવારી કરવા ન દે, સીધું બેસવા ન દે, સુખે સંડાસ ન થાય, આખો દિવસ દુઃખ્યા કરે, આમ, અનેક રીતે પીડે. તેને મટાડવા, હળવા કરવા કે સૂકવી નાખવા માટે આ એક જ દિવસનો પ્રયોગ દરેકે કરી લેવા જેવો છે.

બોરસલીનાં ૨૧ બી લેવાં. તેની અંદરનાં સફેદ મીંજ કાઢવાં. આ મીંજ અને ૧૧ દાણા કાળાં મરીના લઈને બંનેનો ભૂકો કરી એક પડીકું તૈયાર રાખવું. જે દિવસે પ્રયોગ કરવાનો હોય તે દિવસે સવારે પ્રાતઃવિધિ પતાવી આ ભૂકાનો ફાકો પાણી સાથે લઈ લેવો. તે પછી છ કલાક સુધી બેસવું નહિ. હરવું, ફરવું, ઊભા રહેવું, પણ બેસવું તો નહિ જ. અને દર કલાકે એક મોસંબી ચૂસવી.

છ કલાક પછી મગની દાળની ખીચડી ખાવી, અને પછી રાબેતા મુજબનો રોજિંદો વ્યવહાર શરૂ કરવો. આ પ્રયોગ એક વાર ઑપરેશન-માંથી તો બચાવી લેશે જ, અને હરસને હળવા કરી નાખશે. જરૂર પડે તો ૧૫-૨૦ દિવસે ફરીથી બીજી વાર આ પ્રયોગ કરી શકાય.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

સ્ત્રીઓ સાથેના પ્રેમસંબંધોમાંથી પ્રગટેલો વિલક્ષણ અનુભવ એ એનાં પ્રેમવિષયક કાવ્યોનું પ્રબળ પ્રેરકબળ છે. નર્મદનાં પ્રેમવિષયક કાવ્યોમાં એક તરફ લાગણીનો ઉત્કટ ઊભરો છે, તો બીજી તરફ પ્રેમાનુભવ વિષેનું ચિંતન છે. એનાં આ કાવ્યોમાં અશ્લીલતા કે અભદ્રતાની ઊણપ નથી. તેમ છતાં એના પ્રેમનો વેગ અને એના વ્યક્તિત્વની લાક્ષણિકતા પણ એમાં બરાબર પ્રગટે છે. સ્નેહ વિષે દોહરામાં લખાયેલી પંક્તિઓ સચોટ છે—

સજન નેહ નીભાવવો ઘણો દોહલો થાર;
તરવો સાગર હોડકે, સુવું શસ્ત્ર પર ધાર.

સજન નેહ ત્યાં ભેદ શો, ભેદ તહાં શો નેહ;
ભેદ તહાં તો છેદ છે, મર્મ ઊઘડી રેહ.

સજન નેહ તો આદ છે, નેહ થકી સંસાર,
નેહ દેહ શોભાવતો, નેહ ઉતારે પાર.

સજન નેહ શીતળ ઘરો, પણ કાયાને ચેહ;
ક્રાંતિ, નેહ મદ ઝરણનાં, રમણે રંગી રેહ.

નર્મદના ઉન્મત્ત પ્રેમને પ્રગટ કરતું રોળા છંદમાં રચાએલું કાવ્ય પણ આકર્ષક છે—

સલામ રે દિલદાર યારની કબૂલ કરજે;
રાખિશ મા દરકાર, સાર સમજી ઉર ધરજે.
ઘણા ઘણા લઈ ઘાવ તાવથી ખૂબ તવાયાં;
નહીં ભોગ ઉપર ભાવ, નાવમાં નીર ભરાયાં.

પ્રાસરચનામાં નિર્બળ નર્મદ અહીં પ્રાસની ને આંતરપ્રાસની પરંપરા રચે છે. 'પ્રેમચંદા', 'કુમુદચંદ્ર પ્રેમપત્રિકા' એ નર્મદનાં પ્રેમ વિષેનાં ચિંતનયુક્ત કાવ્યો છે, અને તેમાં બોધ પરાયણતા પ્રવેશી ગઈ છે. એ કાવ્યો નર્મદની કોઈ ઉચ્ચ શક્તિ દાખવતાં નથી. સાંસારિક પ્રેમનાં આત્મલક્ષી ઊર્મિકાવ્યો અર્વાચીન કવિતામાં પ્રથમ વાર નર્મદે જ મોકળે મને રજૂ કર્યા. દલપતરામે પ્રેમનો વિષય નથી સ્પર્શ્યો એમ નહિ, પણ નર્મદનાં પ્રેમવિષયક કાવ્યોમાં જે ખુમારી અને ખુમારીના ભાવ પ્રબળ-પણે પ્રગટ થયા તે અ-પૂર્વ છે. એટલે આ પ્રકારનાં માનવપ્રેમને વિષય કરીને લખાયેલાં ઊર્મિકાવ્યો અર્વાચીન ગુજરાતી કવિતામાં નવું પ્રસ્થાન છે અને તેનો યશ નર્મદને ઘટે છે. (ચાલુ)

બકુલ (બોરસલી)

પુષ્પમાળા-૧૮

લેખક · પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

ભારતીય દ્વીપકલ્પનું માનીતું, અતિરમણીય, સદાપર્ણી અને અતિસઘન બોરસલી કે બકુલ સમસ્ત દક્ષિણાપથ, લંકા, આન્દામાન ટાપુઓથી લઈને બ્રહ્મદેશ અને મલય પ્રાયઃ દ્વીપ સુધી પ્રચુરમાત્રામાં થતું પુષ્પવૃક્ષ છે. મહુડા, રાયણ અને ચીકુના વર્ગની આ વનસ્પતિ પોતાની સૌરભમયી શીતળ છાયા, ઘેરી શ્યામલ, સ્નિગ્ધ સુષમા અને પુષ્પોના મનોમુગ્ધકારી આમોદ (સુગંધ)ને કારણે ઉપવનો ઉદ્યાનો અને ગૃહ-પ્રાંગણોમાં પ્રેમથી ઉગાડવામાં આવે છે.

એનું શાસ્ત્રીય નામ 'મીમુસોપ્સ' સ્વીડિશ વનસ્પતિશાસ્ત્રી લીનિયસે પાડેલું છે. 'રક્તમુખ વાંદરા' જેવો આ ગ્રીક શબ્દનો અર્થ થાય છે, કારણ કે એનાં ફળ પીળાશ પડતાં રક્તવર્ણી, નારંગીના રંગ જેવાં હોય છે. ઇલિંછ એ તમિળ ભાષાનો શબ્દ છે. ઝાડની છાલ ભૂખરી કાળાશ પડતી. શાખાઓ પર આંતરે આવેલાં પર્ણો ત્રણથી પાંચેક ઇંચ લાંબાં અને દોઢબે ઇંચ પહોળાં, ચમકીલાં, ઘેરાં લીલાં, લંબગોળ અને અણીદાર હોય છે. તેની વૃંત્તિકા (દાંડલી) અર્ધો ઇંચ જેટલી લાંબી હોય છે. શાખાઓ પર નાનાંનાનાં એક ઇંચ વ્યાસવાળાં ચક્રાકાર તારિકા જેવાં પીળાશ પડતાં શ્વેત પુષ્પો આવે છે. આ પુષ્પોમાંથી અતિ મોહક-માદક સુગંધ આવે છે. ભ્રમરો એના સૌરભ પાછળ પાગલ જેવા રહે છે તેથી સંસ્કૃતમાં બકુલને 'ભ્રમરાનંદ' એવું નામ પણ અપાયું છે. 'સાહિત્યદર્પણકાર' લખે છે :

आदाय बकुल-गंधान् अंधीकुर्वत् पदे-पदे भ्रमरान्।
अयमेति मन्दं-मन्दं कावेरी-वारि-पावनः पवनः ॥

અર્થાત્, બોરસલીની માદક સુવાસ લઈને કાવેરી નદીની ઉપરથી આવતો આ પાવન પવન ભમરાઓને પદપદ પર અંધ બનાવી રહ્યો છે.

બકુલનાં પ્રસૂન ચૈત્ર માસથી આરંભીને છેક આસો સુધી ખીલતાં રહે છે. પુષ્પો એકલાં અને ગુચ્છોમાં ઊગે છે. એની અતિશય માદક મધુર સુવાસ આસપાસના વાતાવરણને મઘમઘતું કરી દે છે. આ પુષ્પો સુકાયા પછી પણ લાંબા સમય સુધી સુવાસમય રહે છે. સંસ્કૃતમાં આ પુષ્પોને 'કેસર' કહે છે. બકુલનું અત્તર પણ બહુ લોકપ્રિય છે. પુષ્પોમાંથી બાષ્પશીલ તેલ નીકળે છે અને તે પાણીને સુગંધિત કરવા વપરાય છે.

શકુન્તલાને સાસરે વળાવતી વેળા એના શોભા-શૃંગાર માટે, એની બહેનપણી અનસૂયા પ્રિયંવદાને કહે છે :

'अस्मिन् चूत-शाखावलम्बिते नारिकेल-समुद्गके एतन्निमित्तमेव कालान्तर क्षमा निक्षिप्ता मया केसरमालिका।' (शाकुंतल-नाटकम्)

અર્થાત્ 'આ આમ્રવૃક્ષની શાખા પર પેલું જે નાળિયેળની ડાબડી જેવું લટકે છે તેમાં મેં ઘણા દિવસો સુધી સુગંધિત રહેનારાં બકુલ પુષ્પોની માળા આજને માટે સાચવી રાખી છે. તે શકુન્તલાને માટે ઉતારી લાવ.' બકુલની માળાઓ શૃંગારને માટે પ્રાચીનકાળથી અતિપ્રિય રહી છે.

બકુલનું ફળ લંબગોળ, લીસું, ચમકદાર અને પોણાથી એકાદ ઇંચ સુધી લાંબું હોય છે. એ ફળ પરિપક્વ થતાં પીળાશ પડતું સિંદૂરિયા રંગનું થાય છે. પક્વ ફળની સુવાસથી હવા શુદ્ધ થાય છે. ફળનું અથાણું થાય છે. ફળની અંદર ચીકુનાં બીજ જેવું નાનું કાળું બીજ હોય છે. ફળનો ગર તુરાશ પડતો સત્વયુક્ત મીઠો હોય છે. બીજનું તેલ ખાય છે. બીજના રંગ સાથે બોરસલીના થડની છાલમાંથી કાઢેલો રંગ મિશ્ર



સંસ્કૃત નામ : શિવમલ્લી, મધુગંધ, ભ્રમરાનંદ, કેસર, બકુલ, એકાષ્ઠીલ.
બંગાળી, કન્નડ, તમિળ તથા ગુજરાતી ભાષામાં બકુલ

बकुलः सीधुगंधश्च नद्यगंधोऽशारदः।
मधुगंधो गूढपुष्पः शिम्बी केसरकस्तथा ॥
(धन्वन्तरि–निघंटु)

અંગ્રેજી નામ : Surinam Medlar, West Indian Medlar
વૈજ્ઞાનિક નામ-Mimusops Elingi
હિન્દી : મૌલસિરી, બકુલ. મરાઠી : ઓવળી, બકુલ.

કરવાથી ઘણો સુંદર રંગ બને છે. વૃક્ષનો વિકાસ બીજમાંથી થતો હોઈ તેને વિકસતાં સમય લાગે છે. બકુલનું કાષ્ઠ મજબૂત હોઈ નાનાં ઇમારતી કામોમાં તથા ગાડાં ને પેટીપટારા બનાવવામાં વપરાય છે. બકુલ ખારી ભૂમિમાં પણ સારી રીતે ટકી શકે તેવું વૃક્ષ છે.

સાહિત્યમાં બકુલ માટે અનેક કિંવદંતીઓ ને સુંદર વર્ણનો વિખ્યાત છે. 'વિકસતિ બકુલ યોષિતાં આસ્યમદ્યૈઃ' 'સાહિત્યદર્પણ'માં કવિરાજ વિશ્વનાથ કહે છે કે રમણીની મુખમદિરાથી બકુલના વૃક્ષને સીંચવામાં આવે તો તે એકદમ ખીલી ઊઠે છે.

કવિવર રાજશેખર (૧૦મી સદી) કાવ્યમીમાંસામાં કહે છે :

मुख-मदिरया पादन्यासैः विलास-विलोकितैः।
बकुल-विटपी रक्ताशोकः तथा तिलकद्रुमः ॥

અર્થાત્, બકુલ કાન્તામુખની મદિરાથી, લાલ અશોક પ્રિયાના ચરણ-પાતથી અને તિલક વૃક્ષ વિલાસભર્યાં અવલોકનોથી પુષ્પિત થાય છે.

પ્રાચીન સમયમાં સ્ત્રીનાચાંદીના કંદોરાની જગ્યાએ બકુલ પુષ્પોની મેખલા પણ પહેરવામાં આવતી હતી. કવિ કાલિદાસના 'કુમારસંભવ' કાવ્યમાં એક વર્ણન આવે છે કે, પાર્વતીએ કટિપ્રદેશ પર બકુલમાળા પહેરી છે, તે વારંવાર સરી પડતાં પાર્વતી તેને ઉપર સરકાવે છે.

स्रस्तां नितम्बाद् अवलम्बमाना पुनःपुनः केसर-दाम-कांचीम्।

રાજશેખર કહે છે કે બકુલનાં પુષ્પો વસન્ત ઋતુમાં ખીલી રહ્યાં છે: વસન્ત-વર્ણનમાં ગીતગોવિન્દકાર કવિ જયદેવ લલિત-કોમલ-કાંત-પદાવલીમાં હેતુપૂર્વક બકુલનો સમાવેશ કરે છે:

उन्मद-मदन-मनोरथ-पथिक-वधूजन-जनित विलापे
अलिकुल-संकुल-कुसुम-समूह-निराकुल-बकुल-कलापे ॥

પ્રસન્નરાઘવ નાટકનો કવિ જયદેવ લખે છે:

निजे पाणौ कृत्वा बकुल-लतिका-बालकुसुमं
ययोश्चेक्र गुंजन् मधुपमवतंसं रघुपतिः ॥

સીતાજી કહે છે કે રામચંદ્રજી મારા બન્ને કાનોમાં પોતાના હસ્તે બકુલની કોમળ કળીઓ પહેરાવતા હતા.

બકુલના અનેક ઔષધીય ઉપયોગો પણ છે. દાંતના વિકાર અને મજબૂતી માટે બોરસલીનું દાતણ સર્વોત્તમ ગણાય છે. બજારમાં સર્વત્ર વેચાતા 'વજ્રદન્તી' જેવાં દન્તમંજનોમાં મુખ્ય વસ્તુ બોરસલીની છાલનું ચૂર્ણ છે. 'વૈદ્યજીવન'ના કવિ લોલિમ્બરાજ લખે છે:

एषः सुगंधि-मुकुलो बकुलो विभाति
वृक्षाग्रणीः प्रियसखे मदनैकबन्धुः।
यस्य त्वचैव चिर-चर्वितया नितान्तम्
दन्ता भवन्ति चपला अपि वज्रतुल्याः ॥

આ બોરસલીની છાલ લાંબા સમય સુધી દાંતો વડે ચાવવાથી ગમે તેવા હાલતા દાંત પણ વજ્ર જેવા મજબૂત બને છે. (૨) રક્તાતિસારમાં બકુલનાં ફળો ખાવાથી અચૂક લાભ થાય છે. (૩) મૂત્રદાહમાં બકુલનાં ૧૦–૧૨ ફળો ખાવાં ફાયદાકારક છે. (૪) મૂત્રમાં લોહી આવતું હોય તો બકુલની છાલનો ક્વાથ લાભ કરે છે. (૫) બકુલનાં ૫-૬ પુષ્પો એક તોલા પાણીમાં રાતભર પલાળી સવારે એ પાણી પિવરાવવાથી બાળકોની સૂકી ખાંસી મટી જાય છે. (૬) બોરસલીની છાલનો ક્વાથ જીર્ણજ્વરમાં પુષ્ટિ આપે છે. (૭) વૈદ્યશાસ્ત્રી આપ્પાશાસ્ત્રી સાઠે લખે છે કે, બકુલનાં ફળોનું શરબત મૂત્રવિકાર માટે બહુ લાભકારી છે. એનાથી પથરી ઓગળી જાય છે. તેનાં ફળોનું સેવન થોડા દિવસોમાં જ શરીરની ખોટી ગરમીને દૂર કરે છે અને ફૂલોનું ચૂર્ણ સૂંઘવાથી શિરોવેદના ઓછી થાય છે. □

અનુસંધાન] વિપ્લવી ઇતિહાસની સમાંતર યાત્રા [પૃ. ૨૬૪થી

છે કે જ્યારે કૉંગ્રેસના આંદોલનમાંથી અહિંસાનું ગાંડપણ સમાપ્ત થશે ને ક્રાંતિકારો સાથે ખભેખભો મિલાવી પૂર્ણ સ્વાધીનતાના સામૂહિક લક્ષ્ય તરફ દોરાશે. ક્રાંતિકારો તો પચીસ વર્ષોથી સ્વતંત્રતા માટેના પ્રયત્નોનું પ્રતિપાદન કરતા આવ્યા છે.

દક્ષિણ આફ્રિકામાં ભારતીયોના જે ન્યાયોચિત અધિકાર માનવામાં આવતા હતા તે પ્રાપ્ત કરવામાં અહિંસાનું શસ્ત્ર અસફળ રહ્યું. ભારતમાં પણ તે નિષ્ફળ ગયું છે. હમણાંના બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોને જે ઓછામાં ઓછા અધિકારો પ્રાપ્ત થશે તેવું આશ્વાસન આંદોલનકારી નેતાઓએ આપ્યું હતું તે સિદ્ધ નથી થયું. વાસ્તવમાં ગાંધીજી જે રૂપે સત્યાગ્રહનો પ્રયાસ કરે છે તે એક એવું આંદોલન છે જેના છેલ્લા તબક્કામાં સમજૂતી જ કરવાની આવે છે. સ્વતંત્રતા ને ગુલામી વચ્ચે કોઈ સમજૂતી ન હોઈ શકે તે વાત આપણે જલદીથી સમજી લેવા જેવી છે.

ગાંધીજીએ વિચારશીલ લોકોને કહ્યું છે કે તેઓ ક્રાંતિકારોને સહયોગ આપવો બંધ કરે, જેથી હિંસાની નિરર્થકતા સમજી શકાય. ગાંધીજી ક્રાંતિકારીઓનું મનોવિજ્ઞાન નથી સમજતા, ન સમજવા માગે છે. જે માણસ ક્રાંતિકારી બને છે તે રમત નથી કરતો, હથેળીમાં માથું લઇને જાનની બાજી ખેલે છે. તે જનતાની સહાનુભૂતિ કે જયજયકાર માટે પણ ત્યાગ-બલિદાન નથી કરતો. એ પોતાના માર્ગે એટલા માટે જાય છે કે તેનો સદ્‌વિવેક તેને પ્રેરણા આપે છે. ક્રાંતિકારોનો વિશ્વાસ તર્કમાં હોય છે, અને માત્ર તર્કમાં જ તે ગાળાગાળી કે નિંદા કરતો નથી. પ્રજાનો સહયોગ ન મળ્યે ધ્યેય છોડી દેવાનું તે પસંદ નથી કરતો. અનેક ક્રાંતિકારો જેમની કાનૂની આંદોલનકારીઓએ ટીકા-નિંદા કરી હતી, ફાંસીના તખ્તા પર ઉપરવા બનીને ઝૂલી નહોતા ગયા? જો ગાંધીજી ઇચ્છતા હોય કે ક્રાંતિકારો તેનો માર્ગ છોડી દે તો કોઈ પ્રામાણિક તર્ક રજૂ કરે. ડરાવવા-ધમકાવવાથી આ કામ થઈ શકે નહિ.

સ્વતંત્રતા રાષ્ટ્રનો પ્રાણ છે. ગુલામી લજ્જાસ્પદ છે. અહિંસા કે એવા અજીબગજીબ તરીકાઓના મનોવૈજ્ઞાનિક પ્રયોગો કરીને રાષ્ટ્રની સ્વતંત્રતા સાથે ખેલ ન ખેલી શકે. શું એ અપરાધ નથી કે બ્રિટને ભારતમાં અનૈતિક શાસન કર્યું? આપણને ભીખમંગા બનાવ્યા, આપણું લોહી ચૂસી લીધું, ઘોર અપમાન અને શોષણ કર્યું? શું આ અપમાન ભૂલી જઈને ક્ષમા આપવાની છે? અમે બદલો લઈશું. કાયરો ભલે પીઠ બતાવીને સમજૂતીના ચક્કરમાં પડે. આપણે નથી કોઈ પાસે દયાની ભીખ માગતા કે ન કોઈને ક્ષમા આપીશું. આપણું યુદ્ધ વિજય યા મૃત્યુ લગી ચાલતું જ રહેશે. ક્રાંતિ ચિરંજીવ હો..."

અર્ધી સદી પહેલાંનો ભગવતીચરણનો આ 'બૉમ્બનું તત્ત્વજ્ઞાન' લેખ આઝાદીના એ મતવાલાઓના દૃષ્ટિકોણ અને એમણે સ્વીકારેલા ધ્યેયની પર્યાપ્ત સ્પષ્ટતા દર્શાવે છે. (આવતા અંકમાં પૂરું)



Mate in Two
b2K4/2p5/3K4/1Q6/5P2/1B6/
16.≠2.

શતરંજનો કોયડો-૮ . . . . સુરેશ મોદી

આ વખતે આપણે બે ચાલનો Direct mate કોયડો જોઈશું. અહીં સફેદે રમવાનું છે અને બે ચાલમાં કાળાના દરેક બચાવ સામે મહાત કરવાનું છે. આ મિનીએચરમાં સુંદર Set play છે તે ઉકેલમાં દર્શાવવું જરૂરી છે. ઉકેલ તા. ૨૦ સપ્ટેમ્બર સુધીમાં નીચેના સરનામે મોકલો: Suresh M. Mody, H6 Saraswati Society, Govandi Road, Chembur, Bombay 400 071

૧૮મી રાષ્ટ્રીય 'બ' ટુર્નામેન્ટ

તાજેતરમાં દિલ્હીમાં રમાએલી ૧૮મી રાષ્ટ્રીય 'બ' ટુર્નામેન્ટમાં મુંબઈના યુવાન ખેલાડી અવિનાશ આવતે અણનમ રહી ૧૫માંથી ૧૨ પૉઇન્ટ મેળવીને પ્રથમ આવ્યા છે. ડિસેમ્બરમાં દિલ્હી ખાતે રમાનારી ૧૮મી રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં રમવા માટે નીચેના ૧૪ ખેલાડીએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમણે મેળવેલાં પૉઇન્ટ કૌંસમાં આપ્યાં છે.

૧. અવિનાશ આવતે-મહારાષ્ટ્ર (૧૨ પૉઇન્ટ); ૨. આર. એસ. ગુપ્તા-મધ્ય પ્રદેશ (૧૧½); ૩. મેન્યુઅલ ઍરોન-તામિલનાડ (૧૧); ૪ ટી. એન. પરમેશ્વરન્-તામિલનાડ (૧૦½); ૫ વિ. હરિહરન્-તામિલનાડ (૧૦½); ૬ આર. નાગેન્દ્ર-આંધ્ર પ્રદેશ (૧૦½); ૭

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૧)

પ્રદેશે જય-વિજયના-૯

પી.ઇ.એન.ની ૪૨મી કૉંગ્રેસનો આરંભ

લેખક : પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

ઓપેરા હાઉસ જોઈ અમે એની ખુલ્લી વિશાળ બાલ્કનીમાં આવ્યાં. ત્યાં અમારે માટે પ્રથમ અનૌપચારિક મિલન યોજાયું હતું. બાલ્કનીમાંથી નીચે સમુદ્રનું રમણીય દર્શન થતું હતું. મંદમંદ વાયુની લહરીઓ આવતી હતી. સામે સીડનીના બે ભાગને જોડતો ભવ્ય હાર્બર બ્રિજ તેની જગત્‌ખ્યાતિને સાર્થ કરી રહ્યો હતો. આ મિલન પ્રસંગે ઑસ્ટ્રેલિયાના પેન સેંટરે સૌને માટે દારૂ ને આમિષ સૅન્ડવિચીઝ પીરસવાની વ્યવસ્થા કરી હતી. મારે માટે તો એ બંને વર્જ્ય હતાં. એક ઑસ્ટ્રેલિયન મહિલાએ બૅરરને કહીને ઑરેન્જ મગાવી આપ્યું. અનુકૂળતા પ્રમાણે સૌ પ્રતિનિધિઓ નાનાંનાનાં જૂથમાં વાતોએ વળ્યા અને નવા પરિચયો સાધવા લાગ્યા.

જાણે નાનો વિશ્વમેળો જામ્યો. જુદાજુદા દેશના તરેહતરેહના લોકો, ચામડીનો રંગ, મુખાકૃતિ, પહેરવેશ ભાષા બધું અલગઅલગ. વળી, આવી આંતરરાષ્ટ્રીય પરિષદમાં બધાંને અંગ્રેજી આવડતું જ હોય એવું યે નથી હોતું. ઊલટું અંગ્રેજીના પ્રમાણમાં તો ફ્રેંચ ભાષા બોલનારા વધુ હતા. એટલે વાતો કરવા માટે પણ પહેલાં પૂછવું પડે કે તમે અંગ્રેજી બોલો છો ? ભાષાને કારણે કે પોતાની પ્રકૃતિને કારણે કેટલાક પ્રતિનિધિઓ એકલા પડી જતા, પણ તેમ ન થાય તે માટે ઑસ્ટ્રેલિયન કાર્યકર્તાઓ ખાસ ધ્યાન રાખતા. તેમની સાથે તેઓ વાતો કરવા લાગતા અથવા બીજા એકલા પડેલા સાથે મેળાપ કરાવી આપતા.

આ આંતરરાષ્ટ્રીય 'પી. ઈ. એન.' અથવા 'પેન' કૉંગ્રેસમાં ભાગ લેવા માટે વિવિધ દેશોમાંથી લગભગ અઢીસો લેખક-લેખિકાઓ આવ્યાં હતાં. પી. ઈ. એન.ના બંધારણ અનુસાર દરેક સેન્ટરમાંથી બે અધિકૃત પ્રતિનિધિઓ (official delegate) ભાગ લઈ શકે. તેઓ કાર્યવાહક સમિતિના અધિકૃત સભ્ય ગણાય અને મતદાન કરી શકે. જે દેશમાં એક કરતાં વધારે સેન્ટર હોય તે દેશના આવા પ્રતિનિધિઓની સંખ્યા પણ વધારે હોય. આ ઉપરાંત, બીજા પ્રતિનિધિઓ પણ આવી શકે, પરંતુ તેઓ માત્ર સાહિત્યિક કાર્યક્રમોમાં ભાગ લઈ શકે. તેમનાથી બંધારણીય ચર્ચા કે મતદાન ન થઈ શકે.

આંતરરાષ્ટ્રીય પેન કૉંગ્રેસમાં યુરોપ, અમેરિકાના પ્રતિનિધિઓ કરતાં એશિયાઈ દેશોના પ્રતિનિધિઓની સંખ્યા ઓછી જોવા મળે છે. કારણ કે આ સંસ્થાની શરૂઆત યુરોપના દેશોમાં થઈ હોઈ તે તરફના લેખકો પહેલેથી તેમાં સક્રિય ભાગ લેતા આવ્યા છે. વળી, યુરોપ-અમેરિકાના દેશો સમૃદ્ધ હોઈ તેમની સરકાર કે સંસ્થાઓ જ પ્રતિનિધિઓને કૉંગ્રેસમાં મોકલવાનો ખર્ચ ઉપાડી લે છે. અને તે ખર્ચ ન મળે તો યે ઘણા પ્રતિનિધિઓ જાતે ખર્ચ કરી શકે તેમ હોય છે. વિદેશી હૂંડિયામણનો કોઈ પ્રશ્ન તેઓને નડતો નથી. વિદેશપ્રવાસ માટે તેમને સરકારી બંધનો હોતાં નથી. યુરોપમાંથી ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, બેલ્જિયમ, જર્મની, સ્વિટ્ઝરલૅન્ડ, સ્વીડન, નૉર્વે, હોલૅન્ડ, ડેન્માર્ક, ઇટાલી, સ્પેઇન, લક્ઝમબર્ગ વગેરે ઘણા દેશોના પ્રતિનિધિઓ આવ્યા હતા. એશિયામાંથી ભારત, બંગલા દેશ, તાઈવાન, ફિલિપાઈન્સ, જાપાન, કોરિયા, સિંગાપુર વગેરે દેશોના પ્રતિનિધિઓ હતા. સૌથી વધારે પ્રતિનિધિઓ જાપાન અને કોરિયાના હતા. જાપાનના ચૌદ અને કોરિયાના અગિયાર. એ બન્ને દેશો છેલ્લા બેએક દાયકામાં ખૂબ સમૃદ્ધ થયા છે. વિદેશી ચલણની તેમને મુશ્કેલી નથી. વળી, ત્યાંના લોકો અને લેખકો આર્થિક દૃષ્ટિએ પણ વધુ સમૃદ્ધ બનતા ગયા છે. પરંતુ આ બધા જ સાહિત્યિક અને સંસ્થાકીય ચર્ચાઓમાં બહુ સક્રિય ભાગ લેવા આવ્યા હતા એમ ન કહી શકાય. જાપાનનાં એક મહિલા પ્રતિનિધિ સહિત ચારેક પ્રતિનિધિઓ તો એવા હતા કે જેઓને અંગ્રેજી બોલતાં પણ આવડતું ન હતું. બીજા વિશ્વયુદ્ધ પછી જાપાને આર્થિક ક્ષેત્રે ભગીરથ પુરુષાર્થ કરીને જે પ્રગતિ સિદ્ધ કરી તેને પરિણામે એશિયાઈ દેશોમાંથી દુનિયાભરમાં પ્રવાસીઓ તરીકે જાપાનના લોકો સૌથી વધુ જોવા મળે છે. અંગ્રેજી કે ફ્રેન્ચ ઓછું આવડવાને કારણે સામાન્ય રીતે તેઓ જૂથમાં નીકળે છે, જેમાં એકાદ બે જણને સાધારણ સારું અંગ્રેજી આવડતું હોય. અમેરિકાએ જાપાનની રહેણીકરણી અને જીવનદૃષ્ટિ ઉપર ઘણો મોટો પ્રભાવ પાડયો છે. આથી વિવિધ પ્રકારની આંતરરાષ્ટ્રીય પરિષદોમાં જાપાનના લોકો હવે રસ લેવા લાગ્યા છે.

પેન કૉંગ્રેસમાં સામ્યવાદી દેશોના પ્રતિનિધિઓની હાજરી નહોતી. તેનું મુખ્ય કારણ તે દેશોમાં પેન સેન્ટર સ્થપાયાં નથી અને તે દેશોના નાગરિકોને સહેલાઈથી દેશ બહાર જવા મળતું નથી એ છે. રશિયા, હંગેરી, ચેકોસ્લોવાકિયા, પોલૅન્ડ, ચીન, બર્મા વગેરે દેશોના કોઈ પ્રતિનિધિ આ કૉંગ્રેસમાં ન હતા. પાકિસ્તાન, થાઈલૅન્ડ, શ્રીલંકા, કેનિયા, યુગાન્ડા, ટાન્ઝાનિયા, નેપાળ, અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કસ્તાન, ઇજિપ્ત, લિબિયા, લેબનન, ઈરાક, વગેરે અર્ધવિકસિત કે અવિકસિત દેશોના પ્રતિનિધિઓ પણ ન હતા. જે દેશમાં કૉંગ્રેસ યોજાય તે દેશના પ્રતિનિધિઓની સંખ્યા સૌથી વધુ હોય એ તો સ્વાભાવિક છે. અને સ્થાનિક લેખકો માટે તો આ સારો યોગ ગણાય. એટલે સ્વાભાવિક રીતે જ આ કૉંગ્રેસમાં સૌથી વધુ–સો કરતાં ય વધુ પ્રતિનિધિઓ ઑસ્ટ્રેલિયાના હતા. પર્થ, એડિલેઈડ, મેલબર્ન, સીડની, બ્રિસબ્રેઈન, ડાર્વિન વગેરે ઑસ્ટ્રેલિયાનાં તમામ મોટાં નગરોમાંથી તેઓ આવ્યા હતા.

ઓપેરા હાઉસમાં આ મિલન-કાર્યક્રમમાં બીજી કોઈ ઔપચારિકતા નહોતી. ઑસ્ટ્રેલિયાની સુપ્રસિદ્ધ લિમારેટ કંપની પીટર સ્ટુયૂવેસાંના કલા માટેના ટ્રસ્ટ તરફથી પેન કૉંગ્રેસને મોટી રકમ ભેટ અપાઈ હતી. એના એક ડાયરેક્ટર આ મિલનમાં ઉપસ્થિત હતા. તેમણે બધાંનો આભાર માન્યો અને અમે બસમાં બેસી શેવરોન હોટેલમાં પાછા ફર્યા.

બીજે દિવસે સોમવાર, તા. ૧૨ ડિસેમ્બરે, સવારે નવ વાગ્યે ૪૨મી આંતરરાષ્ટ્રીય પેન કૉંગ્રેસનું ઉદ્‌ઘાટન હતું. અમારી શેવરોન હોટેલમાં, ત્રીજે માળે એના વિશાળ સભાખંડમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

નવમાં પાંચ મિનિટે હું ત્યાં પહોંચ્યો ત્યારે સભાખંડ ભરાઈ ગયો હતો. કાર્યક્રમ ચાલુ થવાને જરા વાર હતી, છતાં સભાખંડમાં અરસપરસ વાતચીતનો ઘોંઘાટ બિલકુલ નહોતો.

નવમાં બેએક મિનિટ બાકી હતી ત્યાં ન્યૂ સાઉથ વેઈલ્સના ગવર્નર સર રૉડન કટલર આવ્યા. એમના હાથે ઉદ્‌ઘાટન થવાનું હતું. એમની પાછળપાછળ કૅમેરા સાથે પત્રકારો અને ટી. વી.વાળા પણ આવ્યા. ટી.વી.ની ફિલ્મ માટે સભાખંડમાં રોશની આમતેમ ફેંકાવા લાગી. મંચ પર બધા ગોઠવાયા અને બરાબર નવ વાગ્યે કાર્યક્રમ શરૂ થયો. સીડની પેન-સેંટરના પ્રમુખ સ્ટિફન કેલરે ગવર્નરનું, મહેમાનોનું અને પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું. ગવર્નરે ટૂંકમાં ઑસ્ટ્રેલિયાની વિશિષ્ટતા અને સાહિત્યના ક્ષેત્રે ઑસ્ટ્રેલિયાના પ્રદાન વિશે તથા સાહિત્યકારોના કાર્યક્ષેત્ર અને કર્તવ્ય વિષે પોતાના વિચારો વ્યક્ત કર્યા. ઑસ્ટ્રેલિયાની કેન્દ્ર સરકારના એક પ્રધાન ઍન્થની સ્ટેલે પણ ઑસ્ટ્રેલિયાની સરકાર વતી નાનું સ્વાગત પ્રવચન કર્યું.

ત્યાર પછી સ્ટિફન કેલરે પી. ઈ. એન. સંસ્થાનાં ઉદ્ભવ ને વિકાસ કેવી રીતે થયાં તેનો સંક્ષેપમાં પરિચય કરાવીને ધરતીને એક છેડે આવેલા ઑસ્ટ્રેલિયામાં પહેલી વાર આંતરરાષ્ટ્રીય પેન કૉંગ્રેસ યોજવા માટે પેનની આંતરરાષ્ટ્રીય કાર્યવાહક સમિતિનો આભાર માન્યો.

કૉંગ્રેસની આ પ્રથમ બેઠક હતી. નિશ્ચિત વક્તાઓ હતા અને તેમનો વક્તવ્યનો સમય પણ નિશ્ચિત હતો. બધું જ સમયસર ચાલતું હતું. ઑસ્ટ્રેલિયન વક્તાઓ વધારે હતા. એટલે અંગ્રેજીમાં બોલ્યા; જ્યારે પેનના આંતરરાષ્ટ્રીય પ્રમુખ મારિયો વરગાસ લોસા ફ્રેન્ચમાં બોલ્યા.

સભાખંડમાં દરેકની બેઠક પર હેડફોન હતાં. કૉંગ્રેસની સત્તાવાર ભાષા અંગ્રેજી અને ફ્રેન્ચ હતી. ઇંગ્લૅંડ, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ભારત, જાપાન, કોરિયા, બંગલા દેશ, સિંગાપુર, ફીજી, ન્યૂ ઝીલૅન્ડ વગેરેના પ્રતિનિધિઓ તો અંગ્રેજી સમજે તેમ હતા. જ્યારે ફ્રાન્સ, જર્મની બેલ્જિયમ, સ્પેન, યુગોસ્લાવિયા, કૅનેડા, બ્રાઝિલ, પેરુ વગેરે દેશના પ્રતિનિધિઓ ફ્રેન્ચ સમજતા હતા તો કેટલાક વળી બંને ભાષા સમજી-બોલી શકતા હતા. વક્તા જે ભાષામાં બોલતા હોય તેને બદલે બીજી ભાષામાં આપણે સાંભળવું હોય તો આપણી બેઠક પર પડેલું હેડફોન માથે ચડાવી દેવાનું. તેમાં અવાજ નાનો કે મોટો કરવાની સગવડ સાથે ચાલી રહેલા વક્તવ્યનું ભાષાંતર સાંભળી શકાય.

સભાખંડના એક છેડે, કાચની આડશવાળી કૅબિનો હતી. તેમાં દુભાષિયા તરીકે બે યુવતીઓ હેડફોન લગાવીને બેઠી હતી વક્તાનું વક્તવ્ય સાંભળી તુરત તેઓ તેનું ભાષાંતર કરીને માઈકમાં બોલતી. હેડફોન લગાડીને બેઠેલા શ્રોતાઓ તે સાંભળી શકતા. ભાષણ ચાલતું હોય ત્યારે તે જ વખતે, તરત ને તરત, ગૂંચવાયા વગર, વાક્ય તૂટે નહિ તેમ, વ્યાકરણની પણ ભૂલ કર્યા વગર, બધું જ વક્તવ્ય બરાબર આવી જાય તેવી રીતે તેનું ભાષાંતર તે કરતી જતી. વક્તા અને દુભાષિયા યુવતીના બોલવા વચ્ચે માત્ર બેત્રણ સેકન્ડનો જ ફરક પડતો. આ યુવતીઓ વ્યવસાયી દુભાષિયા હતી. પોતાના કામમાં તે નિષ્ણાત હતી. ખાસ યુરોપથી તેમને બોલાવવામાં આવી હતી. એવી કુલ ચાર યુવતીઓ અહીં આવી હતી. દર ચાર કલાકે તેમનો વારો બદલાતો.

P. E. N.

'પી. ઈ. એન.' (P. E. N.) અથવા 'પેન' (PEN) એ લેખકોની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. એના અક્ષરો સાંકેતિક છે. P એટલે Poets અને Playwrights, E એટલે Essayists અને Editors અને N એટલે Novelists. આમ, લગભગ બધા પ્રકારના લેખકોનો સમાવેશ તેમાં થઈ જાય છે. વળી, લેખકોની શક્તિની નિશાની તે એમની કલમ–PEN. એટલા માટે સંસ્થાનું નામ રખાયું P. E. N. 'પી ઈ. એન.' અને 'પેન' એમ બંને રીતે તેનું નામ બોલાય છે.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી આ સંસ્થાનો ઉદ્ભવ થયો તે સમયમાં યુરોપની ધરતી પર દેશોદેશો વચ્ચે જે રાજદ્વારી વૈમનસ્ય થયું તેનો પડઘો લોકજીવન પર પણ પડતો જતો હતો. આ વૈમનસ્ય દૂર કરવાના એક ઉપાય તરીકે જુદાજુદા રાષ્ટ્રના લેખકોને એક કરવાનું વિચારાયું. કારણ કે લોકોનાં જીવન ઉપર લેખકોનો મોટો પ્રભાવ હોય છે.

ઈ. ૧૯૨૧માં ઈંગ્લૅન્ડમાં નવલકથાકાર લેખિકા શ્રીમતી ડૉસન સ્કૉટને આ વિચાર સ્ફુર્યો. તેમણે એ વિચાર સુપ્રસિદ્ધ નવલકથાકાર જ્હૉન ગાલ્સવર્ધી સમક્ષ રજૂ કર્યો. ગાલ્સવર્ધીએ એને અનુમોદન આપ્યું ને તેઓ બનેએ મળીને ૧૯૨૩માં P. E. N. સંસ્થાની સ્થાપના કરી. નોબેલ પારિતોષિક-વિજેતા ગાલ્સવર્ધીનો પ્રભાવ ત્યારે ઈંગ્લૅન્ડના લેખકો પર સારો હતો. એમની સંસ્થામાં બર્નાર્ડ શૉ, જોસેફ કૉનરાડ, ડી. એચ. લૉરેન્સ, મેઈઝફિલ્ડ, આર્નોલ્ડ, બેનેટ, એચ. જી. વેલ્સ વગેરે સુપ્રસિદ્ધ લેખકો સભ્ય તરીકે જોડાવાથી 'પેન'ને પ્રતિષ્ઠા મળી. ફ્રાંસ, જર્મની, બેલ્જિયમ, સ્વિટ્ઝર્લૅન્ડ, ઈટાલી વગેરેમાં એનાં કેન્દ્રો સ્થપાયાં.

પેનના પહેલા આંતરરાષ્ટ્રીય પ્રમુખ તરીકે ગાલ્સવર્ધીની વરણી થઈ. તેમણે પેનના સંગઠન અને વિકાસ માટે પુષ્કળ સમય આપ્યો. એ માટે સાધારણ કર્મચારીનું કામ પણ તેઓ કરતા. તેઓ પરિપત્રોની નકલો કરી આપતા અને પરબિડિયાં પર સરનામાં કરવા પણ બેસી જતા. દરેક મીટિંગમાં તેઓ અચૂક હાજરી આપતા. પોતાને નોબેલ પારિતોષિક મળેલું તે રકમનું એમણે ટ્રસ્ટ-ફંડ કર્યું હતું તે ફંડ પેનને સોંપવાનું પોતાના વસિયતનામામાં લખ્યું હતું અને ૧૯૩૩માં જ્યારે તેમનું અવસાન થયું ત્યારે તે રકમ પેનને મળી હતી.

પેન સંસ્થાનો ક્રમે ક્રમે વિકાસ થતો ગયો. દુનિયાના મહાન લેખકો તેમાં જોડાતા ગયા. જુદાજુદા દેશોમાં એનાં કેન્દ્રો ખૂલતાં ગયાં. આર્થર મિલર, યુજિન આયોનેસ્કો, સ્ટિફન સ્પેન્ડર, જુડિથ રાઈથ, મારીઓ વરગાસ લોસા, સર વિક્ટર પ્રિચેટ, હેનરિક બ્યોલ, ઈગ્નાઝિયો સાઇલોને, મોરિસ વેસ્ટ વગેરે નોબેલ પારિતોષિક-વિજેતાઓ એના સભ્ય બન્યા છે.

હાલ ૬૨ દેશોમાં મળીને 'પેન'નાં ૮૨ જેટલાં કેન્દ્રો છે. એ બધાંની કુલ સભ્ય-સંખ્યા આઠ હજારથી પણ વધુ છે. 'પેન'નું પોતાનું કેન્દ્રો માટેનું અને આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસ માટેનું બંધારણ છે. અને તે પ્રમાણે બધું વ્યવસ્થિત ચાલે છે.

દર વર્ષે 'પેન'ની એક કૉન્ફરન્સ અને એક કૉંગ્રેસ ભરાય છે. બે વર્ષ અગાઉથી એનાં સ્થળો નક્કી થઈ જાય છે અને એના ચર્ચાના વિષયો વિચારાય છે. કૉન્ફરન્સ નાના પાયા પર થાય છે, અને તેમાં કૉંગ્રેસ માટેની પૂર્વભૂમિકા તૈયાર થાય છે. બંને વચ્ચે છએક માસનો ગાળો રહે છે.

'પેન' સંસ્થા લેખકોની સ્વતંત્રતામાં માને છે. વાણીસ્વાતંત્ર્ય એ એનો સૌથી મહત્ત્વનો એક ઉદ્દેશ છે. રાજકારણ સાથે 'પેન'ને કંઈ લેવા-દેવા નથી. છતાં કોઈ પણ કેન્દ્રના લેખક-સભ્યો પોતાના દેશના રાજકારણમાં ભાગ લે તેની સાથે 'પેન'ને નિસ્બત નથી.

'પેન'ની પ્રતિષ્ઠા ઘણી મોટી છે. 'યુનેસ્કો'એ પણ પેનને માન્ય રાખી છે. આર્થિક સહાય પણ આપે છે.

દરેક 'પેન' કેન્દ્રની પોતપોતાની સાહિત્યિક પ્રવૃત્તિઓ હોય છે. પાસેપાસેનાં પેન કેન્દ્રો અથવા કોઈ એક વિભાગનાં કે ખંડના પેન-કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે પણ કાર્યક્રમો યોજાય છે.

ભારતમાં પેન કેન્દ્રની સ્થાપના માદામ સોફિયા વાડિયાએ ઈ. સ. ૧૯૩૩માં કરી ત્યારથી આજ સુધી તેની પ્રવૃત્તિઓ ચાલતી રહી છે. અલબત્ત, ભારતમાં જુદાજુદા પ્રદેશની જુદીજુદી ભાષા હોવાને કારણે ને તે તે ભાષામાં પહેલેથી સાહિત્યિક સંસ્થાઓના ઉપક્રમે વિવિધ પ્રવૃત્તિઓ ચાલતી હોવાને કારણે તથા આર્થિક સમસ્યાઓને કારણે 'પી.ઈ.એન'ની પ્રવૃત્તિઓનો વિકાસ મર્યાદિત રૂપમાં રહ્યો છે. છતાં અખિલ ભારતીય ધોરણે સાહિત્યિક સંસ્થાઓમાં 'પી ઈ.એન.' અગ્રગણ્ય છે. (ચાલુ)

મેઘાણી-જયંતીએ મેઘાણી–સાહિત્યમાં ખાસ વળતર

મેઘાણી-જયંતી પ્રસંગે લોકમિલાપ ટ્રસ્ટ તરફથી ઝવેરચંદ મેઘાણીનાં ચાલીસથી વધુ પુસ્તકો પર ૧૭ ઑગસ્ટથી ફક્ત એક માસ માટે દસથી માંડીને પચીસ ટકા વળતર આપવાની યોજના જાહેર થઈ છે. તેની વધુ વિગતો માટે 'લોકમિલાપ ટ્રસ્ટ (પો. બો. ૨૩, ભાવનગર-૩૬૪ ૦૦૧)' ને લખવું.

ઉત્ક્રાંતિવાદનું એક રહસ્ય-મિ. એક્સ

—ડૉ. સુશ્રુત પટેલ—

એક સાહિત્યિક વિવેચકે નોંધ્યું છે કે નૃવંશશાસ્ત્રી અને વિજ્ઞાનના ઇતિહાસના પંડિત લૉર્ડ આઇસેલે (Lord Eiseley) જો વૈજ્ઞાનિક ન બન્યા હોત તો જરૂર એક મહાન નવલકથાકાર થયા હોત. 'ધી ઇમેન્સ જર્ની' જેવાં પુસ્તકો એનો પુરાવો છે. ઈ. ૧૯૭૭માં એમનું અવસાન થયું, પણ તાજેતરમાં બહાર પડેલું એમનું વૈજ્ઞાનિક, સચિત્ર પુસ્તક વિજ્ઞાનના ઇતિહાસકારો માટે કોઈ સરસ નવલકથા જેવું વાચન પૂરું પાડે છે. પુસ્તકનું નામ છે: 'Darwin and the Mysterious Mr. X–New Light on the Evolutionists (પ્રકાશક: J. M. Dent and Sons Ltd., London).

ચાર્લ્સ રૉબર્ટ ડાર્વિને (૧૮૦૯–'૮૨) ઉત્ક્રાંતિવાદનો વિચાર કાંઈ એકાએક હવામાંથી મેળવ્યો ન હતો. એના નામ સાથે સંકળાએલી આ શોધ હકીકતે એની પહેલાંના સંશોધકો દ્વારા સૂચવાએલી. એના કૉલેજકાળ દરમિયાન પણ આ અંગેના વિચારો ચર્ચાતા હતા. અરે, એના પોતાના જ દાદા ઇરેસ્મસ ડાર્વિન (Erasmus Darwin–૧૭૩૧–૧૮૦૨) આવા વિચારોના હિમાયતી હતા. ફ્રાન્સના જેન બૅપ્ટિસ્ટ લૅમાર્ક (Jean Baptiste Lamark–૧૭૪૪–૧૮૨૯) નામના પ્રકૃતિવિદે પણ આ દિશામાં ઠીકઠીક કામ કર્યું હતું. સ્કૉટલૅન્ડના સર ચાર્લ્સ લાયેલ (Charles Lyell–૧૭૯૭–૧૮૭૫) નામના ભૂસ્તરશાસ્ત્રી અને જીવવિજ્ઞાનીએ જણાવ્યું હતું કે પૃથ્વી ઘણી પુરાણી હોવી જોઇએ, જેથી અત્યંત ધીમા એવા સજીવ સૃષ્ટિના ફેરફારો શક્ય બન્યા. પૃથ્વી ઉપર અણધારી રીતે જીવન પાંગર્યું હોવાના અગાઉના વાદનો એ વિરોધી હતો. એણે જણાવ્યું કે પવન, પાણી અને શાકળ કે હિમ જેવાં કુદરતી પરિબળો આ માટે કારણભૂત હતાં. એણે 'The Principles of Geology' (૧૮૩૦) નામનું પ્રખ્યાત પુસ્તક પણ લખ્યું છે. આ વિચારશ્રેણી વગર ડાર્વિન પોતાનો વાદ ભાગ્યે જ કરી શકત.

ઇંગ્લૅન્ડના પ્રકૃતિશાસ્ત્રી આલ્ફ્રેડ રસેલ વૉલેસે (Alfred Russel Wallace–૧૮૨૩–૧૯૧૩) પણ, ડાર્વિનથી સ્વતંત્રપણે, એને મળતા આવતા વાદની જાહેરાત કરેલી (૧૮૫૮). આ બતાવે છે કે ઉત્ક્રાંતિનો વાદ કાંઈ ડાર્વિને એકાએક શોધી કાઢ્યો ન હતો. આમ પણ, કોઈ વૈજ્ઞાનિક વાદ એક મગજમાંથી આવે એ જરૂરી નથી. પૂર્વેના વૈજ્ઞાનિકોએ રજૂ કરેલાં વિચારો-તારણો પણ એમાં મદદરૂપ બનતાં જ હોય છે. પણ અહીં એનો સવાલ નથી. પુરોગામી વૈજ્ઞાનિકોનો ઋણસ્વીકાર ડાર્વિને ક્યારેક કર્યો છે. એણે એક વાર કબૂલ્યું હતું કે, 'I feel as if my books come half out of Sir Charles Lyell's brain'–પણ બાકીનાં અર્ધાં પુસ્તકોને પૂરું કરવા માટે કોનું મગજ વપરાયું હતું? કદાચ ઍડવર્ડ બ્લાઇથ (Edward Blyth)નું, જેનો ઋણસ્વીકાર તો બાજુએ રહ્યો, નામોલ્લેખ પણ ડાર્વિને કે સમકાલીનોએ કે એ પછી પણ કોઇએ કર્યો નથી. એટલે જ પ્રસ્તુત પુસ્તકના લેખકે બ્લાઇથને મિ. એક્સનું ઉપનામ આપ્યું છે. બિચારો અજ્ઞાત બ્લાઇથ—વગડાનું ફૂલ! ઈ. ૧૮૩૧થી ૧૮૩૬ સુધી ડાર્વિને 'બીગલ' (Beagle) નામના જહાજમાં મુસાફરી કરી તે દરમિયાન તેણે અનેક પ્રાણીઓ અને વનસ્પતિઓમાં જણાતાં પરિવર્તનોની સૂક્ષ્મ નોંધ તૈયાર કરી. આ નોંધો અને તારણો પરથી એ એવા નિર્ણય પર આવ્યો કે જાતિઓ (Species) અવિકારી નથી, ને નવી જાતિ પૂર્વવર્તી જાતિમાંથી પરિવર્તન પામી ઊતરી આવે છે.

તેણે સફર દરમિયાન એકઠી કરેલી નોંધો અને નમૂનાઓનો લગભગ ૨૦ વર્ષ સુધી અભ્યાસ કરી ૧૮૫૯માં 'જાતિનો ઉદ્ભવ' (The Origin of Species) અને એ પછી ૧૮૭૧માં 'The Descent of man' નામનાં યુગ-પ્રવર્તક પુસ્તકો લખ્યાં. ડાર્વિનના આ વાદનો આધાર મુખ્યત્વે પ્રાકૃતિક પસંદગીવાદ (Theory of natural selection) ઉપર રચાએલો હોઈ, તેમ જ એમાં એને અપાએલા પ્રાધાન્યને કારણે ઉત્ક્રાંતિનો આ ડાર્વિનવાદ(ડાર્વિનિઝમ) બહુધા આ જ નામે પ્રચલિત છે.

ઉપરોક્ત પુસ્તક-લેખક કહે છે કે, 'જાતિનો ઉદ્ભવ' પ્રસિદ્ધ થયું એ અગાઉ ઘણાં વર્ષો પહેલાં બ્લાઇથ નામના આ અંગ્રેજ વૈજ્ઞાનિકે પોતાની ૨૫ વર્ષની ઉંમરે 'નેચરલ સિલેક્શન'નો વાદ રજૂ કર્યો હતો. એણે આ મૂળ લેખો 'The Magazine of Natural History' નામના એક બ્રિટિશ સામયિકના ૧૮૩૫, ૧૮૩૬ અને ૧૮૩૭ના અંકોમાં લખેલા હજુ આજે પણ જિજ્ઞાસુ જોઈ શકે છે. આ લેખોમાંનો કેટલોક ભાગ આ પુસ્તકના સમર્થનમાં પુનઃમુદ્રિત કરાયો છે.

આ બ્લાઇથનો તા. ૨૩ ડિસેમ્બર, ૧૮૧૦ના રોજ જન્મ અને ૨૭ ડિસેમ્બર, ૧૮૭૩ના રોજ જન્મભૂમિમાં હૃદયરોગથી સ્વર્ગવાસ થયો. ૧૮૪૧માં તબીબી સલાહ અનુસાર એ ભારત આવ્યા હતા. રૉયલ એશિયાટિક સોસાયટી ઑવ બંગાલના સંગ્રહસ્થાનના નિયામક તરીકે ફરજ બજાવવા સાથે ૧૮૪૧થી ૧૮૬૨ સુધીમાં બાવીસ વર્ષમાં તેઓ ભારતનો ઘણો ખરો ભાગ ખૂંદી વળ્યા હતા.

અહીં પ્રશ્ન એ થાય કે ડાર્વિન આ સામયિકના લેખોથી કદાચ અજાણ હશે, પણ લેખક કહે છે કે ડાર્વિને એ બધા લેખો વાંચ્યા હતા, પણ એનો ઋણસ્વીકાર કરવાને બદલે આખેઆખી શોધ એણે પોતાને નામે ચઢાવી દીધી! અને પછી—બાપુની ભેંસને કંઈ ડોબું કહેવાય?

ડાર્વિનની 'બીગલ' ઉપરની રોજનીશીમાં આ સામયિકના નામનો ઉલ્લેખ પણ કરાયો છે. પ્રસ્તુત પુસ્તકમાં આ અંગેની અન્ય સાબિતીઓ પણ લેખકે આપી છે.

દુનિયા આજે બ્લાઇથને સંપૂર્ણપણે ભૂલી ગઈ છે. મોડેમોડે પણ ભુલાએલા ઇતિહાસના આ પ્રકરણને પ્રકાશમાં લાવતું આ પુસ્તક વાંચ્યા પછી લાગે છે ખરું કે अरक्षितं तिष्ठति दैवरक्षितम्.-'જેનું કોઈ નહિ, એનો ભગવાન' છે ખરો. □

અનુસંધાન] શતરંજ [પૃ. ૨૬૮થી
દિવ્યાંગ બરૂઆ-પ. બંગાળ(૧૦½);૮ અબ્દુલ જબ્બાર-મહારાષ્ટ્ર (૧૦); ૯ ડી. વી. પ્રસાદ-કર્ણાટક (૧૦); ૧૦ નસીરઅલી-ઉત્તર પ્રદેશ (૧૦); ૧૧ કિશનબિહારીલાલ શ્રીવાસ્તવ-(૧૦);૧૨ અજયકુમારઘોષ-પ. બંગાલ(૧૦); ૧૩ હમીદ હસ્સન-દિલ્હી (૧૦) અને ૧૪ એસ કે. માહન-ઓરિસ્સા (૧૦).

તેઓ ૧૭મી રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પ્રથમ ૭ સ્થાન મેળવનાર નીચેના ૭ ખેલાડીઓ સાથે ડિસેમ્બરમાં રાષ્ટ્રીય વિજેતાપદ માટે લડશે: ૧ રાજા રવિશેખર-તામિલનાડ, ૨ મહમ્મદ હસ્સન-આંધ્ર પ્રદેશ, ૩ રફીકખાન-મધ્ય પ્રદેશ, ૪ રવિકુમાર-તામિલનાડ, ૫ એ. બી. મીતેઈ-મણિપુર અને ૬ રવિ હેગડે-મહારાષ્ટ્ર.

આથી હવેની રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં ૨૦ ખેલાડીમાં પાંચ તામિલનાડના, ત્રણ મહારાષ્ટ્રના, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, દિલ્હી અને ઓરિસ્સાના એકએક ખેલાડી હશે. અગાઉ આ કૉલમમાં લખ્યું હતું તેમ તામિલનાડ ઘણું જ આગળ વધી ગયું છે. □

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

ઑગસ્ટ ૧૯૫૫ - સળંગ અંક ૩૮૦


શ્રાવણની ઘન છાંય આવે જાય
કાલિન્દી-કુલ-વને,
કોઈ ગોવાળની મોરલી રે વાય
નહિ દૂર, નહિ કને...
ઝરમર લય ઝીલતાં મધુર,
પ્રાણ ઝૂરે મુજ એકલ વિધુર!
આમ તો છરેટોર ને તો ય તે
બાંધતું રે કોઈ મને...
મોર કળાયલ ટહુકે 'મેહ'લ આવ',
(એ તો) મરકત રૂપ લેઈ ઊઠે મુજ
ઉરનો અધીર ભાવ.
રંગમેળામહિ અવની ગગન,
એવું રમે મુજ નેણમાં સ્વપન,
ગગન-જલને ઝીલતી જઈ રે
કાળની સરતી ક્ષણે...

રાજેન્દ્ર શાહના આ મધુર 'શ્રાવણ'માં ગાન સાથે ઊઘડતા પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં પહેલો જ લેખ હતો 'હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપના'. આપણું સ્વાતંત્ર્ય આપણે કેમ ખોયું, અને તે ફરી પ્રાપ્ત કર્યું તે પહેલાં અંગ્રેજોએ અહીં સત્તાની કેવી જડબેસલાખ જમાવટ કરી હતી તે આલેખતી આપણી સ્વાતંત્ર્ય-પ્રાપ્તિની એ પૂર્વપીઠિકાની દોઢસો બે સૈકાની સિલસિલાબંધ કથા અશોક હર્ષે તેમાં કહી હતી. પછી મહાન ન્યાયશાસ્ત્રી, સંસ્કૃતના મહા વિદ્વાન સુધારક અને ધીર દેશભક્ત કાશીનાથ ત્ર્યંબક તેલંગનું પ્રેરક ચરિત્ર. એ વખતે એટલે કે ૩૦ ઑગસ્ટ ૧૯૫૫માં એમની ૧૦૫મી જયંતી આવતી હતી. તે સમયે 'કુમાર'માં ચાલતી 'વિશ્વમાન્ય સાહિત્ય શ્રેણી'માં માર્ક ટ્વેઈનની એક 'અદ્ભુત વાત', રામચંદ્ર નારાયણ ખરેનો 'સંગીત ને અધ્યાત્મ' વિષેનો એક લઘુલેખ ને ગુજરાતની 'ગુપ્તોત્તરકાલીન શિલ્પસમૃદ્ધિ'ની ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહની લેખમાળામાં કેટલાંક શિલ્પરત્નોનો સચિત્ર સુંદર પરિચય કરાવ્યો હતો.

'લઘુ યોગ' વિષેના એક લેખમાં સાધુરામ દવેએ શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિને માટે આખા યોગશાસ્ત્રના અને બીજા થોડા સામાન્ય નિયમોમાંથી તારવીને ઘેર કરી શકાય તેવી કેટલીક કસરતો ને સૂચના આપી હતી. તેના સમાપનમાં તેમણે કહેલું: '...તમારી પાસે માત્ર વીસ મિનિટ જ માગી છે: પાંચ મિનિટ સંપૂર્ણ આરામ ((deep relaxation); પાંચ મિનિટ શરીરના સર્વ અવયવોને તંગ કરવાની ક્રિયા (deep contraction), પાંચ મિનિટ ઊંડા શ્વાસોચ્છ્વાસ (deep breathing) ને પાંચ મિનિટ ધ્યાન, મનની એકાગ્રતા, મનને કાબૂમાં રાખવાની ક્રિયા (concentration). આ સર્વ ક્રિયાઓ ખૂબ જ શાંતિથી, ધીમેથી, શ્રદ્ધાપૂર્વક, એકાગ્ર ચિત્તે કરો ને નીરોગી, દીર્ઘાયુ ને ઉચ્ચ જીવન જીવો'.

વૈજ્ઞાનિક સિદ્ધિઓનું સિંહાવલોકન ને અજબ ભાવિનો એક ફકરો એ અંકમાં આપેલો: 'આવતાં ૨૫ વર્ષમાં આજનાં અનેક સ્વરૂપો પલટાવી નાખે તેવી વીજળી-પ્રકાશપદ્ધતિ, વર્ષો સુધી ફરી શક્તિ ભર્યા સિવાય વાહનો, કારખાનાં વગેરેને વિદ્યુતપ્રવાહ પૂરો પાડે તેવી અણુ-બૅટરી, સૂર્ય, ભરતી ને પવનની શક્તિનો વ્યવહારુ ઉપયોગ, નવી ધાતુ ને નવા કાપડની બનાવટ, સાગરનાં પાણીને મીઠું બનાવવાની ક્રિયા, ટપાલ મોકલવા માટે ગાઇડેડ મિસાઇલ્સનો ઉપયોગ, વિમાની વિનાનાં વિમાન, માહિતીઓનું વર્ગીકરણ વગેરે કરતાં વિદ્યુત્-યંત્રો, સાગરના તળિયેથી મળતા તેલ ઉપરાંત ત્યાંથી રાસાયણિક સંપત્તિ ને ખોરાક મેળવવાના વ્યવહારુ માર્ગો વગેરે શોધાશે'.

આજે તો વિજ્ઞાન આથી યે આગળ વધી ગયું છે. પણ પચ્ચીસ જ વર્ષ પહેલાં આ બધું માત્ર કલ્પનામાં હતું. ◻



આપણા વિવિધ રોગોનાં કારણ અને નિવારણ ચર્ચતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની 'માંદગીનાં મૂળ' નામની લેખમાળામાં ચોળિયા એટલે કે કાકડા-ટૉન્સિલ્સની રચના અને કાર્યને સમજાવતો માહિતીપ્રદ લેખ પ્રકટ થયેલો. તેમાંથી તારવેલી થોડી ઉપયોગી વાનગી. આપણા ગળામાંના કાકડા એ મૂળ તો આપણું રક્ષણ કરનારી અમૂલ્ય લસ્સી ગાંઠ છે અને તે દેહમાં પેસતા રોગના જીવાણુઓને પકડી નાશ કરે છે. કાકડાના એટલે કે ચોળિયાના બે પ્રકાર છે: તાળવાના ઉપરના ભાગમાં આવેલા તે 'ઍડીનૉઇડ્સ' અને મોં ખોલી જીભ બહાર ખેંચીને જોતાં ગળામાં બંને બાજુ દેખાતા તે 'ટૉન્સિલ્સ'. રોગજીવાણુઓના નાશની એમની કામગીરીમાં વધારે પડતો બોજો આવી પડે તો તેમનું રક્ષણબળ તૂટી જાય છે. એવે વખતે સૂક્ષ્મ રોગજીવાણુઓથી ખદબદતા અને તેના ઝેરથી એ કાકડામાંનું ઝેર શરીરમાં વ્યાપે તો શરીરમાં જે અનેક જાતના રોગો થઈ આવે તે આ આકૃતિમાં દર્શાવ્યા છે. કાકડાનું રક્ષણબળ તૂટી જાય તો તેમાં સોજો આવી પરુ જેવું પ્રવાહી બહાર પડે છે, એ રોગકારક ઝેર છે. આટલા માટે પચાસેક વર્ષ પહેલાં રોગનિવારક વિધિ તરીકે તંદુરસ્ત કાકડા પણ કપાવી નાખવાની ફૅશન થઈ પડી હતી. પણ હવે તેની રક્ષણાત્મક ક્રિયા સમજાઈ હોવાથી અનિવાર્ય હોય તો જ તે કપાય છે.

કલાવાર્તા

સુરીમોનો

કાષ્ઠનાં બીબાં કોતરીને તેના પરથી લીધેલી છાપનાં જાપાની ચિત્રોને માત્ર વૂડકટ કે ગ્રાફિક કહેવું પર્યાપ્ત નથી. જાપાને કેળવેલી એ એક આગવી જ કળા છે જેમાં કલાકારના પોતાના હાથનું કામ અને કલ્પનાનું પ્રાધાન્ય હોઈ એ એક અનોખી કલાકૃતિ જ બની રહે છે. આ પ્રકારે છાપેલાં ચિત્રોનો ત્યાં બહોળો પ્રચાર હતો, અને વ્યાવસાયિક ધોરણે એવાં ચિત્રોનો બહોળો ફાલ પણ ઊતરતો. 'ઉકિયો-એ' નામે એ ચિત્રો જાણીતાં હતાં. 'સુરીમોનો' પણ એવો જ એક પ્રકાર છે, પણ તેની નકલો ઓછી અને તેનો ઉપયોગ મર્યાદિત વર્તુલ પૂરતો જ રહેતો. એક રીતે કહીએ તો વાર-તહેવારે અંગત સ્નેહીમિત્રોમાં વહેંચવા માટે જ 'સુરીમોનો'નો ઉપયોગ હતો. ક્વચિત તેમાં નાની સુંદર કવિતાઓ પણ લખાતી. આપણાં નૂતનવર્ષાભિનંદન પત્રો જેવો આ પ્રકાર ગણાય. પરંતુ તેના ચિત્ર-વિષયોમાં શિષ્ટતા, કલાત્મકતા, અને આલેખનની નજાકત તથા વિગતસભર ભાત ને રંગવૈવિધ્યને કારણે 'સુરીમોનો'નું એક આગવું જ ક્ષેત્ર વિકસ્યું હતું.

ઈ. ૧૬૦૦ના અરસામાં સેકીગાહારાના યુદ્ધ પછી તોકુગાવા ઇએયાસુ અને તેના વંશજોના અબાધિત વર્ચસ્વમાં જાપાનમાં જે કડક શાસન રહ્યું તેમાં લગભગ અઢી સદી ઉપરાંતના સમયગાળામાં આમ પ્રજા શાંતિથી રહી શકી. યુદ્ધો બંધ થતાં તે કાળના સમાજમાં બહુ મોટી વગ અને વર્ચસ્વ ધરાવતા સામુરાઈ યોદ્ધાઓ નવરા પડયા અને ધીરેધીરે તેમનો ત્રાસ પણ લગભગ નાબૂદ થયો. શાંતિની સ્થાપના થતાં પ્રજાની સમૃદ્ધિ વધવા લાગી 'યેદો'ની એક આગવી સંસ્કૃતિ વિકસવા લાગી. યેદો એ તોકિયોનું એક પ્રાચીન નામ છે. ઈ. ૧૬૫૭માં લાગેલી ભીષણ આગમાં નાશ પામ્યા પછી નવેસરથી ને વધુ સુંદર રીતે રચાએલા એ પાટનગરના નાગરિક હોવાનું ત્યારની પ્રજામાં એક ગૌરવ હતું. સૈનિકો સૌથી ઊંચા ગણાવા છતાં સામાન્યજન પણ હવે સુખી હોઈ કલાકારીગરી ને નાટકો તથા અન્ય આનંદપ્રમોદનો શોખીન બન્યો હતો. ઘરશણગાર માટે ત્યારે ચિત્રોની માગ વધી હતી, ને તેમાંથી કાષ્ઠનાં બીબાં દ્વારા છાપેલાં ચિત્રોનો એક બહોળો વ્યવસાય વિકસ્યો હતો. પણ એ કેવળ ધંધાદારી હોઈ તેમાં, મુખ્યત્વે સુંદર સ્ત્રી, ઇતિહાસ ને દંતકથાનાં તથા નાટકનાં પાત્રો, કુસ્તીબાજ



વસ્ત્રોમાં છુપાવેલી તલવાર ખેંચતો ખલનાયક. કાબુકી નાટક 'મોડોરી કાગો'નું એક ખલપાત્ર.
(કલાકાર: ઉતાગાવા કુનિસાડા, ૧૭૮૬-૧૮૬૪.)

પહેલવાનો તથા સુંદર દશ્યો જેવા ચિત્રવિષયો તેમાં જોવા મળતા. આ 'ઉકિયો-એ'નો એક ખાસ પ્રકાર શૃંગારિક ચિત્રોનો પણ હતો જેનો પ્રસાર અમુક ચોક્કસ વર્ગમાં જ રહેતો.

બીજી બાજુ પ્રજામાં જે સાંસ્કારિક જાગૃતિ આવી હતી તેમાં અનેક સંસ્કારપ્રવૃત્તિઓ પણ વધી ને તેમાં કાવ્ય અને સાહિત્યનો સવિશેષ પ્રચાર-પ્રસાર થયો. અવારનવાર એક યા બીજી ઉજવણી પણ થવા લાગી અને એવા પ્રસંગે શુભેચ્છાના પ્રતીક રૂપે યા પ્રસંગની યાદમાં 'સુરીમોનો'ની વહેંચણીનો પ્રસાર વધ્યો. જાપાનની રીતે જ સરખામણી કરીએ તો 'ઑબાન' એટલે કે વ્યાવસાયિક મોટી ચિત્રછાપો એ મોટો ભાઈ અને નાજુક નમણી નાની બહેન તે 'સુરીમોનો'. બહુ નાના કદમાં તેનાં ચિત્રાંકનમાં વિષયની સુરુચિ, રેખાંકનની નજાકત, વિગતસભર ભાતીગળતા અને રંગનું વૈવિધ્ય વગેરે જોતાં જાપાનની આ ઉપમા યથાર્થ છે. એના પ્રત્યેક રંગની છાપ માટે બનાવવાં પડતાં અલગ અલગ બીબાં અને તેની હાથ વડે જ કરેલી છપાઈમાં જળવાતી ચોકસાઈ જોતાં આ પણ એક દાદ માગી લે તેવી કળા હતી તે સ્વીકારવું જ પડે.

અન્ય કાષ્ઠ છાપકળા માટે તો મુખ્ય કલાકાર ચિત્રના મુખ્ય અંગો, પાત્રના ચહેરા, વાળ, હાથ-પગ ને દેહના વળાંકો જેવા અઘરા ભાગ જાતે કોરતા અને બાકીની ભાત ને અન્ય વિગતો તેના શાગિર્દો પૂરી કરતા. પરંતુ 'સુરીમોનો'નું નજાકતભર્યું કામ બહુધા એક જ કલાકારના હાથે થતું. પ્રથમ બનાવેલા માત્ર રેખાંકનના બીબાની થોડી છાપ કાઢી કલાકાર તેના રંગ આયોજનનો વિચાર કરતો અને પછી ચિત્ર વિષયાનુસાર પ્રત્યેક રંગ માટે બહુ જ ચોકસાઈપૂર્વક અલગઅલગ બીબાં કોરતો. શૃંગારિક ચિત્ર હોય ને મોટા પ્રમાણમાં છાપવાનાં હોય તો તેના પર 'સેન્સર'ની છાપ પણ લેવરાવવી પડતી. પણ સામાન્યતઃ સો-બસોથી વધુ 'સુરીમોનો' છપાતાં નહિ. તૈયાર 'સુરીમોનો' પર તે બનાવરાવનાર કલાચાહક પોતાની મૌલિક કવિતા પણ લખતા. □

શબ્દકથા : પહેલું · છેલ્લું · છેડો · છેવટ

સંસ્કૃતમાં સંખ્યાક્રમવાચક एकની સાથે સંકળાએલા ક્રમપૂરક प्रथमનું મૂળ જુદું જ છે. તે प्र 'અગ્રસ્થાન' એના પરથી થએલું રૂપ છે. અવેસ્તામાં પણ फ्रतम છે. सप्तम, अष्टम, दशम વગેરેની જેવું ગણીને प्रथमમાં प्रथ મૂળ તરીકે લેવાયું. પ્રાકૃતમાં તેનું સ્વરૂપ पढ થાય. તેને इल्ल પ્રત્યય લાગીને અપભ્રંશમાં पहिल्लउं એવું રૂપ બન્યું. તે ઉપરથી पहेलुं, आगलुं, पाछलुं, मांह्यलुं, उंपलुं, नीचलुं, हेठलुं જેવામાં પણ મૂળે इल्ल પ્રત્યય છે.

સં. छेदનો એક અર્થ ટુકડો. તેના પરથી પ્રા. छेअ 'અંત, છેડો.' તેના પરથી छेइल्ल અને पहिल्लउंના પ્રભાવે छेहिल्लउं, ગુજ. छेल्लुं.

પ્રા. छेअ, छेहનો ड પ્રત્યયથી વિસ્તાર થતાં छेहडउं અને ગુજ. छेडो.

क પ્રત્યય લાગતાં छेहक્ક અને તે ઉપરથી छेक 'તદ્દન, અંતિમ કક્ષાનું.'

સં. छेदपृष्ठ ઉપરથી छेवट्ठ અને ગુજ. छेवट.

સં. छेदपाटक 'છેડેનો વાડો' ઉપરથી छेवडिउ દ્વારા छेवाडुं, छेवाडे વગેરે સરખાવો अगवाडुं (अग्र), पछवाडुं (पश्च), मुवाडुं (मुख). **હરિવલ્લભ ભાયાણી**

સાહિત્યસંપર્ક

વિશિષ્ટ વિનયન શબ્દકોશ

ધીરુ પરીખ

નર્મદે કોશની દિશામાં પ્રયત્ન કર્યો ત્યારથી આપણી કોશપ્રવૃત્તિનાં બીજ વવાયાં કહી શકાય. એમાંથી પાંગરેલા વૃક્ષે તબક્કે તબક્કે અવનવાં ફળ ધારણ કર્યાં છે. તાજેતરમાં એક એવું સુફળ પ્રાપ્ત થયું છે. આ છે વિનયન શબ્દકોશ.* કોશ સાહિત્યમાં શ્રી નરહરિ કે. ભટ્ટ સંપાદિત આ કોશનો વિશેષ મહિમા છે. એમાં સમાવાયેલા અનેક જ્ઞાનક્ષેત્રોના પારિભાષિક શબ્દો. ખરેખર તો આ એક શબ્દકોશ જ છે, પણ એમાં અનેક પારિભાષિક શબ્દોની જે રજૂઆત થઈ છે તે જોતાં આ કોશનું મહત્ત્વ બેવડું પુરવાર થાય તેમ છે. એમાં કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, વ્યાકરણ, ભાષાશાસ્ત્ર, નૃવંશવિદ્યા, ઇતિહાસ-પુરાતત્ત્વ, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, મનોવિજ્ઞાન, દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, સંગીત, સ્થાપત્ય, ભૂગોળ, ભૂસ્તરવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વાણિજ્ય અને એવા અનેક વિષયોના પારિભાષિક શબ્દોને સમાવવામાં આવ્યા છે. પરિણામે આ કોશ અનેક ક્ષેત્રોમાં કામ કરતી વ્યક્તિઓને ખૂબ જ ઉપયોગી થાય તેવો બન્યો છે. કુલે એકાદ લાખ જેટલા શબ્દોનો અહીં બૃહદ સંગ્રહ છે.

આ કોશ અંગ્રેજી ગુજરાતી કોશ છે એટલે પ્રથમ અંગ્રેજી શબ્દ બીજી વર્ણમાલામાં આપવામાં આવ્યો છે. ત્યાર બાદ નાના કૌંસમાં જે તે શબ્દનું વ્યાકરણગત જે સ્થાન હોય તે દર્શાવાયું છે— નામ, ક્રિયાપદ, અવ્યય વગેરે. ત્યાર પછી તે શબ્દની સમજૂતી આપવામાં આવી છે. કેટલાક શબ્દોમાં આ સમજૂતી આપ્યા પછી તેનું પ્રચલન કઈ વિદ્યાશાખામાં છે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ, એક જ શબ્દ વિષેની બધી માહિતી એક પરિચ્છેદ રૂપે રજૂ કરવામાં આવી છે. જ્યાં એક શબ્દના વધુ પર્યાયો આપવાની જરૂર જણાઈ છે ત્યાં તેવા પર્યાયો પણ આપ્યા છે. અંગ્રેજી ઉપરાંત ગ્રીક, લૅટિન, ફ્રેન્ચ, જર્મન, પોર્તુગીઝ, સ્પૅનિશ વગેરે ભાષાના અંગ્રેજીમાં વારંવાર વપરાતા શબ્દો અને શબ્દસમૂહોને પણ સંપાદકે અહીં આ કોશમાં સમાવી લઇને ખરેખર તો ઘણું જ જરૂરી કામ પૂરું કર્યું છે.

કોશનું સ્વરૂપ જોતાં એમ લાગ્યા વગર રહેશે નહિ કે આ કોશ સામાન્ય વાચકને ઉપયોગી થવા ઉપરાંત મુખ્યત્વે માનવવિદ્યાઓ અને સમાજવિદ્યાઓના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંશોધકો આ સહુને માટે અત્યંત ઉપયોગી થાય તેવો છે. વિવિધ ક્ષેત્રે કામ કરી રહેલી વ્યક્તિઓને અંગ્રેજીના ગુજરાતી પર્યાયો વાપરવાની આવશ્યકતા ઊભી થાય ત્યારે કાં તો મૂંઝાય છે અથવા તો યાદ આવ્યો તે પર્યાય પ્રયોજી બેસે છે. આવા સંજોગોમાં આ પ્રકારના કોશનું મહત્ત્વ સ્વયંસિદ્ધ છે કે તે દ્વારા પરિભાષાની એકવાક્યતા ઊભી થઈ શકશે. પરિણામે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે વિવિધ વિદ્યાસંસ્થાઓ અને વહીવટી સંસ્થાઓએ આ કોશ અનિવાર્યતયા વસાવી લેવો જોઇએ.

સંપાદકે પોતાની પ્રસ્તાવનામાં પણ પરિભાષાની એકવાક્યતાનો આ હેતુ ઉલ્લેખ્યો જ છે. ઉપરાંત એમણે એ પણ જણાવ્યું છે કે પ્રાદેશિક ભાષાના વિકાસ સાથેસાથે સમસ્ત રાષ્ટ્ર સારુ કોઈ સર્વમાન્ય પરિભાષા નીપજે કે જેને પરિણામે તે ગુજરાતી સિવાયની અન્ય પ્રાદેશિક ભાષા માટે સંપર્કસેતુ થઈ શકે. કોશ જોતાં સંપાદકના આ બન્ને હેતુ બર આવવાની પૂરી શક્યતા અહીં પ્રતીત થાય છે. વળી, પ્રસ્તાવનામાં લેખકે આ કોશ તૈયાર કરવા માટે કેટકેટલા આધાર ગ્રંથોનો ઉપયોગ કર્યો છે તેનો જે ઉલ્લેખ કર્યો છે તેની યાદી જોતાં અને પાંચેક વર્ષમાં આવો બૃહદ કોશ એકલે હાથે તૈયાર થયો છે એ મુદત અને મહેનત જોતાં સંપાદકનું આ ભગીરથ કાર્ય ધન્યવાદને પાત્ર બની રહે છે. ગ્રંથનિર્માણ બોર્ડે આ કોશ તૈયાર કરાવ્યો તે માટે એ પણ અભિનંદનનું અધિકારી ઠરે છે.

આપણી ભાષામાં આજ સુધીમાં તૈયાર થએલા વિવિધ કોશોમાં આ પ્રકારનો કોશ આ પ્રથમ જ હોઈ સવિશેષ આવકાર્ય ને અભિનંદનીય છે. કોશના કાગળો, છપાઈ, બંધાઈ વગેરે પણ સુઘડતા અને ટકાઉપણાની દૃષ્ટિએ ધ્યાનાર્હ છે. આવા બૃહદ્ કોશની કિંમત માત્ર રૂપિયા પચાસ જ હોય એ પણ આજની મોંઘી સામગ્રીના યુગમાં સાપેક્ષ રીતે વાજબી લેખી શકાય તેવી છે. અલબત્ત, વ્યક્તિઓને એ કિંમત કદાચ ખરચવી મોંઘી પડે. ત્યારે એમ લાગે કે વ્યક્તિઓને ખરીદવા માટે થોડી ઓછી કિંમત રખાઈ હોત તો એનો ફેલાવો વધુ થાત અને ઉક્ત હેતુ વધુ સારી રીતે બર આવત.

* અંગ્રેજી-ગુજરાતી વિનયન શબ્દકોશ. પ્રકા. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬. પાકું પૂઠું, પૃ. ૮૩૩, રૂ. ૫૦.

નવાં પ્રકાશનો

શિવમહિમ્ન સ્તોત્રમ્ : શ્રી પુષ્પદંત વિરચિત શિવમહિમાના પ્રચલિત સ્તોત્રના શ્રી વિશ્વનાથ સદારામ પાઠકે કરેલા સમશ્લોકી ભાષાંતરની આ બીજી આવૃત્તિ તેની સુઘડ છપાઈ ને આકર્ષક બંધાઇને લીધે પણ ગમી જાય તેવી બની શકી છે. પ્રત્યેક શ્લોકને રજૂ કર્યા પછી, તેમાંના પ્રત્યેક સંસ્કૃત શબ્દનો ગુજરાતી અર્થ આપ્યા બાદ તે શ્લોકનું સમશ્લોકી વિશદ ભાષાંતર રજૂ કરવામાં આવ્યું છે. આ ભાષાંતર પછી લેખકે પ્રત્યેક શ્લોકનું માહાત્મ્યદર્શક વિવરણ આપ્યું છે તેમાં અનુવાદકની આ સ્તોત્રના હાર્દ પરની પકડ રજૂ થાય છે. આ પુસ્તકમાં બે પરિશિષ્ટો પણ જોડવામાં આવ્યાં છે, જેને મૂળ સ્તોત્ર સાથે કશો સીધો સંબંધ નથી. પ્રથમ પરિશિષ્ટમાં શ્રી મણિભાઈ પુરુષો-

તમ વોરાએ અનુવાદકને સ્મરણાંજલિ આપી છે તો બીજા પરિશિષ્ટ—'હાલની શાળાઓ ને શિક્ષણ તથા તે ઉપરની સમીક્ષા'—માં અનુવાદકે આ સદીના આરંભકાળે આપણે ત્યાં શિક્ષણ અને શિક્ષણસંસ્થાઓ કેવાં હતાં તે વિષેનો ચિતાર આપી કેળવણી વિષયક પોતાના મનનીય વિચારો રજૂ કર્યા છે. (પ્રકા. અરવિંદ ગજાનન પાઠક, 'ગુલમહોર', પંજાબી હૉલ સામે, નવરંગપુરા, અમદાવાદ ૯, પાકું પૂઠું, પૃ. ૧૮, રૂ. ૭).

આત્મકથાના ટુકડા : ફાધર વાલેસે આ પુસ્તકના પ્રસંગલક્ષી મંથનગર્ભ ૨૦ પ્રકરણોમાં રસળતી શૈલીએ બાળપણ-યૌવનનાં નિજી સ્મરણોને સાંકળી લીધાં છે. પરિણામે આ પ્રવાસવર્ણન નિમિત્તે આત્મકથનાત્મક કૃતિ બની છે. હવે એ પદ્ધતિસરની આત્મકથા નથી, પણ શીર્ષક સૂચવે છે તેમ તેમાં ટુકડે ટુકડે વિવિધ જીવનપ્રસંગો સંકળાએલા હોઈ આત્મકથાની સામગ્રીની રસિક રજૂઆત બની રહે છે. (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૭-૫૦.)

પરિચયન : આકાશવાણી પરથી પ્રસારિત થએલાં તેમ જ વિવિધ સામયિકોમાં પ્રકટ થએલાં શ્રી રમેશ મ. ભટ્ટનાં વિવિધ સાહિત્યિક વિવેચન-કલ્પ લખાણોનો સંચય ગુજરાતીના અધ્યાપનની સાથે સાથે ચાલતી રહેલી એમની વિવેચન-પ્રવૃત્તિનો પણ દ્યોતક છે. અહીં કોઈ આધુનિક પરિપ્રેક્ષ્યમાં લખાએલાં વિવેચનો ભલે ના હોય, પણ કૃતિ કે કર્તાના ઋતને તાગવાના લેખકના પ્રયાસોમાં વિવેચનની છાંટ મળ્યાનો જરૂર સંતોષ લઈ શકાય તેવું છે. સહાનુભૂતિશીલ આ લખાણો લેખકની સાહિત્યવિવેચનની દૃષ્ટિના પણ પરિચાયક છે. (પ્રકાશક : શબ્દલોક પ્રકાશન, ૧૦૫, સર્વોદય કૉમર્શિયલ સેન્ટર, પહેલે માળે, સલાપસ રોડ, અમદાવાદ, પાકું પૂઠું, પૃ. ૧૨૭, રૂ. ૧૦) —ધી. પ.

આવકાર

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ અને અમદાવાદ-૧

સકલ તીરથ : લે. શિવકુમાર જોશી. પૃ. ૨૧૨, પાકું પૂઠું, રૂ. ૧૬.

દર્શકના દેશમાં : લે. રઘુવીર ચૌધરી. પૃ. ૩૩૬, પાકું પૂઠું, રૂ. ૪૦.

વિદિશા : લે. ભોળાભાઈ પટેલ. પૃ. ૨૨૭, પાકું પૂઠું, રૂ. ૧૮-૫૦.

થેંક્યુ મિસ્ટર ગ્લાડ : લે. અનિલ બર્વે. પૃ. ૧૩૨, કાચું પૂઠું, રૂ. ૧૦-૫૦.

શરદ-સમીક્ષા : લે. રામનારાયણ પાઠક. પૃ. ૧૬૦, પાકું પૂઠું, રૂ. ૧૪.

રજકણ સૂરજ થવાને શમણે : લે. ગુણવંત શાહ. પૃ. ૩૧૦, પાકું પૂઠું, રૂ. ૨૪.

ઘટા ઘનઘોર (પુનર્મુદ્રણ) : લે. સારંગ બારોટ. પૃ. ૪૧૬, પાકું પૂઠું, રૂ. ૨૯-૭૫.

ક્રૌંચવધ (પુનર્મુદ્રણ) : લે. વિ. સ. ખાંડેકર. પૃ. ૩૯૯, પાકું પૂઠું, રૂ. ૨૫.

શિયાળાની સવારનો તડકો (પુનર્મુદ્રણ) : લે. વાડીલાલ ડગલી. પૃ. ૨૪૯, પાકું પૂઠું, રૂ. ૨૦.

લાગણી (પુનર્મુદ્રણ) : લે. રઘુવીર ચૌધરી. પૃ. ૧૯૬, પાકું પૂઠું, રૂ. ૧૩.

કોકિલા (પુનર્મુદ્રણ) : લે. ર. વ. દેસાઈ. પૃ. ૩૬૦, પાકું પૂઠું, રૂ. ૨૩.

ભારેલો અગ્નિ (પુનર્મુદ્રણ) : લે. ર. વ. દેસાઈ. પૃ ૪૩૪, પાકું પૂઠું, રૂ. ૨૮.

હાસ્યવિનોદ ગ્રંથમાળા-૧થી ૮ (પુનર્મુદ્રણ) : લેખકો ગીજુભાઈ અને તારાબેન. સેટના રૂ. ૧૨.

જ્ઞાનવર્ધક ગ્રંથમાળા-૧ થી ૮ (પુનર્મુદ્રણ) : લે. ઉપર મુજબ, સેટના રૂ. ૧૨.

ખગોળ પરિચયમાળા-૧ થી ૧૦ : લે. બાબુભાઈ અવરાણી. સેટના રૂ. ૧૫.

જ્ઞાન સાથે ગમ્મતનો ખજાનો-૧ થી ૮ : લે. આબિદ સુરતી. સેટના રૂ. ૧૧.

લોકપ્રિય પ્રકાશન

મુંબઈ-૨

પરિચયના દીવા સાવ ઝાંખા : લે. અશ્વિન દેસાઈ. પૃ. ૨૪૦, પાકું પૂઠું, રૂ. ૧૮.

પ્રિયજન : લે. વિનેશ અંતાણી. પૃ. ૨૨૮, પાકું પૂઠું, રૂ. ૧૭-૨૫.

સ્નેહનો આસવ : હસમુખ શેઠ. પૃ. ૨૭૯, પાકું પૂઠું, રૂ. ૨૦-૭૫.

સૂકી ધરતી સૂકા હોઠ (પુનર્મુદ્રણ) : લે. દીલિપ રાણપુરા. પૃ. ૨૭૦, પાકું પૂઠું, રૂ. ૨૦-૭૫.

બાલગોવિંદ પ્રકાશન

ગાંધીરોડ, અમદાવાદ-૧

સંત ફ્રાન્સીસ : લે. ઇશ્વરભાઇ પટેલ. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૩-૫૦.

ભૂલ્યાને પંથ બતલાવજો : લે. ઉપર મુજબ. પૃ. ૬૦, કાચું પૂઠું, રૂ. ૨-૭૫.

ભરત-ગૂંથણ કળા : લે. સરલાદેવી ગોસ્વામી. પૃ. ૫૫, કાચું પૂઠું, રૂ. ૫-૫૦.

વિવિધરંગી સચિત્ર વાચન (વાચનની શરૂઆત માટે) : લે. ભોળીદાસ પટેલ અને ફકીરભાઈ ઝાલા. પૃ. ૧૬, કાચું, રૂ. ૨.

અવાજ (પુ. ૫) : લે. દવે અને સુથાર. પૃ. ૨૪, કાચું પૂઠું, રૂ. ૨-૨૫.

પ્રકાશ (પુ. ૬) : લે. ઉપર મુજબ. પૃ. ૨૪, કાચું પૂઠું, રૂ. ૨-૨૫.

પાણી : સંપાદન મંડળ. પૃ. ૩૬, કાચું પૂઠું, રૂ. ૩-૫૦.

ઋતુ ઋતુનાં ફળો : લે. માધવ મો. ચૌધરી. પૃ. ૩૮, કાચું પૂઠું, રૂ. ૪-૫૦.

અન્ય પ્રકાશકોનાં

સહજને કિનારે : લે. મકરન્દ દવે. પ્ર. વોરા ઍન્ડ કંપની, મુંબઈ-૨. પૃ. ૧૬૨, કાચું પૂઠું, રૂ ૧૨-૫૦.

તમે તમારા દાક્તર છો (પ. પુ. ૫૧૩) : લે. ડૉ. મહેરવાન ભમગરા. પ્ર. પરિચય ટ્રસ્ટ, મુંબઈ-૨. પૃ. ૩૨, કાચું પૂઠું. રૂ. ૧.

કંપુચિયા (પ. પુ. ૫૧૪) : લે. અરુણ ખાંડેકર. પ્ર. ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું, રૂ. ૧.

અંજલિ : લે. જમિયત પંડ્યા 'જીગર'. પ્ર. અજય પ્રકાશન. મુખ્ય વિક્રેતા : સુમન પ્રકાશન, મુંબઈ-૯. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૫.

પ્રીતનો ગુલાબી રંગ : લે. નાથાલાલ દવે. પ્ર. સાધનપથ પ્રકાશન, ૧૦૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૧. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ : લે. સ્વ. કલ્યાણરાય ન. જોશી. પ્ર. પ્રાચ્ય વિદ્યા મંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા. પૃ. ૩૫૨, પાકું, રૂ. ૪૪.

આધુનિક ગુજરાતના સંતો (ભાગ ૨) : લે. ડૉ. કેશવલાલ અંબાલાલ ઠક્કર. પ્ર. ઉપર મુજબ. પૃ. ૩૭૬, પાકું પૂઠું, રૂ. ૪૫.

મારી આંખોમાં ઊંઘ નથી : લે. જનક નાયક. પ્ર. સાહિત્ય સંગમ, ગોપીપુરા, સુરત. પૃ. ૭૬, કાચું પૂઠું, રૂ. ૮.

ફફડાતું મૌન : લે. દિલીપ મહેતા. પ્ર. પોતે, લીલાકુંજ, દેસાઈવાડો, ગોધરા. પૃ. ૨૪, કાચું પૂઠું. કિ. નથી.

આયુર્વેદ નિનાદ : લે. શોભન. પ્ર. આયુ પ્રકાશન, ૨૧૨, સર્વોદય, સલાપસ માર્ગ, અમદાવાદ-૧. પૃ. ૯૧, કાચું પૂઠું, રૂ. ૫.

પદ્ધતિસરનું પાકું નાસું : લે. રામજી શિવજી સેજપાલ. પ્ર. નયના કૉમર્શિયલ ઇન્સ્ટિટ્યૂટ. C/o ધરડા સ્કૂલ, બોરીબંદર, મુંબઈ-૧. પૃ. ૬૦, કાચું પૂઠું, રૂ. ૧૨.

ચાંદલિયાની ગાડી : લે. ચન્દ્રકાન્ત શેઠ. પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૨-૨૫.

સરવરિયાં : લે. અમૃતલાલ છ. પારેખ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૨.


દીર્ઘાયુષ શાપ કે વરદાન ? : અનુ. નટવરલાલ જાની. પ્ર. કુસુમ પ્રકાશન, નારાયણનગર, અમદાવાદ-૭. પૃ. ૯૬, કાચું, રૂ. ૫.

ધાર્મિક સંજ્ઞાઓ : ઊર્ધ્વપુંડ્



શૈવોનું જેમ ત્રિપુંડ્ તેમ વૈષ્ણવોનું ઊર્ધ્વપુંડ્. એનો આકાર ઊર્ધ્વ – ઊંચો એટલે ઊર્ધ્વપુંડ્. શરીરના અન્ય અંગો ઉપર પણ તે થાય, અને એ કરતી વેળા વિષ્ણુનાં વિવિધ નામનું સ્મરણ કરાતું હોઈ આ તિલકને 'નામ' પણ કહે છે.

શંખ-ચક્ર-ગદા-પદ્મધારી સર્વશક્તિમાન ચતુર્ભુજ વિષ્ણુ તેના આરાધ્ય દેવતા. વૈષ્ણવોમાં પણ કેટલાક પંથ છે, ને તે સૌનાં તિલકમાં ફેર હોય છે. તેના આકારનું ખરું અર્થઘટન તો સ્પષ્ટ નથી પણ તેની ત્રણ ઊભી રેખામાં બહારની બે ઈડા પિંગલા અને વચ્ચેની સુષુમ્ણા નાડીની દ્યોતક હોઈ આધ્યાત્મિક ઉન્નતિ માટે યોગમાર્ગની સૂચક છે. જ્યારે વચ્ચેનો ગોળ ચાંલ્લો લક્ષ્મીજીનો સૂચક મનાય છે.



અનુક્રમે ઉપરથી : રામાનંદી, વડગળ, તિગળ, મેંતવાલે, ચતુર્ભુજ, ગોડની, સ્વામી સંપ્રદાય, નિમાનંદી, વલ્લભાચારી ને કબીરપંથી તિલક.





કંગાલોને જ્ઞાનહીણા કરું ના,
જાલિમોને પાય ઝૂકી પડું ના,
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે
ચાલું એવી શક્તિ આપો પ્રભુજી!


—ઝવેરચંદ મેઘાણી

ઉર્દૂ શાક્ષર પ્રો. સૈયદ મોહમ્મદ ઝામિનઅલી સાહેબ

આ શતાબ્દીની શરૂઆતમાં ઉત્તર ભારતમાં અંગ્રેજી અને ફારસી ભાષાનું જ પ્રભુત્વ હતું. પ્રશાસનમાં ને સ્કૂલ કૉલેજોમાં શિક્ષણના વાહન તરીકે તેનું જ પ્રચલન હતું. પરંતુ મોગલ શાસન દરમિયાન, ફારસી-અરબી અને હિન્દી વગેરે ભાષાઓના મિશ્રણથી ઉદ્ભવેલી અને સારો વિકાસ પામેલી છતાં આ ભાષા એક ભાષા તરીકે ઉપેક્ષિત જેવી હતી. આવા સમયમાં ફારસી, અને અરબી ભાષાના એક લબ્ધપ્રતિષ્ઠ પ્રાધ્યાપક વિદ્વાનના અવિશ્રાંત અને કઠોર પુરુષાર્થ વડે અલાહાબાદ યુનિવર્સિટીમાં ઉર્દૂભાષા અને સાહિત્યના પૂર્ણ વિકસિત વિભાગની શરૂઆત થઈ હતી, અને ઉર્દૂભાષાને પ્રાથમિક કક્ષાથી લઈને શોધની કક્ષા સુધીની પ્રતિષ્ઠા મળી હતી. એ વિદ્વાન હતા અલાહાબાદ યુનિવર્સિટીમાં તે વખતના અરબી અને ફારસી વિભાગના અધ્યક્ષ પ્રો. સૈયદ મોહમ્મદ ઝામિનઅલી સાહેબ.

એમનો જન્મ રાયબરેલી (ઉત્તરપ્રદેશ) જિલ્લાના મુસ્તફાબાદ ગામમાં એક જાગીરદાર પરિવારમાં ૨૫મી જૂને ૧૮૮૦માં થયો હતો. પોતાના માન્ય ઉસ્તાદ મીર અલી આબિદ 'નેશા'ના માર્ગદર્શન નીચે ઝામિનઅલી તેર વર્ષની નાની ઉંમરમાં જ નઝમો અને ગઝલો લખતા થઈ ગયા હતા. તેઓ સુકુમાર હૃદયના કવિ અને અધિકારપૂર્ણ લેખનના સારા ગદ્યલેખક હતા. આગ્રા અને અલાહાબાદની કૉલેજોમાં તાલીમ પામીને તેઓ ઉજ્જ્વલ કારકિર્દી સાથે ફારસી સાહિત્યમાં એમ.એ. થયા હતા.

અલાહાબાદ યુનિવર્સિટીના તત્કાલીન ઉપકુલપતિ સર ડૉ. ગંગાનાથ ઝાએ પ્રો. અલી સાહેબની યોજનાને મંજૂરી આપીને પૃથક્ ઉર્દૂ વિભાગની સ્થાપના કરી હતી. તે પહેલાં હિંદી, અરબી, ફારસી વગેરેના અધ્યયનનો વિભાગ સંમિલિત રીતે ઓરીએન્ટલ સ્ટડીઝ નામથી ઓળખાતો હતો. ૧૯૨૪માં ૧૪ વિદ્યાર્થીઓ સાથે ઉર્દૂના વર્ગો શરૂ થયા અને બે વર્ષ પછી સ્નાતકોત્તર અધ્યયનના વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા હતા. અને ઝામિનઅલી સાહેબની તેના પ્રથમ અધ્યક્ષ તરીકે નિમણૂક થઈ હતી.



ઝામિનઅલી સાહેબે રોપેલી અને સીંચેલી આ ઉર્દૂ સાહિત્યની વેલ ઉત્તર ભારતમાં ખૂબ વિકાસ પામી છે. અલી સાહેબે ઉર્દૂમાં ઘણાં પુસ્તકો લખ્યાં છે, જેમાં 'ઉર્દૂ-જબાનો અદબ' તો એમના કીર્તિસ્તંભ જેવી સ્મરણીય બની છે. સામાજિક શાસ્ત્રો, માનવીય વિદ્યાઓ અને વૈજ્ઞાનિક વિષયો પરત્વે ઉર્દૂમાં ભાષાંતર કરવા માટે આ પુસ્તક ઉત્તમ માર્ગદર્શિકા સમું નિવડ્યું છે. એમની પોતાની રચનાઓ અને સંગ્રહોમાં 'ઝોહરે-સીલોન', 'ઉર્દૂ શાયરી', 'બહારે કાશ્મીર', 'ખાજિનાતુન ફાવેદ', 'ખાતે શિકસ્ત', 'ઇન્તિખાબે મિનઝલ મજમીન' વગેરે વાંચવા જેવી ચોપડીઓ છે. તે સિવાય અનેક ઉર્દૂ કવિઓ અને મર્સીઆ-લેખકોની રચનાઓનું એમણે સંપાદન કર્યું છે, જે પાઠ્ય

વેદના અને વિવિધ રોગો મટાડવા શરીરના વિવિધ ભાગો ઉપર સોય ભોંકવાની ઉપચાર પદ્ધતિનું નામ છે 'ઍક્યુપંક્ચર'. હવે તો આ નામ ઠીકઠીક જાણીતું થઈ ગયું છે. આનું સુધરેલું રૂપ 'ઇલેક્ટ્રિક ઍક્યુપંક્ચર' ને 'લેસર રે' છે, ઇલેક્ટ્રિક ઍક્યુપંક્ચરમાં ભોંકેલી સોય વિદ્યુત દ્વારા ઉત્તેજાય છે અને બીજામાં સોયના બદલે લેસર કિરણો વપરાય છે.

શરીરના બાર ચોક્કસ માર્ગ ઉપર જીવનબળ સતત વહેતું હોવાના અને શરીરના અવયવો તથા વ્યાપારો સાથે તે જોડાએલા હોવાના 'કવી' નામે ઓળખાતા સિદ્ધાંતના આધારે ઍક્યુપંક્ચરના ઉપચાર રચાયા છે. દરેક માર્ગ ઉપર ઍક્યુપંક્ચરનાં ઘણાં સ્થાન છે. તેમાં ઍક્યુપંક્ચરથી જીવનબળ પાછું વળતાં નિયમસર થવાથી વિવિધ વેદના અને રોગ નિવારી કે મટાડી શકાય છે. શરીરના અંદરના અવયવોના ચામડી ઉપર ચૌદ માર્ગ છે. અધુના પશ્ચિમી વિજ્ઞાનીઓએ બનાવેલાં નાજુક યંત્રો વડે વિશિષ્ટ સ્થાનો નક્કી કરી પરંપરાગત ઍક્યુપંક્ચર કરવાનાં આશરે એક હજાર બિંદુઓ નક્કી થયાં છે.

રોગ કે તેનાં લક્ષણો માટે ચામડી ઉપરનાં બિંદુઓ દર્શાવતો સવિસ્તર આલેખ પણ પ્રાપ્ય છે. નક્કી કરેલાં સ્થાન ઉપર બે થી બાર જેટલી અને સવાથી દોઢેક ઇંચ લાંબી સોના, ચાંદી કે (હવે ઘણું ખરું) સ્ટેઇનલેસ સ્ટીલની સોયો બેથી ત્રણ મિલિમિટર જેટલી ઊંડી ચામડીમાં ભોંકવામાં આવે છે અને બેથી માંડી પંદર મિનિટ સુધી એ જ સ્થિતિમાં રખાય છે, અગર તો ઊંચી, નીચી કે ગોળગોળ ફેરવાય છે. સોય દ્વારા માઇક્રો વૉલ્ટેજ ઇલેક્ટ્રિક કરન્ટ પણ પસાર કરવામાં આવે છે.

નાક અને કાન વીંધવાની ભારતની પ્રણાલિ ઍક્યુપંક્ચરની ક્રિયા લેખાય છે. આશરે ત્રણ હજાર વરસ જૂની ચીન દેશની ઍક્યુપંક્ચરની પદ્ધતિની અસાધારણ સફળતાથી રશિયા, ગ્રેટ બ્રિટન, સ્વીટ્ઝરલૅન્ડ, ફ્રાન્સ, જાપાન, કોરીઆ, તાઇવાનમાં આ ઉપચાર સ્વીકારાયો છે. અમેરિકામાં નૅશનલ ઍક્યુપંક્ચર રિસર્ચ સોસાએટી સ્થપાઈ છે. શાંઘહાઈમાં ચીની સર્જનોએ થોડાં સાધનો વતી ઍક્યુપંક્ચર વડે એકવીસ વર્ષના એક દર્દીને બેભાન જેવી દશામાં મૂકીને અન્ય રીતે જાગ્રત એવી અવસ્થામાં હૃદયનું અને બીજાં છ સફળ ઑપરેશનો કરી બતાવીને અમેરિકાના મિચેલ ડિબેકીને ચકિત કર્યા હતા.

ઘણા રોગો માટે ઍક્યુપંક્ચરના ઉપચારો થાય છે. કટિવા (લમ્બેગો)ના રોગીની વેદના ઘટાડી કે મટાડી શકાય છે. દમના રોગી સરળતાથી શ્વાસોચ્છ્વાસ લઈ શકે છે. લોહીનું ઊંચું દબાણ નિયમસરનું બને છે. બહેરાશ, પક્ષાઘાત, આંતરડાંના બગાડ, આધાશીશી, યકૃત અને જરોળના રોગો, સંધિશોથ (આર્થરાઇટિસ), શરણું, કેફ, બાળલકવા, વેદના વિહીન પ્રસૂતિ, દારૂ અને ધૂમ્રપાનના વ્યસનમાંથી મુક્તિ વગેરે વિવિધ ક્ષેત્રમાં ઍક્યુપંક્ચરના ઉપચાર થાય છે.

ચીનમાં દાક્તરો અને ઔષધક્રિયા વિજ્ઞાનીઓ ઍક્યુપંક્ચરની ચિકિત્સાની અસરોના વૈજ્ઞાનિક આધાર માટે સંશોધન કાર્યમાં મચી પડયા છે. અત્યારે તો શરીરના રસાદિ તંત્ર અને જ્ઞાનતંત્ર ઉપરની અસરના લીધે ઍક્યુપંક્ચરથી બેભાનાવસ્થા (એનેસ્થેશિઆ) થતી હોવાનો ગૃહીત સિદ્ધાંત છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ગ્રંથો તરીકે સ્વીકારાયા છે. અલીસાહેબ ઉત્તરપ્રદેશની ૧૯૨૮માં સ્થપાયેલી સાહિત્ય સંસ્થા–'હિન્દુસ્તાની એકેડેમી'ના એક સંસ્થાપક સદસ્ય હતા. અને ઘણાં વર્ષો સુધી તેની દ્વિભાષી પત્રિકા (હિન્દી અને ઉર્દૂ) 'હિન્દુસ્તાની'ના તંત્રી રહ્યા હતા.

લખનવી ઉર્દૂ શાયરીની પ્રણાલિકા પ્રમાણે અલીસાહેબે લખેલા મર્સીઆઓ અને ગઝલો એની માંજલતા, તાજગી ને નિર્મળતાને લીધે વિશેષ આદર પામી છે. માત્ર મદિરા અને પ્રેયસીને અનુલક્ષીને પારંપરિક શૈલીમાં લખાતી સારવિહીન રચનાઓના તેઓ ખાસ વિરોધી હતા. ૧૯૫૫ની ૨૫મી એપ્રિલે તેઓ પક્ષાઘાતની બીમારીથી અવસાન પામ્યા હતા. આ એમના જન્મ-શતાબ્દીનું વર્ષ છે. ભારતના ટપાલખાતાએ આ નિમિત્તે એક ખાસ ટિકિટ પણ બહાર પાડી છે. —શંકરદેવ વિદ્યાલંકાર

સ્કૉટિશ પોલીસ દળમાં પ્રથમ ભારતીય સાર્જન્ટ

સ્કૉટલૅન્ડના સૌથી મોટા પોલીસ દળ–સ્ટ્રેથક્લાઇડમાં પ્રથમ ભારતીય–૩૪ વર્ષના પંજાબી વસાહતી દિલવર સિંઘને સાર્જન્ટના હોદ્દા પર બઢતી મળી છે. દિલવર સિંઘના પિતા સન ૧૯૫૮થી સ્કૉટલૅન્ડમાં રહે છે. તેમની સાથે રહેવા દિલવર સિંઘે ૧૮ વર્ષ પહેલાં ભારત છોડયું હતું. ૧૦ વર્ષ પહેલાં દિલવર સિંઘ ગ્લાસગોમાં પોલીસ તરીકે જોડાયા. એ પહેલાં તેમણે ગ્રેટર ગ્લાસગો ટ્રાન્સપૉર્ટ એક્ઝિક્યુટિવમાં કામ કર્યું હતું. ત્યાં તેમની કામગીરી દરમિયાન ગ્લાસગોના સ્પેશીઅલ પોલીસ દળમાં સ્વયંસેવક તરીકે પણ કામ કર્યું હતું. આ સ્પેશીઅલ પોલીસ ચાલુ પોલીસને કામના ભારે દબાણના પ્રસંગે સહાય કરે છે. સ્ટ્રેથક્લાઇડ પોલીસ દળમાં પોલીસ કૉન્સ્ટેબલ તરીકે નિમણૂક થયા બાદ દિલવર સિંઘે ચાર વર્ષ સુધી ગ્લાસગો કેન્દ્રના મહોલ્લાઓમાં પોલીસ તરીકેની ફરજો બજાવી હતી. તાજેતરમાં તેમણે દુભાષિયા માટેની હોમ ઑફિસની આખરી પરીક્ષા પાસ કરી હતી અને હવે તેઓ હિંદી અને પંજાબીના પોલીસ દુભાષિયા તરીકે કામ કરી રહ્યા છે.

દિલવર સિંઘ તેમનાં ધર્મપત્ની અને ચાર બાળકો સાથે ક્લાઇડ નદીનાં દક્ષિણમાં આવેલા કૅથકાર્ટ ખાતે રહે છે. તેઓ એક કુશળ ખેલાડી છે અને પોતાની જાતને વ્યાયામ અને સાઇકલિંગ દ્વારા તંદુરસ્ત રાખે છે. એમણે ગ્લાસગો નિવાસીઓને કબડ્ડીની ભારતીય રમત શીખવી છે.

'કુમાર'માં પ્રત્યેક માસે જે મૌલિક અને પ્રેરણાત્મક
જીવનચરિત્રો છપાય છે તેના લેખકને

સુરારકા ચેરિટેબલ ટ્રસ્ટ વતી

શ્રી રાજેન્દ્રકુમાર સુરારકા અને બંધુઓ તરફથી

દર માસે રૂ. ૫૦નું પારિતોષિક

આપવામાં આવશે.

ઉચ્ચ જીવનમૂલ્યોના ઘડતર માટેના આ ઉદાર
આયોજનને લેખકો પણ તેમાં ઉમંગપૂર્વક સાથ આપશે
એવી શ્રદ્ધા સાથે સાભાર વધાવીએ છીએ.

આ આયોજન અનુસાર જુલાઈ માસ માટેનું પારિતોષિક
'યાદવજી ત્રિકમજી આચાર્ય'ના
લેખક વિજયગુપ્ત મૌર્યને મળે છે.

અજમાવી જુઓ

બે ચમચી ભાંગરાનો તાજો સ્વરસ અથવા તેનું એક ચમચી ચૂર્ણ રોજ રાત્રે પાણી કે દૂધ સાથે લેવાથી વાળ વધે છે.

ડુંગળીને પાણીમાં લસોટી તેના રસને પગને તળિયે ઘસવાથી તરત જ માથું ઊતરી જાય છે.

કડુ, કરિયાતું અને ઇંદ્રજવનો ઉકાળો તાવનું શ્રેષ્ઠ ઔષધ છે.

કરિયાતું રાત્રે પલાળી, સવારે મસળીને તે પાણી પીવાથી ખંજવાળ અને ગૂમડાં મટે છે.

ગરમાળાના ગોળનો ઉકાળો પીવાથી પેટ સાફ આવે છે.

કરંજનાં ફૂલ ઉકાળી પીવાથી ડાયાબિટીસ તથા બહુમૂત્રતામાં ફાયદો થાય છે.

('આયુ ડાયજેસ્ટ') —નીલા વ. વસાણી

ગણિત-ગમ્મત

$\frac{1}{43}$ આ એક ખૂબીદાર અપૂર્ણાંક સંખ્યા છે. એનો અંશ કાઢીશું તો જવાબ આવશે : ·૦૨૩૨૫૫૮૧૩૯૫ ૩૪૮૮૩૭૨૦૯૩.
આ જવાબમાંના આરંભના ૦ (શૂન્ય)ને ન ગણકારીએ તો બાકી રહેતી સંખ્યામાં ૨૦ આંકડા છે. એ વીસ આંકડાને બે સરખા ભાગે વહેંચી દઈએ તો (क) ૨૩૨૫૫૮૧૩૯૫ અને (ख) ૩૪૮૮૩૭૨૦૯૩.

હવે પ્રથમ ભાગ (क)ને ૨ થી ભાગો અને શેષ વધે તે કાઢી નાખો. આ જ રીતે બીજા ભાગ (ख)ને ૩ થી ભાગો અને તેમ કરતાં વધતી શેષને કાઢી નાખો. જવાબ :


(क) ૧૧૬૨૭૯૦૬૯૭ (શેષ ૧, તે કાઢી નાખી).
(ख) ૧૧૬૨૭૯૦૬૯૭ (શેષ ૨, તે કાઢી નાખી).

બંને જવાબની રકમ જોઈ ! એક જ છે. —કિશોર ગોરધનદાસ

અત્યાર સુધી મળતા દૂધના પાવડરમાંના લૅક્ટોઝના કારણે, અપૂરતું પોષણ પામતાં કેટલાક દેશનાં બાળકોને તે માફક આવતો નહોતો, અને પરિણામે મળતી સહાયથી તેઓને વંચિત રહેવું પડતું હતું. પરંતુ હવે આહારવિજ્ઞાનીઓએ ગ્લુકોઝ અને ગૅલેક્ટોઝ એમ બે રૂપમાં દૂધની એ સાકરને છૂટી પાડવામાં સફળતા મેળવી છે. આથી પાવડરના દૂધની ઍલર્જીવાળા બાળકોને હવે એ તકલીફ નહિ નડે.

ગોટિંગનના ફૅડરલ ફિશરી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના પ્રો. હાન્સ માને દ. ધ્રુવ પ્રદેશની એક એવી માછલી પેદા કરી છે જેને શરીર પર ભીંગડાં તો નથી જ, પણ અત્યાર સુધી અજ્ઞાત આ માછલીનું લોહી પણ લાલના બદલે સફેદ છે. એના લોહીમાં લાલ કણો નથી. કરોડવાળા દરેક જીવના લોહીમાં ઑક્સિજન ભેળવવામાં લાલ કણો બહુ જ મહત્ત્વના છે. આ અજાણ કુળની માછલી ઠારબિંદુથી પણ નીચા શીતમાનવાળા અતિ ઊંડા ઠંડા પાણીમાં જીવે છે. આટલા શીતમાનમાં અને એટલી ઊંડાઈએ પાણીનું જે મોટું દબાણ તેના શરીર પર લાગે છે તે જ તેને ઑક્સિજન મેળવવામાં સહાય કરે છે એમ મનાય છે.

ડેનવર (કૉલોરાડો)માં ૨૦ માળ ઊંચી એક ઈમારત દુનિયામાં ઇંટના ચણતરથી કરેલી ઊંચામાં ઊંચી ગણાય છે. બહુ ઊંચી ઈમારતોને ટકાવી રાખવા તેના બાંધકામમાં લોખંડનું માળખું અને સિમેન્ટ કૉન્ક્રેટની જરૂર પડે છે. આજે દુનિયામાં આવું ઊંચામાં ઊંચું મકાન શિકાગોનું 'ધ સીઅર્સ ટાવર' છે. તેની ઊંચાઈ ૧૪૫૦ ફૂટ છે ને તેમાં ૧૦૯ માળ છે. ૧૬,૭૦૦ જેટલા માણસો તેમાં કામ કરે છે. જગવિખ્યાત એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ કરતાં પે આ મકાન ૨૦૦ ફૂટ વધુ ઊંચું છે.



આકાશદર્શન

ઉત્તર આકાશમાં 'શૌરિ' નામનું એક તારામંડળ છે. શૌરિ એ કૃષ્ણનું એક નામ છે. આ કૃષ્ણે કાલિય નાગનું દમન કર્યાની કથાથી તો આપણે પરિચિત છીએ. એ ઘટનાને આપણે આકાશમાં અમર કરી દીધી છે. શૌરિ તારામંડળમાં બાલકૃષ્ણનો આકાર કલ્પીએ તો તેના ચરણ તળે દબાએલા 'કાલિય' નાગને ઓળખવો સરળ થઈ જશે. અલબત્ત, એ માટે અવળી દિશાએથી જોવું પડશે. ઉપર નકશામાં એ રીતે જ 'શૌરિ' અને 'કાલિય' તારામંડળોને બતાવ્યાં છે. પશ્ચિમમાં શૌરિને હર્ક્યુલસ (Hercules) અને કાલિયને ડ્રૅકો (Draco)–ડ્રૅગન કહે છે.

કાલિયની ફેણમાં ચળકતો તારો તે તેની આંખ. કાલિયની ગરદનના વળાંક વચ્ચે ક્રાંતિવૃત્ત, એટલે કે આકાશમાં સૂર્યની ગતિના માર્ગનું મધ્યબિંદુ છે. રવિમાર્ગનું આ મધ્યબિંદુ 'કદંબ' નામથી ઓળખાય છે.

કાલિયની પૂછડીમાં 'થુબન' નામે ઓળખાતો એક તારો છે. ત્રણેક હજાર વર્ષ પૂર્વે ઇજિપ્તના પિરામિડો રચાયા ત્યારે ધ્રુવ તારા તરીકે આ 'થુબન'ની ગણના થતી હતી. આજે આપણે જેને ધ્રુવ તારો ગણીએ છીએ તે પણ અધ્રુવ જ છે. પૃથ્વીને મથાળે, એટલે કે આકાશમાં પૃથ્વીની ધરીની ટોચ જે સ્થાને તકાએલી હોય તે સ્થાન ધ્રુવ સ્થાન અને ત્યાં કે તેની વધુમાં વધુ નજીક જે તારો હોય તે ધ્રુવ તારો ગણાય. પૃથ્વીની વિષુવાયન ગતિના કારણે આકાશમાં આ ધ્રુવસ્થાન બદલાતું રહે છે અને આ સ્થાનફેરનું એક ચક્ર ૨૬,૦૦૦ વર્ષે પૂરું થાય છે. આ રીતે એક કાળે થુબન ધ્રુવ તારો હતો. ઈ. ૧૪૦૦૦ની આસપાસ 'અભિજિત' ધ્રુવ તારો મનાશે. પૃથ્વીની ધરી ત્યારે દક્ષિણ તરફ વધુ ઢળતી હશે અને આજે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાંથી જોવા મુશ્કેલ તે દક્ષિણ આકાશના તારાઓનું દર્શન સુલભ હશે. લગભગ ૨૧ હજાર વર્ષ પછી ફરી 'થુબન' ધ્રુવસ્થાને આવશે.



કાલિયના મસ્તકને ચરણ તળે ચાંપી રહેલા 'શૌરિ'ની બંને બાજુ બે તેજસ્વી તારાઓ છે: પશ્ચિમે કિરીટ તારામંડળનો 'કોહિનૂર' અને પૂર્વમાં 'વીણા' તારામંડળનો 'અભિજિત'. આ અભિજિતનો વધુ વિગતે હવે પછી પરિચય કરીશું. શૌરિના મસ્તકના કે મુકુટના સ્થાને જે તારો (Ras Algeth) છે તે આપણા સૂર્ય કરતાં કરોડો ગણો મોટો તારો છે. આપણી સમગ્ર સૂર્યમાળા એક સેકંડના બાર માઈલના વેગે આ શૌરિ તારામંડળની દિશામાં ધસી રહી છે. શૌરિમાં 'મે–૧૩'ની સંજ્ઞાથી ઓળખાતું અને આપણાથી ૨૩,૦૦૦ પ્રકાશવર્ષ દૂર એક સુંદર અને વિખ્યાત તારાગુચ્છ છે. જો કે નરી આંખે તે એ તદ્દન ઝાંખા ટપકા જેવું લાગે છે, પરંતુ બુંદીના લાડુ જેવા તે ગુચ્છમાં ૩૫૦ પ્રકાશવર્ષ જેટલા અંતરના વિસ્તારમાં આપણા સૂર્ય જેવા એકાદ લાખ જેટલા તારાઓ છે, અને હજી બીજા નવા તારા બંધાતા જાય છે.

હવે જરા દક્ષિણમાં પણ જોઈએ. 'ધનુ' રાશિનું તારામંડળ હોય ત્યાં ધ્યાન ખેંચે છે. નકશામાં દર્શાવ્યા પ્રમાણે આ રાશિમાં મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રોની ગણના થાય છે. ક્રાંતિવૃત્ત વિષુવવૃત્તથી વધુમાં વધુ દૂર દક્ષિણે આ ધનુ રાશિમાંથી પસાર થાય છે. અને સૂર્ય જ્યારે—૧૬ ડિસેમ્બરથી ૧૩ જાન્યુઆરી દરમિયાન આ રાશિમાં પહોંચે છે ત્યારે ઉત્તર ગોળાર્ધમાં દિવસો વધુ ટૂંકા થાય છે. છેક દૂરની રાશિ હોવાના કારણે ધનુને અંત્યજ રાશિ ગણી છે. આ તારામંડળને પશ્ચિમમાં Sagittarius કહે છે. રોમન ભાષામાં તેનો અર્થ છે 'ધનુર્ધર વીર'. અને આ તારામંડળના આકારમાં નર-અશ્વ ધનુર્ધરની આકૃતિ કલ્પી છે. જો કે આ મંડળના તારાઓમાં એ કલ્પના ગોઠવવી સરળ નથી. પણ આકાશમાં આ દિશામાં 'એન જી સી–૬૬૧૮'ની સંજ્ઞાથી ઓળખાતી એક મોટી નિહારિકાનો આકાર કંઈક એવો લાગે ખરો.

'શૌરિ' અને 'ધનુ' તારામંડળની વચ્ચેના પટમાં ઝાંખા તારાઓવાળું અને બહુ મોટા પટમાં પથરાએલું 'સર્પધર' નામનું તારામંડળ છે. સર્પધર અથવા ગારુડીના પગ તળે જ ચંપાએલો એક લાંબો 'સર્પ' પણ છે. પણ આ વિશાળ મંડળને આપણે પછી ક્યારેક જોઈશું. દરમિયાન વરસાદથી ધોવાઈને સ્વચ્છ બનેલા વાતાવરણમાં આકાશની કાલિમા અને તેમાં ઝળહળતી આકાશગંગાની તારા-સમૃદ્ધિ અત્યંત પ્રેક્ષણીય બની રહેલી જણાશે.

ધનુ તારામંડળ પાસે આકાશગંગા સૌથી વધુ તેજસ્વી દેખાય છે. ઉપર નકશામાં ટપકાંથી એ વિસ્તાર દર્શાવ્યો છે. આપણા તારાવિશ્વનું ત્યાં કેન્દ્ર હોવાનું મનાય છે. નાનકડું દૂરબીન કે બાયનોક્યુલર હોય તો આ વિસ્તારનું આકાશદર્શન અત્યંત આકર્ષક અને પ્રભાવક બની રહે છે.

આગામી માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

હુમાયુનો મકબરો, ફતેહપુર સિક્રી, સિકંદરા, આગરાની મોતી મસ્જિદ, દિલ્હીની જુમ્મા મસ્જિદ, લાલ કિલ્લામાંના દીવાને આમ અને દીવાને ખાસ વગેરે, મુઘલાઈની જાહોજલાલીની સબૂત આપતી બેનમૂન ઈમારતો છે. પણ આ બધીમાં શિરમોર તો છે તાજમહાલ. શાહજહાંની દિલોજાન બેગમ અર્જુમન્દ બાનુનો સંગેમરમરનો આ મશહૂર મકબરાનું મુખ્ય કામ ઈ. ૧૬૪૫ના આ સપ્ટેમ્બર માસમાં પૂરું થયેલું. દખ્ખણમાં શાહજહાંની સાથે ગએલી બેગમ અર્જુમન્દનું ઈ. ૧૬૩૧ના જૂનમાં ૩૯ વર્ષની વયે બુરહાનપુર મુકામે પ્રસુતિમાં અવસાન થયું ત્યારે એને ત્યાં જ દફનાવેલી, અને છએક માસ પછી શોકમગ્ન શાહજહાં જ્યારે ત્યાંથી આગરા પાછા ફર્યો ત્યારે બેગમના શબને પણ સાથે લઈ આવ્યો અને જમનાને કાંઠે એને દફનાવી તેના ઉપર સંગેમરમરનો ભવ્ય મકબરો બંધાવવા માંડયો. ચારે ખૂણે ચાર નજાકતભર્યા સુંદર પાતળા મિનારાવાળા, સફેદ આરસના ઊંચા ઓટલા ઉપર અસમભુજ, અષ્ટકોણાકારનો આ મકબરો આરસની અતિ સુંદર જાળીઓ, કિંમતી પથ્થરોના જડતરથી કરેલી ફૂલપત્તીઓ અને કાળા આરસમાંથી કોતરીને જડેલાં ધર્મવચનો વગેરેથી શોભિત છે. એની આસપાસના નાજુક હોજ અને ફુવારાવાળો બગીચો તથા ભવ્ય સુંદર પ્રવેશદ્વાર વગેરે સાથેનું સમગ્ર કાર્ય તો તે પછી લગભગ એક દાયકા બાદ પૂરું થયેલું.

—અને આવી જાહોજલાલ સલ્તનતનો છેલ્લો વારસદાર બહાદુરશાહ ઝફર આ જ માસની ૨૭મી તારીખે ઈ. ૧૮૩૭માં દિલ્હીમાં તખ્તનશીન થયો હતો. ૧૮૫૭માં અંગ્રેજો સામેના વિપ્લવમાં આ જ માસની ૧૪મી તારીખે, ચાર ચાર માસના ઘેરા પછી અંગ્રેજોએ દિલ્હી કબજે કર્યું અને નાસીને હુમાયુંના મકબરામાં છુપાઈ રહેલા બાદશાહ બહાદુરશાહને મિરઝા ઈલાહીબખ્શ નામના એક દગાખોરની સહાયથી કેદ કરીને રંગૂન મોકલી દીધો, જ્યાં તેનું બંદી અવસ્થામાં જ અવસાન થયું.

તા. ૨/૧૯૫૧ તિબેટની રાજધાની લ્હાસામાં લાલ ચીનની ફોજે પ્રવેશ કર્યો ને તિબેટના સ્વાતંત્ર્યનો અંત આવ્યો. ત્યાંથી નાસી આવીને દલાઈ લામાએ ભારતમાં આશ્રય લીધો

તા. ૫/૧૯૨૪ મુસ્લિમ છતાં તુર્કસ્તાને પોતાને ત્યાંથી બહુ પત્નીત્વનો રિવાજ દૂર કર્યો.

તા. ૯/૧૯૧૫ હિંદી વિપ્લવવાદી યતીન્દ્ર મુખરજીને કટકની હૉસ્પિટલમાં ફાંસી અપાઈ.

તા. ૧૪/૧૯૪૭ હિંદી સંસ્કૃતિના મહાન અભ્યાસક, પ્રચારક ને કલાકોવિદ ડૉ. આનંદકુમાર સ્વામીનું અમેરિકામાં અવસાન.

તા. ૧૫/૧૮૭૬ બંગાળી નવલસમ્રાટ સ્વ. શરદ્‌ચંદ્ર ચટ્ટોપાધ્યાયનો દેવીનંદપુરમાં જન્મ.

તા. ૧૭/૧૫૩૩ પોતાની ભિખારી મુત્સદ્દીગીરી, હિંમત ને બુદ્ધિબળે ઈંગ્લૅન્ડને રાજકીય કટોકટીમાંથી ઉગારીને તેનું ગૌરવ વધારનાર રાણી ઇલિઝાબેથ-પહેલીનો ગ્રીનિચ મુકામે જન્મ.

ઈ. ૧૯૩૮માં આ જ માસની ૨૭ તારીખે બ્રિટનમાં ક્લાઈડ બૅંક મુકામે જ્હૉન બ્રાઉન ઍન્ડ કંપની લિમિટેડે એક વિશાળકાય સ્ટીમરને બાંધણી માટે પાણીમાં તરતી મૂકી. હજી એનું કામ પૂરું નહોતું થયું ત્યાં વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, એટલે બૉંબમારાથી બચાવવા એને ભુંજડા રંગે રંગીને અતિશય ગુપ્તતાથી આટલાંટિક પાર છેક ન્યૂ યૉર્ક પહોંચાડી દીધી બાકી રહેલું કામ ત્યાં પૂરું કરવામાં આવ્યું, ને યુદ્ધના કારણે એને અજમાયશી સફર કરાવ્યા વિના જ સિંગાપોર મોકલી દેવાઈ. ત્યાં એને સૈનિકોની હેરફેરના કામે લગાડવામાં આવી. યુદ્ધ દરમિયાન ૪,૯૨,૬૩૪ માઈલની સફરો ખેડીને તેણે ૮,૧૧,૩૨૪ સૈનિકોની હેરફેર કરેલી. માત્ર ચાર જ દિવસમાં આખો આટલાંટિક મહાસાગર પાર કરવાની એની ક્ષમતાને કારણે માત્ર એક જ ક્રુઝરના રક્ષણ તળે એ સાગર ખેડતી. યુદ્ધની સેવામાંથી મુક્તિ પામ્યા બાદ એને નવો અને ખરો ઓપ મળ્યો, અને દુનિયાની મોટામાં મોટી એ પ્રવાસી સ્ટીમર 'ક્વીન ઇલિઝાબેથ'નું જ નામ પામી જગવિખ્યાત બની. ૮૩,૬૭૩ ટન વજનની, ૯૮૭ ફૂટ લાંબી અને ૧૧૮ ફૂટ પહોળી; ૨૨૦૦ પ્રવાસીઓ અને ૧૨૫૦નો કાફલો લઈ શકે તેવી ૨,૦૦,૦૦૦ અશ્વબળથી ચાર પંખા વડે ચાલતી એ 'રાણી'માં વિશાળ સુંદર ખંડો, તરવાના હોજ, દુકાનો, બૅંક, પોસ્ટ ઑફિસ, સિનેમા, વ્યાયામ શાળા, બાળકોને રમવાનો ખંડ વગેરે જેવી ઉત્તમોત્તમ સુવિધાઓ હોવા છતાં યે આજના જેટ વિમાનોની હરીફાઈમાં એ ખોટમાં ચાલતી હતી. અંતે વર્ષો જૂની સાગરસેવા બાદ તેને હોંગકોંગ ટાપુમાં પરવાળાના બેટ પર એક હોટલના રૂપે રાખવા માટે સાગરી સફરોમાંથી નિવૃત્તિ આપવામાં આવી.



એક ઇજિપ્શીઅન અને એક ભારતીય પુરાતત્ત્વવિદ્ પોતપોતાના દેશની સરસાઈ સ્થાપિત કરવા પર ચડયા હતા. 'અમારા તાજેતરના એક ખોદકામમાં અમને લાંબાં લાંબાં દોરડાં મળી આવ્યાં છે. તે પરથી અમે એવા તારણ પર આવ્યા છીએ કે એ કાળમાં પણ અમારે ત્યાં કોઈક પ્રકારની ટેલિફોન પદ્ધતિ અસ્તિત્વમાં હશે.'

ઇજિપ્શીઅને કહ્યું.

એ સાંભળીને ભારતીય સ્વજને કહ્યું: 'અમે ક્યાંય સુધી ઊંડે ને ઊંડે ખોદ્યા કર્યું પણ ક્યાંય એકેય દોરડું જણાયું નહિ. આથી અમે એવા તારણ ઉપર આવ્યા છીએ કે ભારતમાં ત્યારે પણ વાયરલેસ પ્રચલિત હતો.'

'કેમ હમણાં હિંમત દેખાતો નથી. પહેલાં તો રોજ નદીએ નહાવા આવતો.'

'તને ખબર નથી. તે દિવસે એણે પેલી છોકરીને ડૂબતી બચાવી હતીને, તેની સાથે એણે લગ્ન કર્યાં છે.'

'એમ! પણ એમાં નદીએ આવવાનું શા માટે બંધ કર્યું?'

'હવે, એને નદીના નામ પ્રત્યે યે નફરત થઈ ગઈ છે.'

'વર્ષો સુધી મેં અને મારી પત્નીએ બહુ સુખ-શાંતિમાં દિવસો ગાળ્યા હતા.'

'તો પછી શું થયું?'

'પછી અમે પરણી ગયાં.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')


મન મક્કમ મજબૂત જેમનાં હૃદય વિશાળ મહાન
સાચી શ્રદ્ધા સાથ બાવડાં કામગરાં બળવાન.

— મકરન્દ દવે

અમદાવાદની એચ. એલ. કૉમર્સ કૉલેજના દાયકાઓ સુધી આચાર્યપદે રહેલા સ્વ. સુરેન્દ્ર દેસાઈ જેવા તેજસ્વી શિક્ષક અને કડક તથા કટુભાષી શિસ્તાગ્રહી હતા તેવા જ વિદ્યાર્થી-વત્સલ પણ હતા. એક વાર એક વિદ્યાર્થીનો તેમણે દંડ કર્યો તે ભરવાને અશક્ત વિદ્યાર્થી તેમની પાસે માફ કરાવવા કરગર્યો ત્યારે તેમણે પોતાની પાસેથી દંડની રકમ કાઢીને તેના હાથમાં મૂકી કહ્યું: 'દંડ તો તમારે ભરવો જ પડશે, આ લઈને ભરી દો.'

કહેવતોનો અર્થ: 'લૂણી ભેગી ગ્રોને તાણી જાય' —લૂણીની ભાજીનાં મૂળ ધરો જેવાં મજબૂત જામતાં નથી, તેથી પૂર આવે ત્યારે લૂણી તણાય તેની સાથે નબળાં પડેલાં મૂળવાળી ગ્રો પણ (તેની ભેડે ગૂંચવાએલી હોવાથી) તણાઈ જાય, એ ઉદાહરણ લઈને આ કહેવત, બૂરા માણસની સાથે તેના પાપે સારા માણસોને પણ થતું નુકસાન દર્શાવવા વપરાય છે. તેને મળતી બીજી કહેવતો: 'સૂકા ભેગું લીલું બળે'; 'પાપડી ભેગી ઈયળ બફાય' વગેરે.

ચોમાસામાં ટપાલની ટિકિટો સામસામી ઘણી વાર ચોંટી જાય છે. લોઢાના કટકાને સહેજ તપાવી તેના પર ટપાલની ટિકિટો દબાવી રાખવાથી સહેલાઈથી ઊખડી જશે.



આ નાની આકૃતિની સમૃદ્ધિ જાણી તમે અજબ થશો. એમાં ૨૪૬ ત્રિકોણ, ૫૧ ચતુષ્કોણ ને ૧૨૦ ખૂણા સમાએલા છે!


अनित्यं यौवनं रूपं
जीवितं द्रव्यसंचयः ।
अैश्वर्यं प्रियसंभाषो
मुह्येत्तत्र न पंडितः ॥

યુવાવસ્થા, રૂપ, જીવન, દ્રવ્યનો સંગ્રહ, ઐશ્વર્ય અને પ્રિય સંભાષણ—એ બધું નાશવંત હોવાથી વિદ્વાન પુરુષે તેમાં મોહિત થવું જોઈએ નહિ.



ટિકિટકથા: શેટલૅન્ડની વાયવ્યે ફેરો ટાપુઓ ઈ. ૧૩૮૦થી ડેનિશ રાજ્યનો ભાગ ગણાતા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીએ કબજે કર્યા હતા. ૧૯૪૦માં બ્રિટિશ દળોએ તેને છોડાવ્યા ત્યાં સુધી તો એ ટાપુઓની પોતાની ટપાલ-ટિકિટો નહોતી. તે પછી પ્રારંભમાં ચાલુ ડેનિશ ટિકિટો પર નવી કિંમત છાપીને તેનો ઉપયોગ કર્યો. બહુ ઓછી સંખ્યામાં એ ટિકિટો હતી એટલે આજે તો એ દુષ્પ્રાપ્ય જેવી છે. બ્રિટિશોના ગયા પછી યે ત્યાં ડેનિશ ટિકિટો વપરાતી રહેલી, અંતે ૧૯૭૫માં ત્યાંની પોતાની પ્રથમ ટિકિટો બહાર પડી. એ ટિકિટો પર સ્થાનિક દશ્યો, વનપંખીઓ, મછીમાર હોડીઓ વગેરેનાં ચિત્રો હતાં. ૧૯૮૦ પાંચ ટિકિટની એક માળા બહાર પડી જેમાંની આ એક છે. 'લેડીઝ મૅન્ટલ' નામના એક છોડનું તેના પર ચિત્ર છે.

આકડાનાં પાકાં પાન સૂકવીને કરેલો ધુમાડો માંકડ મચ્છર ને ઉંદર સુધ્ધાંનો નાશ કરનાર છે.



કલાકણિકા: કાપડ પર છાપવા માટેના બિહારના કાષ્ઠબીબાની છાપ. ફૂલપાનના પ્રાકૃતિક આકારોને સહેજ મઠારીને સમરૂપતા આણી પ્રકટાવેલું સરળ સાદું કલાકૌશલ.

અનેકાર્થી શબ્દ: અક્ષ: અક્ષય, અવિનાશી, રમવાનો પાસો, માળાનો મણકો, ધરી (ચક્રની કે પૃથ્વીની), આંખ, જ્ઞાનેન્દ્રિય, ગણિતમાં કોઈ સ્થાન નક્કી કરવા કાટખૂણે કલ્પાતી મૂળ રેખાઓ, વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ કોઈ પણ જગાનું ગોળીય અંતર.

ગંઠોડા

ઊંઘ લાવવા માટે પીપરીમૂળનું ચૂર્ણ ગોળમાં આપવું. સુવાવડમાં પીપરીમૂળની રાબ આપવી. ધાવણ વધારવા પીપરીમૂળ ને મરી પીવાં. ચક્કર આવે તો પીપરીમૂળનું ચૂર્ણ મધમાં ચાટવું. ગેસમાં પીપરીમૂળનું ચૂર્ણ મધમાં આપવું. પગ તૂટતા હોય તો ગંઠોડા ચાટવા.

હેડકી ઉપર એક ચમચો ખાંડ ફાકી જાજો; યા એક ગાંગડો સાકરનો ધીમે ધીમે ચૂસી જોજો. હિમ જેવું ઠંડુ પાણી ધીમે ધીમે ચૂસી લઈને પીવાથી પણ મટશે એમ કહેવાય છે.

ભાતમાં પાણી બહુ પડી ગયું હોય તો કાઢવા જેટલું કાઢીને ફેંકી ન દેતાં, ચડતી દાળમાં નાખી દેવું. દાળ મીઠી અને સત્ત્વવાળી બનશે.

રબરસ્ટૅમ્પના પેડ ઉપર શાહી જલદી સુકાઈ જતી હોય તો થોડું ગ્લિસરીન ચોપડજો. પૅડ નરમ અને તાજું રહેશે.

મનુષ્ય જે કાંઈ ખાય છે તેનાથી નહિ પણ જે કાંઈ પચાવી શકે છે તેનાથી બળવાન થાય છે;
જે કાંઈ કમાય છે તેનાથી નહિ, પણ જે કાંઈ બચાવી શકે છે તેનાથી ધનવાન બને છે;
તે જે કાંઈ વાંચે છે તેનાથી નહિ, પરંતુ જે કાંઈ યાદ રાખે છે તેનાથી વિદ્વાન બને છે;
જે કાંઈ ઉપદેશે છે તેનાથી નહિ, પણ જે કાંઈ આચરણ કરે છે તેનાથી ધર્મવાન બને છે.

લૉર્ડ બેકન

સાહિત્યસંપર્ક

[અનુસંધાન પૃષ્ઠ ૨૭૫થી]

નવાં પ્રકાશનો

ધીરુ પરીખ

વ્રજવલ્લભ: શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પૂર્વાર્ધમાંથી ભગવાન કૃષ્ણચંદ્રનો મહિમા ગાતા કેટલાક પ્રસંગોને અહીં ગુજરાતીમાં અનુવાદિત કરીને મૂકવામાં આવ્યા છે તે સહુ કૃષ્ણપ્રેમી ભક્તોને રસપ્રદ બની રહેશે. આનું સંકલન કર્યું છે શ્રી હસમુખ શાહે. ભાષાનું સારલ્ય એની વાચનક્ષમતા વધારે છે. (પ્રાપ્તિસ્થાન: શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રીતમનગર પહેલો ઢાળ, એલિસબ્રિજ, અમદાવાદ-૬. કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૫)

પ્રાચીન કાવ્યશાસ્ત્ર: સંસ્કૃતમાં લગભગ દોઢેક હજાર વર્ષ દરમિયાન કાવ્યશાસ્ત્રની ચર્ચા અનેક આચાર્યોએ કરી છે તેનો ઐતિહાસિક રેખાબદ્ધ હેવાલ આપી, મુખ્ય કાવ્યસિદ્ધાંતોનો સવિગત અને વિશદ પરિચય કરાવી આપતા ર. પં. કંગલેના મરાઠી પુસ્તકના ગુજરાતી અનુવાદકો છે સર્વશ્રી જશવંતી દવે અને જયા મહેતા. કાવ્યશાસ્ત્રમાં પ્રવેશ કરવા માગતા સામાન્ય વાચકને રસપ્રદ થાય એવી એની લખાવટ અને કાવ્યશાસ્ત્રના મૂળ ગ્રંથો પ્રતિ જિજ્ઞાસા જન્માવે તેવી તેની રજૂઆતને લઈને આ અનુવાદ આવકાર્ય છે. (વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પાકું પૂઠું, પૃ. ૨૩૦, રૂ. ૧૨)

અહેરાઓના વનમાં: ૩૪ જેટલા સર્જકો—ગાંધીજી, હરમન હેસ, રવીન્દ્રનાથ, ખાંડેકર, મડિયા, મરીઝ, ચં.ચી., દલપતરામ, પ્રિયકાંત મણિયાર, જગદીશ જોષી, કાંતિ મડિયા—ના સર્જક વ્યક્તિત્વના દ્યોતક અને ભાવંત સાહિત્યિક લઘુ નિબંધોના આ સંગ્રહમાં શ્રી સુરેશ દલાલે સાહિત્ય ઉપરાંત અન્ય ક્ષેત્રના કસબીઓને પણ સાંકળી લીધા છે. (પ્રકા૦ ઉપર મુજબ, કાચું, પૃ. ૧૪૮, રૂ. ૯)

સાવ એકલો દરિયો: ૨૪ સાહિત્યિક લઘુ નિબંધોના આ સંગ્રહમાં શ્રી સુરેશ દલાલે 'કવિતામાં વ્યક્ત થતી વર્તમાન જીવનની સમસ્યા', 'મુંબઈ', 'અમદાવાદ', 'કાગડો', 'દિવાળી ને લાલ માટી', 'વ્યાખ્યાન, વાતચીત, વાત, લઢણ!' જેવાં શીર્ષકો નીચે સ્થળવિશેષ કે કોઈ મુદ્દાવિશેષને ગભીર રીતે ચર્ચ્યો છે પણે સ્થળે વેદનાયુક્ત કટાક્ષની ધાર નીકળેલી જોઈ શકાશે. કાવ્યમય શૈલી અને કલામય રજૂઆત આ નિબંધોને આસ્વાદ્ય બનાવે છે. (પ્રકા. ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૧૧૮, રૂ. ૮)

મહાભારતનો મર્મ: જાણીતા સર્જક-ચિંતક શ્રી મનુભાઈ પંચોળી–'દર્શક'-એ સ્વ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળામાં આપેલાં ત્રણ વ્યાખ્યાનોનો આ સંપુટમાં મહાભારતનો જીવનસંદેશ આધુનિક યુગચેતના સાથે કેટલે અંશે કદમ મિલાવી શકે છે તે એમણે સચોટતાથી તારવી બતાવ્યું છે. જરૂર જણાઈ ત્યાં ત્યાં અનેક ઉદ્ધરણોથી વ્યાખ્યાનોને સભર કરી વધુ અર્થ્ય બનાવ્યાં છે. (પ્રા. સ્થા. બાલગોવિંદ કુબેરદાસની કું., ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૧૨૬, રૂ. ૬-૫૦)

રઘુવંશ: કવિ કુલગુરુ કાલિદાસના મહત્ત્વપૂર્ણ કાવ્ય રઘુવંશનો ગુજરાતીના જાણીતા કવિ પ્રજારામ રાવળે અહીં સરળ અને સમશ્લોકી અનુવાદ આપ્યો છે તે સંસ્કૃત નહિ જાણનાર કાવ્યરસિકોને માટે ખૂબ જ આનંદપ્રદ ઘટના છે. મૂળ શ્લોકને બને તેટલા વફાદાર રહી એમણે જે અનુવાદ કર્યો છે તેમાં અનુવાદકનાં ભાષાપ્રભુત્વ ને છંદપ્રભુત્વ પણ અછતાં રહેતાં નથી. (પ્રકા. ભાષાંતર નિધિ, બળવંત ભવન, ભાવનગર ૧. પાકું પૂઠું, પૃ. ૫૪૪, રૂ. ૧૮)

અખંડ દીવો: શ્રી લીના મંગળદાસે લખેલી વ્યક્તિ-કુટુંબ જીવનની આસપાસની આ કથા માત્ર કુટુંબકથા ન રહેતાં, અંગ્રેજ રાજ્યના ઉદયકાળે દેશની સ્થિતિનાં ચિત્રો અને તેને પરિણામે નવભારતના પ્રાણના સળવળાટની તસવીર આમાં સરસ રીતે ઝિલાયાં છે. લેખિકાની પ્રાસાદિક શૈલીએ સુંદર શબ્દચિત્રો અનેક સ્થળે વેરી આપ્યાં છે. પ્રથમ પૃષ્ઠ પર જ વૈધવ્ય મંડિત મમીનું કેવું સુઘડ ને સંવેદનશીલ ચિત્ર અંકાયું છે! રસપૂર્વક વાંચવી ગમે તેવી કથા. (પ્રકા. શ્રેયસ પ્રકાશન, શારદા સોસાયટી, રેલવે ક્રૉસિંગ પાસે, અમદાવાદ-૧૫. કાચું પૂઠું, પૃ. ૧૨૨, રૂ. ૬-૫૦)

આપણો ડેરી-ઉદ્યોગ: શ્રી શિવાભાઈ જે. પટેલ કૃત આ પુસ્તક આજે વિકસતા જતા ડેરી-ઉદ્યોગના સમયમાં તે ઉદ્યોગની ઐતિહાસિક-દસ્તાવેજી ઝલક પૂરી પાડે છે તે તદ્વિદોને અને જિજ્ઞાસુઓને ઉપયોગી વાચન-સામગ્રી આપી રહેશે. (પ્રાપ્તિસ્થાન: મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય પ્રેસ, રાજમહેલ રોડ, વડોદરા-૧. કાચું, પૃ ૧૨૨, રૂ. ૧૩)

ભગ્નમૂર્તિ: મરાઠીના જાણીતા કવિ આત્મારામ રાવજી દેશપાંડે 'અનિલ'ના દીર્ઘકાવ્યનો શ્રી વસંત જોષીએ કરેલો આ ગુજરાતી અનુવાદ ગુજરાતી કાવ્યરસિકોને એક સારી રચનાનો પરિચય કરાવી જાય છે. માત્ર કથાનિરૂપણ નહિ, પણ તેના કેન્દ્રમાં રહેલા ભાવાંબીજને વિકસાવતી આ ઊર્મિમય પ્રલબ રચના હોઈ અને આધુનિક કવિતાનું વિશ્લેષણાત્મક રૂપ તેમાં વ્યક્ત થતું હોઈ સહુને રસપ્લાવિત કરે તેવું છે. (પ્રકા. સાહિત્ય અકાદમી, રવીન્દ્ર ભવન, ૩૫, ફિરોઝશાહ રોડ, નવી દિલ્હી-૧. કાચું પૂઠું, પૃ. ૮૩, રૂ. ૫)

કરાટે કુંગફૂ: જપાનની અનોખી યુદ્ધકળા અર્થાત્ સામના માટેની નિઃશસ્ત્ર રક્ષણકળા તરીકે આજ કરાટે કુંગફૂનો મહિમા-પ્રચાર વધતો જાય છે ત્યારે શ્રી પ્રેમનાથ મહેતાએ તૈયાર કરેલું આ સચિત્ર અને માહિતીપ્રદ પુસ્તક વ્યાયામ રસિયાઓ તેમ જ અન્યોને પણ ઉપયોગી થઈ પડશે. (પ્રકા. રૂપાલી પબ્લિકેશન, પીરમહમદશાહ મેન્શન, ઘીકાંટા ક્રૉસિંગ, રિલીફ રોડ, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૧૧૪, રૂ. ૧૫)

ચરકનો સ્વાધ્યાય-૨: જાણીતા વૈદ્ય શ્રી બાપાલાલે ભારતીય આયુર્વેદાચાર્ય ચરકના શાસ્ત્રનો સ્વાધ્યાય રજૂ કર્યો છે. પ્રથમ ખંડના અનુસંધાને અહીં આવતાં પ્રકરણો ૨૧ થી ૨૮માં ફાર્મસી, શારીર, રોગ: વ્યાધિ, ગર્ભાવક્રાન્તિ, પ્રકીર્ણ, ચરકસંહિતાની ભૂગોળ, કેટલાક શબ્દોના અર્થો તથા આહારનું યત્કિંચિત્ વગેરે માહિતીઓ પૂરી પડાઈ છે, જે આયુર્વેદમાં રસ ધરાવનાર સહુને તેમ જ અન્ય જિજ્ઞાસુઓને ઉપયોગી થઈ પડશે. (પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૧૮૫૯, રૂ. ૯૬)

સૌરભ: શ્રી નરોત્તમ વાળંદના આ વિવેચનસંગ્રહમાં વિવિધ વિષય ને વિવિધ કર્તા-કૃતિઓ પરના ૧૭ સ્વાધ્યાયો રજૂ થયા છે તે લેખકની અધ્યયનશીલતાના દ્યોતક છે. ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી આ વિવેચન સંગ્રહમાં 'છેલ્લા પાંચ દાયકાનું ગુજરાતી હાસ્યસાહિત્ય', 'વિચારપ્રધાન કવિતા', 'પ્રતિકાવ્ય', 'કાંતનું ગદ્યસાહિત્ય' આદિ લેખો નોંધપાત્ર છે. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પાકું, પૃ. ૨૧૨, રૂ. ૧૪)

યત્કિંચિત્: શાસ્ત્રી હરિશંકર પ્રભાશંકર ત્રિવેદીના ઇતિહાસ વિષયક ૧૭ લેખોના આ સંગ્રહમાં એમની સૂઝ અને શોધવૃત્તિનો સુપેરે પરિચય મળી રહે છે. 'વડનગરનું સાચું સ્થાન કયું?', 'સૌરાષ્ટ્રના અભિલેખોમાં શિવમંદિરો', 'જૂનાગઢ મ્યુઝિયમના કેટલાક અપ્રસિદ્ધ શિલાલેખો', 'માણેકરાસો', 'હમીરજી ગોહિલની મૃત્યુસાલ અંગે' વગેરે લેખોમાં એમનો શ્રમ અને સંશોધન-સૂઝનાં દર્શન થયા વગર રહેશે નહિ. (પ્રકા. પોતે જ, ત્રવાડી ફળિયું, પ્રભાસપાટણ. કાચું, પૃ. ૨૧૮, રૂ. ૧૨)